પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૨ ॥

ॐ

नमो अरिहंताणं

नमो सिद्धाणं नमो आयरियाणं

नमो उवज्झायाणं नमो लोए सव्वसाहूणं

एसो पंच नमुक्कारो

सव्व पावप्पणासणो

मंगलाणं च सव्वेसिं

पढमं हवइ मंगलं ।

ऽर्हं

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

# પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યની પટ્ટપરંપરા



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી
**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન




પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત
**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન



પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન



પરમ પૂજ્ય અધ્યાત્મયોગી
**પંન્યાસપ્રવરશ્રી**
**ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

નો વિષય હતો
એટલે ગોઠવાયેલી ઓપરેશન હતો
નિશ્ચલ મનથી વિષય સાથે – ઈન્દ્રિય
ઓપરેશનથી રાખેલ સાથે – પરમેશ્વર
એટલે પ્રભુને શરણે જવું છે
તેથી એટલે પરમેશ્વર – પરમેશ્વર
તે જીવના છૂટકારા માટે પરમેશ્વરમાં સાથે
રૂપ સ્વરૂપ અહીં એક ચેતના છે
તેથી ગુરુકૃપાથી નિશ્ચયનો વિચાર કરીને
આપ કહેલું એટલે સંસાર છે તે
પરમાત્મા એટલે તેને ગોઠવેલ છે
સાધન નથી કે મુક્તિ કરવા માટે
કહેવું કે પરમાત્મા સાથે – સાધન – એક
ઠેકાણે એક બુદ્ધિ નાશ કરવા માટે સા-
ધન છે મનનું

## ઉપાસના

ઓપરેશન લોકો તેમાં સાધનાનો
ને પ્રયોજન કેવળ આપે તે ઉપાસના –
ભાવના પ્રયોજન કરે એવું –
ભિન્ન ભિન્ન ગ્રંથોમાં ઉપચાર – એ
ઉપાસના – ઉપાસના સાથે જે એક
સાધના ભગવાન પાસે ~~એક~~ ઉપાસના
માંગવી તેને તે ભક્તિ છે

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૨ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

- HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- VOLUME - 12

October 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

- PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

- SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

- ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

- eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

- SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


- ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# અધ્યાત્મ જગતનાં અલૌકિક પ્રદેશમાં વિચરણ...



પંન્યાસજી મહારાજનાં અધ્યાત્મ જગતનાં અલૌકિક પ્રદેશમાં વિચરણ કરાવતો ચિંતનનો રસથાળ જિજ્ઞાસુઓને મળી રહ્યો છે. તેઓનાં અંતરંગ, અજ્ઞાત, અપ્રસિદ્ધ પાસા આ ગ્રંથોમાં આગવી રીતિએ ઉઘડે છે. જૈન સાધુતાની ગરિમાભરી છબી આ સર્વ ભાગમાં આદર્શપણે અંકિત થઈ રહી છે. પંન્યાસજી મહારાજની સ્યાદ્વાદ ભાવિત સર્વ સમાવેશક દ્રષ્ટિના આમાં આપણને પૂર્ણપણે દર્શન થઈ રહ્યા છે.

''અમૃતકુંભ સમા 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૧૦-૧૦ ભાગ પ્રકાશિત થઈ ગયા! અમે તો વિહારમાં એ ગ્રંથો જોયા ત્યારે ખુબ જ આનંદાશ્ચર્ય થયું કે આ અમૃતકુંભ હજુ અમને કેમ નથી મળ્યા?'' આવી અત્યંત ભાવભીની ફરીયાદોથી ભીંજાયેલા અને ''આ અપ્રકાશિત નવલા નજરાણાંને શ્રીસંઘ સમક્ષ પ્રસ્તુત કરવાના સ્તુત્ય પ્રયાસોની ખુબ અનુમોદના.'' આવા પત્રો વાંચતા થાય કે આ ઉત્તમ-નિર્મળ-આત્મસંબંધી એવં મૈત્ર્યાદિ ભાવયુકત ચિંતનો કેવા કેવા ઉત્તમ જીવોને આત્મસ્થ બનાવી રહ્યા છે!

હમણાં અમારા મહાત્માનાં હાથમાં એક ડાયરી આવી. તેઓ તો ખુશખુશાલ થઈ ગયા. જોયું તો તેમાં સાહેબજીએ સ્વહસ્તે લખેલું કેઃ 'પરોપકારનાં શાસ્ત્રપાઠો, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ સહિત પરગત મૈત્રીનાં પાઠો, પ્રકીર્ણ પાઠો, અનુગ્રહ અંગેના પાઠો તથા વિચારણીય મુદ્દાઓ (છ પાનાં ભરીને) આદિનું લખાણ સં.૨૦૧૯માં ઉપરીયાળાજી તીર્થમાં ઋષભદેવ ભગવાનની છત્રછાયામાં કર્યું.' આ વાંચીને એમ વિચારતાં હૃદય દ્રવિત થઈ ગયું કે કેવા દયા-પરોપકાર આદિ વિશિષ્ટ ગુણોથી સાહેબજીનું હૃદય સદાકાળ ભાવિત રહેતું હશે!

આ વાંચીને બે પ્રશ્નો પણ થયા કેઃ
પ્રભુ સંગેના તેઓના સંબંધની કેવી તો શહેનશાઈ હશે કે નિત્ય સવારે પ્રભુ સાથેની ગોષ્ઠિ પછી ઉપાશ્રયે પરત આવતાં જ તેઓની કલમને શાહીનાં ઘોડાપુર આવતા હશે અને બીજો પ્રશ્ન થાય કે મહાન અધ્યાત્મનિષ્ઠ સમી સર્જકતા અને છતાં ઉત્તમ માનવ્યને છાજે તેવી સરળતાનો સમન્વય તેઓએ કેમ કરી સાધ્યો હશે?

એ ડાયરીમાં ૯૦% તો શાસ્ત્રોમાં ગૂંથેલા સંસ્કૃત અને પ્રાકૃત શ્લોકોને જ સંગ્રહીત કરેલા છે. કેટલું હશે તેઓનું શાસ્ત્ર સંશોધન! આજે આ કાળમાં એ શાસ્ત્રપાઠોની આપણને સૌથી વધુ જરૂરત છે અને ત્યારે જ આપણા હૃદયને સ્પર્શે અને આપણને લાભ થાય તે માટે સહજ રીતે ગુરુકૃપાથી જ આ ડાયરીઓ ખૂલી રહી છે. આટલાં વર્ષો આ ડાયરીઓ જાણે ક્યાંય ભંડારાઈ ગયેલી, કિન્તુ કાળ પણ જાણે આપણાં સુયોગ્ય પૂણ્યોદયની વાટ જોઈને બેઠો હશે તેવું પ્રતીત થયા વિના રહેતું નથી.

ધર્મ કલ્પવૃક્ષનાં મૂળ સુધી લઈ જતી આ ડાયરીઓનાં ઉત્તમ સંકલન, મુદ્રણ તથા વિતરણ સુધીની બધી જ આર્થિક જવાબદારીઓ વહન કરનાર પૂજ્યપાદ્ સાહેબજીનાં અંતરંગ ભક્ત એવા મુંબઈનાં સુશ્રાવક **સી.કે.મહેતા**ની ઉદારતાને ધન્ય છે.

નમસ્કાર મહામંત્ર ચિંતક એવા રાજકોટનાં અમારા શ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની અત્યંત ભાવુકમના **ભારતીબેન**ની દિવસ-રાતની મહેનતનું પરિણામ એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'. છ-સાત દાયકાઓ જૂની એકદમ ગળી ગયેલા પાનાંવાળી ડાયરીઓની સ્કેન કોપીમાંથી સાચવી-સંભાળી તૈયાર કરીને સારા-હળવા કાગળમાં, ઉત્તમ રીતે પ્રિન્ટ કરી આપણા સુધી પહોંચાડવાની તેઓની શ્રમગાથા ખરેખર જ દાદ માંગી લે તેવી છે.

આનંદ તો એ છે કે દર મહિને એક-એક ભાગ પ્રગટ થઈ રહ્યા છે અને હાથમાં આવતા જ અનુભૂતિ થાય છે કે સાહેબજી પ્રત્યક્ષ શબ્દદેહે ફરી પધાર્યા.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

ઑક્ટોબર, ૨૦૧૮
ઓશવાળ કોલોની, જામનગર.

# તે અવિસ્મરણીય ૧૮ દિવસો...



૪૪ વર્ષ પહેલાંની એક નાનકડી ડાયરી છે મારી પાસે, જેમાં પૂજ્ય પંન્યાસજી મહારાજનો દ્રષ્ટિસ્પર્શ છે તથા તેમણે સ્વહસ્તે લખેલી આલોચના છે.

હું તો ફક્ત બે દિવસ માટે સાહેબજીની નિશ્રામાં રહેવા **ફાલના, રાજસ્થાન** ગયેલો. નીકળતી વખતે વંદન કરવા ગયો ત્યારે સાહેબજીએ સહસા પૂછ્યુંઃ 'સી.કે., કાલથી ઉપધાન તપ શરૂ થાય છે. અઢારિયું કરી લેવું છે?' મેં કહ્યુંઃ 'સાહેબજી, હું તો મારી સાથે કાંઈ લાવેલ પણ નથી. ઘરે પણ કહ્યું નથી...' ઉત્તર મળ્યોઃ 'ઘરે તો હજુ હવે પણ કહેવાઈ જશે અને સાથે એક ધોતિયું અને કટાસણું તો છે ને? બસ, બીજું કાંઈ જ નહીં જોઈએ.' હું તો ગુરુવચન 'તહત્તિ' અને 'करिष्ये वचनं तव' એમ બોલીને રોકાઈ ગયો. ને બસ! ગુરુકૃપાથી પછી તો શું અશક્ય હોય?

તે ૧૮ દિવસ મારા જીવનનાં સૌથી અવિસ્મરણીય દિવસો બની રહ્યાં. વિધિસહિત નવકાર લીધો અને એકવાર કટાસણાં નીચે કીડીઓ મરી ગયેલ, તેની આલોચના પણ ગુરુમહારાજે સ્વહસ્તાક્ષરમાં મારી પેલી નાની ડાયરીમાં લખી આપી.

આજે હવે એક જ ઈચ્છા શેષ છેઃ

ગુરુમહારાજની નિશ્રામાં પુનઃ એવી જ અપૂર્વ આરાધના કરવાની!

**ગુરુમહારાજ! તમે મારી આ ઈચ્છા પૂરી તો કરશો ને?**

ઑક્ટોબર, ૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા









સરસ્વતિ ! નમસ્તુભ્યં, મુક્તિ ભુક્તિ પ્રદાયિનિ ।
ત્વં ચિત્યનવતી પૂર્ણા, આયાહિ મમ ચેતસિ ॥

## પ.પૂ. દાદાગુરૂ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

(૧) જન્મસ્થળ : ઝીંઝુવાડા, પાટડી નજીક નવકોશ.
(૨) પિતા-માતા : પિતા જુઠાભાઈ-માતા નવલબાઈ.
(૩) જન્મ : સં. ૧૯૨૪, કારતક સુદ ૧૪.
(૪) દીક્ષા : સં.૧૯૪૬, માગસર સુદ ૯, ઘોઘા.
(૫) દીક્ષાગુરૂ : ઉપા. શ્રી વીરવિજયજી મહારાજ.
(૬) ગૃહસ્થપણાનાં : દીપચંદ નામ.
(૭) સાધુપણાનાં : દાનવિજયજી નામ.
(૮) ગણિ પદવી : સં.૧૯૬૨, માગસર સુદ ૧૧.
(૯) પંન્યાસ પદવી : માગસર સુદ ૧૫, ખંભાત.
(૧૦) આચાર્ય પદવી : સં.૧૯૮૧, માગસર સુદ ૯, છાણી.
(૧૧) વિજય કમલસૂરીશ્વરજી મહારાજના બે પટ્ટધર :
પૂ. શ્રી દાનસૂરીશ્વરજી અને શ્રી લબ્ધિસૂરીશ્વરજી.
તેઓ બંનેને એક જ દિવસે આચાર્યપદારોપણ થયું.

### સ્વર્ગવાસ

તા: ૨૬-૧-૧૯૩૬ની રાત્રિએ ૯:૨૫ કલાકે પાટડી મુકામે
મુનિ શ્રી મનોહરવિજયજી, કનકવિજયજી આદિ
ઠાણા ૧૧ની હાજરીમાં
સં.૧૯૯૨, મહા સુદ ૨, રવિવારે સ્વર્ગવાસ થયો.

## નિશ્ચયાભાસી

જે આત્માના શુદ્ધ સ્વરૂપને સ્વીકારે,
પણ વર્તમાન પર્યાયમાં વિકાર છે તે ન સ્વીકારે,
તે નિશ્ચયાભાસી છે - શુષ્ક જ્ઞાની છે.

## વ્યવહારાભાસી

શુભભાવથી ધર્મ થાય એમ સ્વીકારે, પણ શુદ્ધ સ્વભાવને
સ્વીકારી તેના તરફ પોતાની રૂચિને ન ફેરવે,
તે વ્યવહારાભાસી ક્રિયા જડ છે.
ભાવહીન ક્રિયાથી ધર્મ માને તે વ્યવહારાભાસી પણ નથી.

## રાગસહિત નય

આગમનો અભ્યાસ કરતાં નયોનું જે જ્ઞાન થાય તે
રાગસહિત નય છે. તે વખતે રાગ હોવા છતાં 'રાગ એ
ધર્મ નથી' એમ માને તો સાચું નય જ્ઞાન, અન્યથા નયાભાસ.

## રાગરહિત નય

બંને નયોનું સત્ય જ્ઞાન થયા પછી પર્યાયદૃષ્ટિ છોડી
દ્રવ્યદૃષ્ટિ - ચૈતન્યસ્વભાવ તરફ રત બને ત્યારે સમ્યગ્
દર્શનાદિ શુદ્ધ ભાવ પ્રગટે છે, તે રાગરહિત નય છે.
તેને શુદ્ધ નયનો 'આશ્રય', શુદ્ધ નયનું 'અવલંબન -
આત્માનુભવ' અથવા 'નયાતિક્રાંત દશા' પણ કહેવાય છે.

## સપ્તભંગી

સ્વપણે હોવું એ ભાવનું સ્વરૂપ છે.
પરપણે ન હોવું એ ભાવનું સ્વરૂપ છે.
પદાર્થનો એવો સ્વભાવ છે કે સ્વચતુષ્ટયનું અસ્તિત્વ
દેખાડતાં તેનાથી ઈતર પરવસ્તુનું નિરાકરણ કરે છે,
તેથી અસ્તિત્વ - નાસ્તિત્વ બે મૂળ ધર્મોના આશ્રયથી
સપ્તભંગીરૂપ સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે.

## વ્યવહારનયનું કથન

ભેદ દ્વારા અભેદ આત્માને સમજાવવા માટે છે.
જો અભેદ પણ ન સમજે અને માત્ર ભેદને જ જાણીને
અટકી જાય, તો રાગ ટળે નહિ, ધર્મ થાય નહિ.
વીતરાગભાવ પોષવો એ જ શાસ્ત્રોનું પ્રયોજન છે,
રાગભાવ પોષવો એ શાસ્ત્રોનું પ્રયોજન છે જ નહિ.

## પ્રમાણનય સપ્તભંગી

જે સપ્તભંગીથી એક ગુણ કે પર્યાય દ્વારા આખું દ્રવ્ય
જાણવામાં આવે તે 'પ્રમાણ સપ્તભંગી'.
જેનાથી તે ગુણ કે પર્યાયનું જ્ઞાન થાય તે 'નય સપ્તભંગી'.
તેના જ્ઞાનથી દરેક દ્રવ્યની સ્વતંત્રતાની પ્રતીતિ થાય છે,
તેથી અનાદિ મિથ્યાત્વ નાશ પામે છે.

સપ્તભંગીનું મૂળ   16/3/1948

જે વિરુદ્ધ ધર્મની એક જ વસ્તુમાં જે પ્રતીતિ થાય છે,
તેને પૃથક્ - પૃથક્‌રૂપે સત્યાર્થ જણાવનાર નયજ્ઞાન છે.
ઉભયધર્મોને સમુદિતરૂપે યથાર્થ સિદ્ધ કરનાર સ્યાદ્વાદ છે.
નયવાદી કે સ્યાદ્વાદી જિજ્ઞાસુને વસ્તુનું જ્ઞાન કરાવવા
તે તે પ્રકરણ ધર્મોની માનસિક ઉપસ્થિતિ
ઉત્પ્રેક્ષારૂપ વ્યાપાર દ્વારા કરી વિવક્ષા કરે અને
વિવક્ષાનુસાર શબ્દપ્રયોગ કરે તે સપ્તભંગી.
વક્તાને અર્થ સપ્તભંગી. શ્રોતાને શબ્દ સપ્તભંગી.
વિવક્ષા, આદિશ, અર્પણા એકાર્થક છે.
વિવક્ષાનુસાર શબ્દપ્રયોગથી શબ્દબોધ તેથી જિજ્ઞાસાનિવૃત્તિ.
સ્યાદ્ - સાપેક્ષતા. સ્વદ્રવ્યાદિ ઘટકરૂપે, અગ્રાવચ્છેદકાદિ
દેશરૂપ અવચ્છેદકરૂપે અને સ્વપરરૂપ રૂપે વ્યંજક બને.
અવધારણથી જિજ્ઞાસાનું નિવારણ - સ્યાદ્‌થી સાપેક્ષ પ્રતિપત્તિ.
'સમાન સંવિદ્ સંવેદ્યતા' અર્થ
એક વિષયના જ્ઞાનમાં તત્સહવર્તિ અન્ય વિષયનું જ્ઞાન થવું.
જેમ કે ઘટરૂપ જ્ઞાનમાં રસાદિનું જ્ઞાન થઈ જવું.
શાબ્દબોધ સ્થળમાં એ નિયમ લાગુ પડતો નથી.
એ આકાંક્ષા શબ્દથી જ નિવૃત્તિ પામે, માટે દ્વિતીયભંગ.

## દ્રવ્યના ૨ ભેદો

અસ્તિકાય અને ઔપચારિક

↓ જીવ - અજીવ ↓ કાળ

વળી અજીવમાંથી ધર્માધર્માદિત્રિ અને ધર્માધર્માદિત્રિમાંથી સ્કંધદેશ પ્રદેશ (પુદ્ગલ પરમાણુ) ભેદો નીકળે છે.

૦ દેશાકાશ - લોકાકાશ - અલોકાકાશ.

વ્યક્તિ જીવાસ્તિકાયના ભેદો : સ્કંધ, દેશ, પ્રદેશ.

સમુદાય જીવાસ્તિકાયના ભેદો : ૧ ૪ ૧૯ - ૩૨ - ૫૬૩.

પુદ્ગલાસ્તિકાય = સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ.

સ્કંધ = જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ (મહાસ્કંધ).

દેશ = જઘન્ય, દ્વયણુક = મધ્યમ, ઉત્કૃષ્ટ = મહાસ્કંધ.

ઔપચારિક કાળદ્રવ્ય = નૈશ્ચયિક અને વ્યવહારિક.

નૈશ્ચયિક = વર્તના, ક્રિયા, પરિણામ, પરત્વ, અપરત્વ.

વર્તના = ઉત્પત્તિ, સ્થિતિ, પ્રથમ સમયની ગતિ.

ક્રિયા = પ્રયોગ, વિસ્ત્રસા, મિશ્ર.

પરિણામ = આદિ - અનાદિ.

પરત્વ - અપરત્વ = (પ્રશંસાકૃત) - (ક્ષેત્રકૃત) - કાળકૃત.

વ્યવહારિક કાળ = સમય, આવલિ, મુહૂર્ત, દિવસ, માસ, પક્ષ - સાગર - કાળચક્ર. ભૂત - ભવિષ્ય - વર્તમાન.

## ગુણના ૨ ભેદો
## સામાન્ય અને વિશેષ.

વળી પુનઃ સામાન્યના ૨ ભેદ: વિરોધી અને અવિરોધી.
વિરોધી - ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ.
અવિરોધી - અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ
('દ્રવ્ય' જ્ઞાનનો વિષય બને તે), અગુરુલઘુત્વ, પ્રદેશત્વ.

### વિશેષ ગુણો - ૧૬

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ગતિ, સ્થિતિ,
અવગાહ, વર્તના, ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ.

ગુણને સ્વભાવ કહેવાય, કિન્તુ
સ્વભાવને ગુણ કહેવાય અને ન પણ કહેવાય.

### અન્વય વ્યતિરેકી સ્વભાવ - ૨૧ (પ્રતિભાવ)

સામાન્ય ૧૧: અસ્તિ, નાસ્તિ, નિત્ય, અનિત્ય, એક, અનેક,
ભેદ, અભેદ, ભવ્ય, અભવ્ય,
પરમ કે પારિણામિક ભાવ.

વિશેષ - ૧૦: ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ,
એક પ્રદેશિત્વ, અનેક પ્રદેશિત્વ,
વિભાવ, શુદ્ધ, અશુદ્ધ, તથા ઉપચરિત.
ઉપચરિતના ૨ ભેદ: કર્મજન્ય અને સ્વભાવજન્ય.

આત્માને દ્રવ્ય જાણ્યા, જ્ઞાન-દર્શનને ગુણ જાણ્યા અને જ ગતિના ભવશરીરને કર્મજનિત વિભાવ પર્યાય સમજ.

## પર્યાયના ૨ ભેદો

(૧) વ્યંજન - ત્રિકાલસ્પર્શી.

(૨) અર્થ - સૂક્ષ્મ વર્તમાન કાલસ્પર્શી.

દ્રવ્ય વ્યંજન : શુદ્ધ - અશુદ્ધ

ગુણ વ્યંજન : શુદ્ધ - અશુદ્ધ

અર્થ પર્યાય : શુદ્ધ - અશુદ્ધ

## પુરુષ ઉપર

વ્યંજન - જન્માદિ મરણ પર્યન્ત

અર્થ - બાલ - તરુણાદિ

## કેવળજ્ઞાન ઉપર

વ્યંજન - આત્મગુણત્વ.

અર્થ - ભવસ્થત્વ, સિદ્ધસ્થત્વ.

## પુદ્ગલ દ્રવ્ય ઉપર

શુદ્ધ દ્રવ્ય વ્યંજન - પરમાણુત્વ

અશુદ્ધ દ્રવ્ય વ્યંજન - દ્વયણુકત્વ

શુદ્ધ ગુણ વ્યંજન - પરમાણુગુણ

અશુદ્ધ ગુણ વ્યંજન - દ્વયણુકાદિગુણ

## ધર્માસ્તિકાયાદિ ઉપર

શુદ્ધ દ્રવ્ય વ્યંજન - લોકાકાશમાન સંસ્થાનાકૃતિત્વ
અશુદ્ધ દ્રવ્ય વ્યંજન - લોકવર્તિ દ્રવ્ય સંયોગિત્વ
સજાતીય દ્રવ્ય પર્યાય - દ્વિપ્રદેશાદિ સ્કંધો
વિજાતીય દ્રવ્ય પર્યાય - આત્મપુદ્ગલ સંયોગે મનુષ્યત્વાદિ પર્યાય
સ્વભાવ ગુણ પર્યાય - કેવલજ્ઞાનાદિ
વિભાવ ગુણ પર્યાય - મતિજ્ઞાનાદિ

પરમાણુત્વને પણ વિભાગજાત પર્યાયપણું કહ્યું છે તે ઉપર્યુક્ત ચાર એટલે કે સજાતીય, વિજાતીય, સ્વભાવ અને વિભાવથી ભિન્ન છે.

## ચેતન દ્રવ્ય ઉપર ૧૦ સ્વભાવની ઘટના

(૧) જીવને ચેતન સ્વભાવ ન કહીએ તો રાગ-દ્વેષ ચેતનારૂપ કારણ વિના જ્ઞાનાવરણીય આદિ કર્મનો અભાવ થાય છે.

(૨) જીવને અચેતન સ્વભાવ ન કહીએ તો કર્મ દ્રવ્યોપશ્લેષજનિત ચેતના વિકલ્પ તે જ અચેતન સ્વભાવ, તે વિના શુદ્ધ સિદ્ધ સદૃશપણું થાય, તેથી ધ્યાન - ધ્યેય - ગુરુ - શિષ્યાદિ સર્વ શાસ્ત્ર વ્યવહાર નિષ્ફલ થાય.

(૩) જીવને કથંચિત મૂર્તતા સ્વભાવ નહિ તો શરીરાદિ
સંબંધ અને ગત્યન્તર સંક્રમ વિના સંસાર અભાવ થાય.
(૪) જો અમૂર્ત સ્વભાવ ન હોય, તો હજાર હેતુએ પણ
મૂર્ત અમૂર્ત ન થાય તો મોક્ષ ન ઘટે, તેથી મૂર્તત્વ સંવલિત
જીવને પણ અંતરંગ અમૂર્ત સ્વભાવ માનવો જોઈએ.
(૫) જો એક પ્રદેશ સ્વભાવ ન હોય, તો અસંખ્યાત
પ્રદેશાદિ યોગે બહુવચન પ્રવર્તે, તેથી એક ધર્માસ્તિકાય
એવો વ્યવહાર ન થાય. ઘણા ધર્માસ્તિકાય થવું જોઈએ.
(૬) જો અનેક પ્રદેશ સ્વભાવ ન હોય, તો ઘટાદિક
અવયવ દેશાદિ સકંપ, દેશાદિ નિષ્કંપ, તે કેમ મળે?
વળી આકાશાદિ દ્રવ્યે પરમાણુ સંયોગ કેવા રીતે ઘટે?
એક દેશથી વૃત્તિ જેમ કે કુંડે બદર, અથવા સર્વથી વૃત્તિ
જેમકે સમાન વસ્ત્રદ્વયનાં 'તિલતૈલમ્।'
પરમાણુને આકાશાદિ કે દેશવૃત્તિ માનતા
આકાશાદિના પ્રદેશ અનિચ્છતાં પણ આવે.
સર્વતોવૃત્તિ માનતાં પરમાણુ આકાશાદિ પ્રમાણ થઈ જાય.
ઉભયાભાવે પરમાણુને અવૃત્તિતા આવે.
'વિશેષાઽભાવસ્ય સામાન્યાભાવ નિયતત્વાત્।'
અર્થાત્: વિશેષનો અભાવ થાય તો સામાન્યનો અભાવ
નિશ્ચે થઈ જ જાય.

(૭) સ્વભાવથી જે અન્યથા ભાવ તે 'વિભાવ સ્વભાવ'.
તે મહાવ્યાધિ છે. એ વિભાવ સ્વભાવ માન્યા વિના
જીવને અનિયત ચરણ નાના દેશકાળાદિ વિપાકી કર્મ
ઉપાધિ ન લાગવા જોઈએ. એટલે કહેવાયું છે કે:
'उपाधिसंम्बन्धयोग्यता हि विभावस्वभावः।' અર્થાત્
ઉપાધિ સાથે સંબંધ પામવાની યોગ્યતા એ વિભાવરૂપ સ્વભાવ.
(૮) જો શુદ્ધ સ્વભાવ ન માનીએ તો મુક્તિ ન ઘટે.
उपाधिभावरहितात्मभाव-परिणत शुद्धस्वभावः। અર્થાત્
ઉપાધિથી રહિત- અંતભાવથી પરિણત હોય તે શુદ્ધ સ્વભાવ.
(૯) જો અશુદ્ધ સ્વભાવ ન માનીએ તો કર્મનો લેપ ન ઘટે.
'उपाधिजनित-बहिर्भाव-परिणमन-योग्यताऽशुद्धता।'
અર્થાત્: ઉપાધિથી ઉત્પન્ન થયેલ બહિર્ભાવરૂપે પરિણમન
થવાની યોગ્યતા તે અશુદ્ધતા જ છે. વેદાન્તીનો એ મત
બરાબર નથી કે: 'શુદ્ધ સ્વભાવને કદાપિ અશુદ્ધતા ન
આવે તથા અશુદ્ધ સ્વભાવને પછી પણ શુદ્ધતા ન હોય'
ઉભય સ્વભાવ માનીએ તો જ કોઈ દૂષણ ન આવે.
(૧૦) એકસ્થાને નિયત તે એકસ્વભાવ.
પરસ્થાને ઉપચરિએ તે ઉપચરિતસ્વભાવ. તેમ માનીએ
નહીં તો સ્વપર વ્યવસાયિ જ્ઞાનવંત આત્મા ન કહેવાય.

જ્ઞાનને સ્વવિષયત્વ તો અનુપચરિત છે,
પણ પરવિષયત્વ તે પરાપેક્ષાએ પ્રતીયમાનપણે તથા
પરનિરૂપચરિત સંબંધપણે ઉપચરિત છે.

<u>ઉપચરિત સ્વભાવ બે પ્રકારે</u> છે:

એક કર્મજનિત, બીજો સ્વભાવજનિત.
પુદ્ગલ સંબંધે જીવને મૂર્તપણું અને અચેતનપણું કહીએ
તે 'કર્મજનિત ઉપચાર' કે 'કર્મ ઉપચરિત સ્વભાવ' છે.
બીજો જે સહજ ઉપચરિત સ્વભાવ તે સિદ્ધને પરજ્ઞપણું.
ત્યાં કોઈ કર્મોપાધિ નથી.

<u>ઉત્પાદાદિ ત્રય સિદ્ધિ</u>

o એકલો <u>ઉત્પાદ</u> માનવામાં આવે તો...
(1) કાર્યની ઉત્પત્તિ ન થાય (2) અસત્‌નો ઉત્પાદ થાય.
(1) ઘટનો ઉત્પાદ મૃત્પિંડના વ્યયથી છે.
વ્યય ન માને અને એકલો ઉત્પાદ માને,
તો કારણના અભાવમાં કાર્યનો અભાવ થાય.
(2) ધ્રુવપણા વિના એકલો ઉત્પાદ માને,
તો અસત્‌નો ઉત્પાદ માનવો પડે.
o એકલો <u>વ્યય</u> માનવામાં આવે તો...
(1) વ્યયનો અભાવ થાય (2) સત્‌નો નાશ થાય.

(૧) મૃત્પિંડના નાશનું કારણ ઘટની ઉત્પત્તિ છે.
એકલો નાશ માનવામાં આવે, તો
ઘટોત્પત્તિરૂપ કારણ વિના નાશ ઉત્પન્ન થાય જ નહિ.
(૨) સત્નો નાશ માનવો પડે,
તેથી જ્ઞાનાદિકનો પણ નાશ અને ધારણાનો પણ નાશ.
o એકલું ધ્રૌવ્ય માનવામાં આવે તો...
(1) પર્યાયનો નાશ (2) અનિત્યને નિત્યપણાની પ્રાપ્તિ.
(૧) પર્યાય વિના દ્રવ્યનું અસ્તિત્વ નથી,
તેથી પર્યાયના નાશથી દ્રવ્યનાશની આપત્તિ આવે.
મૃત્પિંડ ઘટાદિ પર્યાયોથી ભિન્ન નથી.
(૨) અનિત્યને નિત્ય માનીએ,
તો મનની ગતિને પણ નિત્ય માનવી પડે.
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયમાં છે.
(૧) જો દ્રવ્યનો નાશ માનીએ તો સર્વશૂન્યતા.
(૨) જો દ્રવ્યની ઉત્પત્તિ માનીએ તો અનંતા દ્રવ્યાપત્તિ.
(૩) જો દ્રવ્યને ધ્રુવ માનીએ તો પર્યાયનો નાશ
અને પર્યાયના નાશથી દ્રવ્યનો નાશ.
ઉત્પાદાદિ અંશોનો સમયભેદ નથી.
(૧) જો દ્રવ્ય પોતે જ ઉત્પન્ન, નાશ કે ધ્રુવરૂપ થાય તો
ભિન્ન સમય જોઈએ પણ કોઈ એક પર્યાયથી ઉત્પાદ,

કોઈ એક પર્યાયથી નાશ - કોઈ એક પર્યાયથી ધ્રૌવ્ય છે,
તેથી એક જ સમયમાં ત્રણે સિદ્ધ છે.
ઘટત્વેન ઉત્પત્તિ, પિંડત્વેન વ્યય, મૃત્તિકાત્વેન ધ્રૌવ્ય.
પૂર્વ પર્યાય નાશ, ઉત્તર પર્યાય ઉત્પાદ, દ્રવ્યત્વથી ધ્રૌવ્ય.

o દૃષ્ટિવાદમાં જ નૈગમાદિ સપ્રભેદ નયો દ્વારા
સકલ વસ્તુ પ્રરૂપણ કરાય, પણ
કાલિકશ્રુતમાં અવશ્ય નયો દ્વારા વ્યાખ્યા કરવી નહિ.
શ્રોતાની અપેક્ષાએ પ્રાયઃ આદ્ય નયત્રય દ્વારા
કાલિકશ્રુતે વ્યાખ્યાનો અધિકાર છે.
આ પણ પરિકર્મણાર્થે જ છે.
અશેષ નયનિષેધ તો
શિષ્યમાં વિશિષ્ટ બુદ્ધિનો અભાવ હેતુ જ છે.
બાકી વિશિષ્ટ શ્રોતા હોય,
તો વર્તમાનમાં પણ નય નિરૂપણ અનુજ્ઞાત જ છે.
નયોપદેશ, અનેકાંત વ્યવસ્થામાં જણાવ્યું છે કે:
'પ્રથમ વ્યવહાર, બાદ સંસ્કારિત શુદ્ધ મતિમાનને
વ્યવહારોપજીવ્ય નિશ્ચય, બાદ શુદ્ધ નિશ્ચય અને
પૂર્ણ પરિણત જિનાજ્ઞને જ નિશ્ચયોપજીવ્ય
નિશ્ચય પ્રદર્શન, સિદ્ધાન્તિત ક્રમાનુસાર હિતાવહ છે.

## ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનાં વચનામૃતો

(૧) જે ભેખસહિત વેશ શુદ્ધ પ્રરૂપે નહિ,
તે 'રજવાલ' નામ ધરાવાને પણ ચોર થાય છે.

(૨) સાધુનો માર્ગ એવો છે જે કાંઈપણ ઉન્નતિ વાંછે નહિ.
'સહજ ભાવે થાય તે પામો' તેમ ઇચ્છે.

(૩) જેથી જીવ ધર્મમાર્ગે જોડાય તે જ ધર્મદેશના છે.

(૪) બાહ્યદૃષ્ટિ જીવ જ્ઞાનમાર્ગમાં ઉતરે તો જ મૂઢતા ટળે.

(૫) બાહ્યદૃષ્ટિ પોતાના ઘટમાં ધર્મ છે તેને પામતા નથી.

(૬) મિથ્યાદૃષ્ટિ અંધ છે,
તેથી ધર્મને પોતાના આત્માથી અન્ય સ્થાનમાં શોધે છે.
વિપર્યાસ છે, તેથી આત્મજ્ઞાનમાં રમતા નથી.

(૭) હે જીવ! તું જ તારો મિત્ર છે તો શા માટે બહાર મિત્રને વાંછે છે? આત્મા સમભાવે છે તો સાચો મિત્ર છે.

(૮) 'જ્ઞાન અને સુખાદિ ભરપુર
ધર્મની સત્તા પોતાના આત્મામાં જ છે;'
એમ પ્રથમ સમ્યક્ત્વ પામે ત્યારે
જીવને અતિશય આનંદ ઉપજે છે.

(૯) રાગ-દ્વેષ પ્રશસ્ત પરિણામરૂપ હોય તો
કારણમાં કાર્યના ઉપચારથી વ્યવહારે 'ધર્મ' કહેવાય.

(૧૦) મિથ્યાત્વ રાગ-દ્વેષ વિભાવ અને મોટી વ્યાધિરૂપ છે.
ઉપાધિ જયાં કર્મ હોય છે તેને 'સ્વભાવ' કેમ કહેવાય?
જયાં કર્મજનિત વિકલ્પ નહિ, ત્યાં વ્યવહાર નહિ.
ઉપાધિ તો કર્મ હોય છે.

(૧૧) મોક્ષસુખ પામશો ત્યાં સુધી અંશે ધર્મવૃદ્ધિ પામતા
પૂર્ણધર્મ ચૌદમા ગુણસ્થાનના છેલ્લે સમયે હોય.

(૧૨) જ્ઞાનદશા વિના બાહ્યક્રિયાદિ અર્થ સરે નહિ.

(૧૩) બહાર શોધવું મૂકી, પરદોષ દૃષ્ટિ ટાળી,
આત્માને વિષે આત્માની ખોજ કરે તો ધર્મ પામે.

(૧૪) ભવદુઃખ આત્મજ્ઞાને ટળે પણ
આત્મજ્ઞાનરહિત તપ પ્રમુખે ન ટળે.

(૧૫) આત્માના અજ્ઞાનથી એટલે
પુદ્ગલમાં આત્માનો ભ્રમ ધારણ કરવાથી
૮ પ્રકારના કર્મની પ્રકૃતિઓ
સમયે-સમયે બંધાય છે.
જીવ તેથી સંસારભ્રમણનાં દુઃખ પામે છે.

(૧૬) પ્રત્યાખ્યાન પરિણામ રૂપ આખરી આત્મજ્ઞાન દશા
તે જ ચારિત્ર છે. નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનોપયોગ દશામાં
કર્મનું આવવું થતું નહિ. જ્ઞાન તે જ સ્વભાવ ચારિત્ર છે.

(17) ભાવથી આત્મભાવરૂપ જ ચારિત્ર કહ્યું છે.
દ્રવ્યથી ત્યાગ તે ઉપચારથી ચારિત્ર છે.
મુખ્ય અર્થને સ્પર્શ્યા વિના ઉપચાર ન સંભવે.

(18) શુદ્ધ સ્વભાવ ઉપયોગ તે જ આત્મચારિત્ર.

(19) લોચાદિ કષ્ટ કરી, સંયમ ક્રિયા ઉગ્ર ધરી, પોતાનું શરીર માસખમણાદિથી ખુબ ગાળો પણ જ્ઞાનદશા વિના દુઃખનો છેડો નથી. માટે અંતર્મુખ થઈ જ્ઞાનદૃષ્ટિ દૃઢ કરવી.

(20) ઉપશમ આત્મભાવે આવે.

(21) બાહ્યદૃષ્ટિ = પુદ્ગલસંગ ઉપાદેય માનવાથી મન બહાર ધાવે છે. અંતરદૃષ્ટિ = સર્વ પુદ્ગલસંગ ભેદ જ્ઞાનબળથી ચિત્ચમત્કાર માત્ર વિશ્રાંત થતાં અક્ષયપદ પામે છે.

(22) જ્ઞાનકૃત મનઃશુદ્ધિ તે જ
ચારિત્રનું લક્ષણ અને મોક્ષનું કારણ.

(23) અપુનર્બંધકાદિ ભાવની આત્મદૃષ્ટિ વિના
જે ક્રિયા છે, તે શરીરના મેલ રૂપ છે.
આત્મદૃષ્ટિરહિત સર્વ દ્રવ્ય ક્રિયા તુચ્છ છે.

(24) 'પુદ્ગલ ભાવનો હું કર્તા' એમ જેમ જેમ જ્ઞાની જીવ જાણે છે, તેમ તેમ કર્તૃત્વાભિમાનજનિત કર્મે બંધાય છે.
એ અજ્ઞાન નય વિભાગથી ટળે છે.

(૨૫) દાનદયાદિનું ફળ આત્મનિષ્ઠ જ છે.

પર તો નિમિત્તમાત્ર છે.

શુદ્ધ નિશ્ચયના અર્થમાં વ્યવહાર બાધ થતાં દોષ નહિ.

(૨૬) પુદ્ગલ ત્રિકાળે જીવના અસંસર્ગી છે,

તે પરને કેમ દેવાય - લેવાય?

દેવા-લેવામાં મન નિમિત્ત-સંકલ્પ નિમિત્ત કર્મબંધ છે.

(૨૭) કર્તૃત્વાભિમાનરહિત એકલો સાધકભાવ

એ જ સુખનું સાધન છે.

કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મને જે જુએ છે,

તે જ સાધક બુદ્ધિમાન અને કૃતકૃત્ય છે.

(૨૮) શુભાશુભ સંકલ્પે વિભાવસ્વરૂપ વિચિત્રતા થાય.

ટંકોત્કીર્ણ 'સ' સ્વભાવ પરિણામે જ તે ટળે.

સુખ તે આત્મસ્વભાવ છે. વિભાવ કલ્પનાએ જીવ

સુખ-દુઃખરૂપ વિચિત્ર કર્મફળની ચેતના અનુભવે છે.

જ્ઞાનચેતના એક જ સ્વભાવ છે,

તેનો અનુભવ કરવો તે જ આત્માનુભવ છે.

(૨૯) પરની આશા વિષવેલડી રૂપ છે.

સંક્લેશ વિશુદ્ધે રૂપે શુભાશુભ અનેક કર્મરૂપ ફળને પ્રસવે.

એક જ્ઞાનરૂપ અગ્નિએ જ તે બળે છે.

(30) રાગ-દ્વેષાદિ દોષરહિત એવું ભાવ સ્વભાવે થવું
તે જ શુદ્ધ આત્મદયા છે. તે જ આત્મશાન્તિનો પ્રકાશ છે.

(31) આત્માને જે એકતાભાવ તે જ નિશ્ચય દયા.
તે નિર્વિકલ્પ ઉપયોગ સમાધિમાં જ રહે.
તે જ ભાવપ્રાણની રક્ષા છે.

(32) ભાવરૂપ આત્મદયા વિના
બાહ્ય પ્રાણરક્ષણરૂપ દયા પરમાર્થે નથી.
જેને આત્મદયા નથી, તેને પરજીવો ઉપર પણ અનુકંપા નથી.
આત્મગુણોનો ઘાત કરનારો પરજીવોની રક્ષા ક્યાંથી કરવાનો?

(33) ભાવરૂપ આત્મદયા વિનાની પરદયા
નાટકીયાની માયાની જેમ ફોગટ છે.

(34) ભાવયોગ અનુભવ સ્વરૂપ છે, તેથી તેને સર્વ
આચારમય કહ્યો છે. અનુભવયોગથી જ કષાય મોહનીય અને
નોકષાય મોહનીય શમે છે. તેથી તેનો જ દૃઢ આદર કરવો.

(35) સૂત્રાક્ષર પરાવર્તનારૂપ કર્મયોગ સરસ શેલડી જેવો છે.
તેના અર્થ આલંબન રૂપ ભાવયોગ એ તેનો સ્વાદ છે.

(36) આત્માનો અનુભવ અને પરપરિણતિનો ત્યાગ
એ જ શ્રી જિનપ્રવચનનો સાર તથા
એ જ સંસારતાપને ટાળનારી શિવવૃક્ષની શીતળ છાયા છે.

(૩૭) આત્માનું સહજ સ્વભાવસિદ્ધ સ્વરૂપ સ્ફટિકના જેવું નિર્મળ છે, તેમાં ઉપાધિનો સંબંધ સ્થાપનાર જડ, મૂર્ખ, અવિવેકી મુંઝાઈને મોહ પામે છે.

(૩૮) જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે, કાળા-રાતા ફુલના યોગથી કાળું-રાતું છે, તેને જે સ્ફટિક સ્વભાવ જાણે તે મૂર્ખ ને અવિવેકી છે, તેમ શુદ્ધ આત્મદ્રવ્યને ઉપાધિના સંબંધથી એકેન્દ્રિયાદિ ઉપાધિરૂપ જે જાણે તેને અવિવેકી સમજવો. ઘણુ મોટો જીવો પરવસ્તુમાં આત્મભાવને આરોપી સુખ માને છે. આવું સુખ મિથ્યા સુખ છે.

(૩૯) જે ઔદયિકાદિ કર્મ સાપેક્ષ ભાવોમાં મુંઝાતો નથી, સ્વભાવથી અવિચલિતપણે રહી રાગ-દ્વેષ કરતો નથી, તે પાપથી લેપાતો નથી.

"જઇઆ ણેણ ચત્તં અપ્પણઇં નાણં દંસણં ચરિત્તં ।
તઇઆ તસ્સ પરેસું અણુકંપા નત્થિ જીવેસું ॥૧॥"

અર્થ:- જ્યારે આ આત્મા વડે પોતાનું જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્યાગ કરાય છે, ત્યારે તેને બીજા પ્રત્યે અનુકંપા નથી.

જીવ અને પુદ્ગલ ક્રિયાવન્ત અને ભાવવન્ત છે.

ધર્માદિ ચાર દ્રવ્યો કેવળ ભાવવન્ત છે.

ક્રિયાનું ચિહ્ન હાલવું ચાલવું છે.

## ભાવનું લક્ષણ 'પરિણમન' માત્ર છે

પરિણમનરૂપ ભાવથી

સર્વ દ્રવ્ય ઉત્પાદ - વ્યય - ધ્રુવતાયુક્ત છે.

એ કારણે પ્રત્યેક સમય

દ્રવ્ય એક પર્યાયથી અન્ય પર્યાયરૂપ થાય છે.

ક્રિયા કેવળ જીવ પુદ્ગલમાં જ થાય છે.

પુદ્ગલ પરમાણુનો હલનચલન સ્વભાવ છે, તેથી સ્કંધથી મળે પણ છે અને છુટો પણ પડે છે. એ રીતે મળવા-છુટવાની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણાસહિત છે, ક્રિયાવાળા છે. અહીં ક્રિયાગમન ક્રિયાસ્વરૂપ સમજવી અથવા હાલવા-ચાલવા સ્વરૂપ સમજવી. એ રીતે સંસારી જીવ પણ કર્મના સંયોગથી હાલવા-ચાલવાના સ્વભાવરૂપ છે. હાલવા-ચાલવારૂપ પરિસ્પંદન ક્રિયાથી નવીન કર્મ-નોકર્મરૂપ પુદ્ગલથી મળીને જુના કર્મ-નોકર્મરૂપ પુદ્ગલોથી છુટો પડે છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસહિત ક્રિયાવાળો છે.

એ રીતે જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય ક્રિયાવાન અને ભાવવાન છે તથા ધર્માદિક ૪ કેવળ ભાવવંત એટલે કેવળ પરિણામવાળા છે. જીવની ક્રિયા આત્મપ્રદેશોના કંપનરૂપ છે, તેથી કર્મનો એક ક્ષેત્રાવગાહ સંબંધ થાય છે અને કર્મ સંબંધથી ગતિ, આગતિ આદિ કરે છે.

## અસદ્ભૂત વ્યવહાર નય

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર : જીવને પુદ્ગલ કહેવું તે.

(૨) ગુણમાં ગુણનો ઉપચાર : કૃષ્ણ લેશ્યા, - પીત લેશ્યા, લાલ લેશ્યા, આત્માનો અરૂપી ગુણ છે, તેને કાળી કે પીળી કહેવી તે પુદ્ગલ દ્રવ્યના ગુણનો ઉપચાર છે.

(૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર : હાથી - ઘોડા આત્મદ્રવ્યના પર્યાય, તેને સ્કંધ - પુદ્ગલ પર્યાયનો ઉપચાર કરેલો તે.

(૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર : 'હું ગોરો' એ લઘુવાક્યમાં 'હું' એ આત્મદ્રવ્ય ને 'ગૌર' એ પુદ્ગલનો ઉજ્જ્વલતા ગુણ.

(૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર : 'હું દેહ' લઘુવાક્યમાં 'હું' એ આત્મદ્રવ્ય અને 'દેહ' એ પુદ્ગલનો પર્યાય છે.

(૬) ગુણમાં દ્રવ્યનો ઉપચાર : 'તે ગૌર' એ લઘુવાક્યમાં 'તે' એ આત્મા અને 'ગૌર' એ પુદ્ગલનો ગુણ છે.

(૭) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર : 'દેહ તે આત્મા' વાક્યમાં 'દેહ' એ પુદ્ગલ પર્યાય અને 'આત્મા' એ દ્રવ્ય છે.

(૮) ગુણમાં પર્યાયનો ઉપચાર : 'મતિજ્ઞાન તે શરીર' વાક્યમાં 'મતિજ્ઞાન' એ ગુણ અને 'તે શરીર' એ પર્યાય છે.

(૯) પર્યાયમાં ગુણનો ઉપચાર : 'શરીર તે મતિજ્ઞાન'માં 'શરીર' એ પર્યાય અને 'તે મતિજ્ઞાન' એ ગુણ છે.

## ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય

(૧) પરમાણુ બહુપ્રદેશી - બહુપ્રદેશી થવાની જાતિ છે,
માટે સ્વજાતિ.

(૨) મતિજ્ઞાન મૂર્ત - મૂર્ત વિષયાદિથી ઉપજે છે,
માટે વિજાતિ.

(૩) જ્ઞાનાજ્ઞાન વિષયજ્ઞાન - જ્ઞાન સ્વજાતિ | વિષય વિષયી
અજ્ઞાન વિજાતિ | ભાવ સંબંધ

## ઉપચરિતોપચરિત અસદ્ભૂત વ્યવહારનય

(૧) :સ્વજાતિ:

હું પુત્રાદિ તથા પુત્રાદિ મારા.

અહીં 'પુત્રાદિ' આત્મપર્યાય છે પણ કલ્પિત - ઉપચરિત, અન્યથા મનુષ્યાદિકને પણ પુત્રાદિ કહેવા પડે.

(૨) :વિજાતિ:

મારાં વસ્ત્રાદિક.

અહીં 'વસ્ત્રાદિ' પુદ્ગલ પર્યાય ઉપચરિત છે, અન્યથા વલ્કલાદિક પણ વસ્ત્ર છે, કેમકે શરીરાચ્છાદક તે પણ છે.

(૩) :સ્વજાતિ વિજાતિ:

મારો દેશ - મારી હવેલી.

અહીં જ્ઞાન - અજ્ઞાન ઉભય સમુદાયરૂપ છે.

## સ્વાશ્રય-પરાશ્રય

અસ્તિ તે સ્વાશ્રયે છે તેથી નિશ્ચયનયે છે.
નાસ્તિ તે પરાશ્રયે છે તેથી વ્યવહારનયે છે.
બાકીના પાંચ ભાંગા ઓછે કે વધારે અંશે
પરની અપેક્ષા રાખે છે તેથી વ્યવહારનયે છે.

## અસ્તિના બે ભેદ

નિશ્ચય અસ્તિ - જીવની શુદ્ધ પર્યાય.
વ્યવહાર અસ્તિ - જીવની વિકારી પર્યાય.

અસ્તિ એટલે સત્. સત્ એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત.

ધ્રૌવ્ય નિશ્ચયથી અસ્તિ છે.
ઉત્પાદ-વ્યય વ્યવહારે અસ્તિ છે.
જીવનું ધ્રૌવ સ્વરૂપ અખંડ શુદ્ધ ચૈતન્ય ચમત્કારમાત્ર છે.
તે કદી વિકૃત પામતું નથી. પોતાનું તે સ્વરૂપ સમજીને
જીવ તે તરફ વળે છે ત્યારે શુદ્ધ થાય છે.

## અધ્યાત્મ નય

મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર.
અભેદ ધર્મને મુખ્ય કરી તેને નિશ્ચયનો વિષય કહ્યો.
ભેદને ગૌણ ગણી વ્યવહાર કહ્યો.
નિશ્ચયનો વિષય અભેદ - દ્રવ્ય છે.
વ્યવહારનો આશ્રય ભેદ - પર્યાય છે.

ભેદરૂપ વસ્તુને સર્વ કોઈ જાણે છે, તેથી લૌકિકપદ્ધતિ બુદ્ધિ એ પદ્ધતિ રૂઢ છે. તે રૂઢતા સાવ છોડાવવા માટે પદ્ધતિમાં અભેદરૂપ અનાદિ-અનંત એક ચૈતન્યભાવ છે.

તેને ગ્રહણ કરી નિશ્ચયનો વિષય કહ્યો
અને જીવદ્રવ્યનું યથાર્થ જ્ઞાન કરાવ્યું,
તે વખતે પર્યાયાશ્રિત જે ભેદનય તેને ગૌણ કર્યો.
અભેદનયની દૃઢ પ્રતીતિ કરાવવા માટે કહ્યું કે:
'પર્યાયનય અભૂતાર્થ અસત્યાર્થ વ્યવહાર છે.'
ભેદબુદ્ધિના નિરાકરણ માટે આ કથન સમજવું.

## ઉપચારનય

એક વસ્તુનું અન્ય વસ્તુમાં આરોપણ કરીને પ્રયોજન સાધવામાં આવે તે ઉપચાર નય. જ્યાં સમજાવવાનું પ્રયોજન અને અન્ય દ્રવ્યનું નિમિત્ત હોય, ત્યાં ઉપચાર પ્રવર્તે છે. ઘીનો ઘડો-ઘીને ઘડાનો આશ્રય છે, તેથી લોકોને આધાર-આધેય ભાવ પ્રગટ ભાસતા મંગાવે ત્યારે તરત જ ઘીનો ઘડો તે લઈ આવે છે.

કોઈપણ પદાર્થવાદની શુદ્ધિ કે નિર્મળતા તેમાં જણાવેલા આત્માના સ્વરૂપ ઉપર આધાર રાખે છે. આત્માનું સ્વરૂપ જો બંધનને અને મોક્ષને યોગ્ય

માનેલું હોય તો જ તે યથાર્થ છે, અન્યથા અયથાર્થ છે. મિથ્યાત્વાદિ બંધ હેતુથી વડે જીવ અને કર્મ પુદ્‌ગલોનો, અગ્નિ અને લોહપિંડ અથવા દૂધ અને પાણીની જેમ પરસ્પર એકરૂપ પરિણામનું થવું તે 'બંધ'. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે કર્મનો અત્યંત ઉચ્છેદ થવો તે 'મોક્ષ.' એ બંધ-મોક્ષના સ્વરૂપની યથાર્થ ઘટના જે વાદમાં હોય તે ભગવાદનું સ્વરૂપ નિર્દોષ સમજવું.

આ બંધ અને મોક્ષની ઉત્પત્તિ બદ્ધમાન એવા જીવની અને બંધન એવા કર્મની હયાતિમાં જ ઘટી શકે છે. જો બદ્ધમાન એવો જીવ અને બન્ધન એવું કર્મ મુખ્યપણે ન હોય તો બંધ-મોક્ષની વાત કલ્પના માત્ર, અસત્ય પ્રતિભાસ રૂપ જ બને છે. બદ્ધમાન આત્મા છે અને બંધન વસ્તુ સત્‌કર્મ છે. આત્મા કર્મ વડે પરવશ કરાય છે અને મિથ્યાત્વાદિ હેતુ વડે કર્મ બંધાય છે અને તે કર્મ અનન્તાનન્ત પરમાણુઓનાં પ્રચય સ્વરૂપ તથા અમૂર્ત આત્મસ્વરૂપથી ભિન્ન મૂર્ત સ્વરૂપ છે.

કેટલાક વાદીઓનો એવો મત છે કે આત્મા બંધાતો-મૂકાતો નથી પણ નાના પ્રકારના સ્વરૂપને ધારણ કરનારી પ્રકૃતિ જ બંધાય-મૂકાય છે પણ તે મત બરાબર નથી.

જો આત્મા બંધાતો-મુકાતો ન હોય અને પ્રકૃતિનો જ બંધ-મોક્ષ થતો હોય તો મુક્તિના સાધનરૂપ યમ-નિયમાદિ અનુષ્ઠાનોનું નિરૂપણ વ્યર્થ ઠરે છે. આત્માનું સ્વરૂપ જો સંસાર અવસ્થા કે મોક્ષ અવસ્થામાં એકસરખું જ રહેતું હોય તો આત્માના મોક્ષને માટે તપશ્ચર્યા-સંયમ આદિનો ક્લેશ સહન કરવાનો ઉપદેશ નિરર્થક પીડા ઉત્પન્ન કરનારો છે એમ માનવું જોઈએ પણ તેમ માનવું ઘટતું નથી. 'આત્મા જ પોતાના ઊંધા વાયથી બંધાય છે અને સાચા પુરુષાર્થથી મુકાય છે' એમ માનવું એ યથાર્થ યુક્તિ આગમ-સ્વાનુભવ પ્રમાણોથી સિદ્ધ છે.

જેઓ બધ્યમાન જીવથી બંધન વસ્તુ કર્મને ભિન્ન તરીકે સ્વીકારતા નથી, તેઓના મતે 'પોતે જ પોતાથી બંધાય છે' એમ માનવાની આપત્તિ આવે છે પણ તેવું કદી બનતું નથી. બંધાનાર પુરુષ અને બાંધનાર બેડી બે જુદા સ્વભાવવાળા છે, તો જ બધ્યમાન અને બંધનનો વ્યવહાર થાય છે, તેમ બંધાનાર જીવ અને બાંધનાર કર્મને ભિન્ન સ્વભાવવાળા વિદ્યમાન પદાર્થો મનાય તો જ નિરૂપચરિત બધ્યમાન બંધનભાવ ઘટી શકે. જેમ સર્વ કાર્યો તેના અનુરૂપ કારણોથી જ સંભવે છે,

જેમ હિંસાદિ જીવના અશુદ્ધ પરિણામ વિશિષ્ટ બંધન અને તેનાથી વિરુદ્ધ અહિંસાદિ શુદ્ધ પરિણામ વિશિષ્ટ મોક્ષ ઘટે છે. તે બધ્યમાન બંધનભાવ કારણ છે તેના કાળની આદિ નથી. બંધ પ્રતિક્ષણ નવો કરાય છે, તો પણ પ્રવાહની અપેક્ષાએ અતીતકાળની જેમ અનાદિ છે.

સત્શાસ્ત્રની સાચી કસોટી અનેકાન્તવાદ જ છે.

જે શાસ્ત્રોમાં પદાર્થનું નિરૂપણ
એકાંત સ્વરૂપ નહિ પણ અનેકાન્ત સ્વરૂપ છે,
તે જ શાસ્ત્ર મુમુક્ષુઓને
આદરણીય અને માનનીય બને છે.

નયઅવસ્થાનું જ્ઞાન

દ્રવ્ય - ગુણ - પર્યાય એ ત્રણેના પરસ્પર
ભેદ અને અભેદની અપેક્ષાએ અનેક અભિપ્રાય ભેદો,
વિચારણાના ભેદો પડે છે, તે જ નયના પ્રકારો છે.

દરેક નયની સ્વતંત્ર સપ્તભંગી છે.

વસ્તુના એકાંશ જ્ઞાન સાથે સંબંધ ધરાવતી નય સપ્તભંગી.
સર્વાંશ જ્ઞાન સાથે સંબંધ ધરાવતી પ્રમાણ સપ્તભંગી.

સત્ સપ્તભંગી - ભેદ સપ્તભંગી

દ્રવ્ય-પર્યાય કથંચિત અભિન્ન છે, કારણકે :

(૧) ગુણ-ગુણી, પર્યાય-પર્યાયીભાવ અખંડ રહે છે.
(૨) ભિન્ન સંબંધ વડે અભિન્ન
માનવાથી અનવસ્થા દોષ આવે છે.
(૩) કારણમાં કાર્યની ઉત્પત્તિ અભેદથી જ થાય છે.
નૈયાયિકો એકાંત ભેદ, સાંખ્યો એકાંત અભેદ માને છે.
જૈનો કથંચિત્ ભેદાભેદ માને છે.

નયો

દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક
મુખ્યતા → અભેદ પક્ષગ્રાહી → ભેદ પક્ષગ્રાહી
ઉપચારથી → ભેદ પક્ષગ્રાહી → અભેદ પક્ષગ્રાહી

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય

ઉત્પાદના ૨ ભેદ : પ્રયોગ - વિસ્રસા.
૨ પ્રયોગ : સમુદયવાદ અને અવિશુદ્ધ.
૨ વિસ્રસા : સમુદયજનિત અને ઐકત્વિક.
વ્યયના ૨ ભેદ : રૂપાન્તર પરિણમન - અર્થાન્તરગમન.
ધ્રૌવ્યના ૨ ભેદ : સૂક્ષ્મ - સ્થૂલ.
વ્યયનો વિચાર રાગભાવનો નાશ, ઉત્પાદનો વિચાર
શોકભાવનો પ્રતિપક્ષ ને ધ્રૌવ્યનો વિચાર દ્વેષભાવને રોકે છે.
એ રીતે જ્ઞાન - દર્શન - ચારિત્રગુણોને નિર્મળ કરે છે.

## સુખની ઇચ્છા

પ્રાણીમાત્રને સુખની ઇચ્છા અને દુઃખનો દ્વેષ હોય જ છે. દુઃખ એ પોતાનો સ્વભાવ નહિ પણ વિકાર છે અને તે ક્ષણિક છે, તેથી ટળી શકે તેવો છે, એ પણ જીવને નિશ્ચય હોય છે. વર્તમાનમાં દુઃખ હોવા છતાં 'દુઃખ એ પોતાનું સ્વરૂપ નહિ' એ જાતિનો નિશ્ચય દુઃખવાળી અવસ્થામાં પણ જીવ કરી શકે છે. રોગ વખતે પણ જેમ રોગી રોગરહિત અવસ્થાની શ્રદ્ધા ધારણા કરી શકે છે અને તેથી નિરોગી બનવા માટે સતત ઉદ્યમશીલ રહી શકે છે, તેમ દુઃખવાળી અવસ્થામાં પણ દુઃખરહિત સ્વભાવનો નિર્ણય જીવને થઈ શકે છે.

એ નિર્ણયથી જ દુઃખરહિત થવા માટે
તે તનતોડ પ્રયાસ સતત કરી રહ્યો હોય છે.

## જીવની પાત્રતા

દુઃખવાળી અવસ્થામાં પણ દુઃખરહિત સ્વભાવનો નિર્ણય જીવને તેના લક્ષમાં જ આવે છે તેથી સૌથી પ્રથમ જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું યથાર્થ લક્ષ કરવું તે જ કર્તવ્ય થઈ પડે છે. જીવનું પોતાનું મૂળ સ્વરૂપ સર્વદા, સુખમય તથા દુઃખરહિત છે, એ નિર્ણય

જ્ઞાનથી જ થઈ શકે છે અને એ માટે જીવને સૌથી પ્રથમ જરૂર સત્શાસ્ત્રની પડે છે. જીવના મૂળ સ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન સત્શાસ્ત્રની સહાય વિના બીજા કોઈ ઉપાયે પણ શક્ય નથી. એ વાતનો નિર્ણય પણ જીવને સૌથી પ્રથમ થવો જોઈએ. શાસ્ત્રની સત્યતાનો નિર્ણય શાસ્ત્રને કહેનારની સત્યતા ઉપર આધાર રાખે છે.

શાસ્ત્રના પ્રથમ કહેનાર સદ્દેવ અને એ શાસ્ત્રને વર્તમાન સુધી લઈ આવનાર સદ્ગુરુના નિર્ણયની પણ જરૂર પડે છે. એ રીતે સુખની ચાહનાવાળા સાચા જિજ્ઞાસુ જીવને સદ્દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો આદર અને અસદ્દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો અનાદર સ્વભાવથી જ રહે છે. તેની સાથે તેને પોતાની વર્તમાન દુઃખી અવસ્થાનું ભાન અને એ દુઃખને દૂર કરવા માટે તથા સુખને મેળવવા માટે ઇંદ્રિયોના વિષયો તથા તેથી મળતાં સુખો તરફ અરુચિ - અનાદર પણ હોવાં જોઈએ. વિષયોનાં સુખો ઇન્દ્રજાળ જેવાં માયાવી, ઠગારાં અને દુઃખને જ વધારનારાં હોવાની ખાત્રી થઈ ગયેલ હોવી જોઈએ. એવો જિજ્ઞાસુ જીવ સદ્ધર્મ માટે પાત્ર ગણાય છે. એવા પાત્રજીવને યોગ્ય પ્રયત્ન કરવાથી સદ્ધર્મ સ્વરૂપ સમજાય છે.

## યોગ્ય પ્રયત્ન

સદ્ધર્મનું સ્વરૂપ સમજવા માટે યોગ્ય પ્રયત્ન કોને કહેવાય અને તે કેવા રીતે કરવો? આ પ્રશ્ન અહીં સ્હેજે ઉત્પન્ન થાય છે. આપણે પહેલાં જ કહી આવ્યા કે જીવનું સત્ય સ્વરૂપ સમજવા માટે સત્શાસ્ત્રનો જ એક આધાર છે અને તે સત્શાસ્ત્ર સદ્દેવ અને સદ્ગુરુનાં જ કહેલાં છે, તેથી પહેલાં સત્શાસ્ત્રની ઓળખાણ થવી જોઈએ. જે શાસ્ત્રોમાં ત્યાગ-વિરાગનો ઉપદેશ હોય, અહિંસા કે કર્મનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવેલું હોય, તે જ 'સત્શાસ્ત્ર' કહેવાય એવો નિયમ પણ બાંધી શકાતો નથી, કારણકે ધર્મશાસ્ત્ર તરીકે ગણાતાં શાસ્ત્રોમાં કોઈક જ એવા હશે જે ત્યાગ-વિરાગના બદલે ભોગ અને રાગનો ઉપદેશ કરતાં હોય કે અહિંસા અને દયાને બદલે હિંસા અને ક્રૂરતાનો ઉપદેશ કરતાં હોય અથવા 'આ જન્મનાં કરેલાં સારા-નરસા કૃત્યોનો બદલો હવે પછી મળતો નથી' એવો ઉપદેશ કરતાં હોય. એ રીતે તો બધાં શાસ્ત્રો સત્શાસ્ત્ર જ ઠરે છે, પરન્તુ એટલા ત્યાગ - વિરાગ કે અહિંસા - સદાચારના ઉપદેશ માત્રથી શાસ્ત્રોમાં સત્યપણું આવી જતું નથી.

શાસ્ત્રોનું સત્યપણું તેમાં કહેલાં તત્ત્વો કે પદાર્થોના નિરૂપણની યથાર્થતા ઉપર અવલંબે છે. જે શાસ્ત્રોમાં જણાવેલા તત્ત્વવાદ કે પદાર્થવાદનું નિરૂપણ યથાર્થ નથી, તે શાસ્ત્ર સંપૂર્ણ જ્ઞાનીનાં નહિ પણ અપૂર્ણ જ્ઞાનીનાં કહેલાં છે એમ સમજવું જોઈએ. તેથી સત્શાસ્ત્રની સાચી કસોટી તો તેના યથાર્થ ભાવવાદ ઉપર જ રહેલી ગણાય છે.

## યથાર્થ ભાવવાદ

જેમ સુવર્ણ શુદ્ધ છે કે અશુદ્ધ, તેની પરીક્ષા કરવા માટે વિચક્ષણ પુરુષો કષ, છેદ અને તાપનું અવલંબન લે છે, તેમ સત્શાસ્ત્રની પરીક્ષા માટે પણ તે જ વિધિ છે. સુવર્ણની પ્રથમ પરીક્ષા કસોટી ઉપર ઘસવાથી તેની પડેલી રેખા ઉપરથી થાય છે, તેમ શાસ્ત્રની પ્રથમ પરીક્ષા તેમાં કહેલાં વિધિવાક્યો અને નિષેધવાક્યોથી થાય છે.

કર્તવ્ય પદાર્થનો અવિરુદ્ધ ઉપદેશ આપવો તે વિધિ-શુદ્ધ શાસ્ત્ર ગણાય છે. જેમ કે 'મોક્ષના અર્થે જીવોએ તપ, સંયમ અને ધ્યાન વિગેરે કરવાં જોઈએ, સમિતિ ગુપ્તિથી શુદ્ધ ક્રિયા ઇત્યાદિ પાળવાં જોઈએ, સર્વ જીવોની હિંસા વર્જવી જોઈએ, અસત્ય ન બોલવું જોઈએ' ઇત્યાદિ ઉપદેશથી ભરપુર શાસ્ત્ર નિષેધશુદ્ધ છે. જેમ કસોટી

ઉપર બહારથી શુદ્ધ દેખાતા સોનાની અંદર અશુદ્ધિ છે કે નહિ તેને જાણવા માટે સુવર્ણકાર સોનાની લગડી વિગેરેને છેદે છે, ટુકડા કરે છે અને તેમાં શુદ્ધ જણાય તો જ તે સુવર્ણનો અંગીકાર કરે છે, તેમ કષશુદ્ધ શાસ્ત્રની પણ વિશેષ પરીક્ષા કરવા માટે છેદની અપેક્ષા રહે છે.

તે છેદ વિશુદ્ધ બાહ્યચેષ્ટારૂપ છે.

જે શાસ્ત્રમાં કહેલા બાહ્યક્રિયા વિધિનિષેધને અનુકૂળ છે, અતિચારાદિ દોષોને દૂર કરનારી છે, તે શાસ્ત્ર છેદશુદ્ધ છે. કષ અને છેદ એ બંન્ને વડે શુદ્ધ સુવર્ણ પણ જો તાપને સહન ન કરે અર્થાત્ અગ્નિમાં તપાવવાથી કાલિમાદિ દોષોથી ભિન્ન જણાય, તો તે સુવર્ણ સુવર્ણપણાંને પામતું નથી, તેમ કષ-છેદથી શુદ્ધ શાસ્ત્ર પણ તાપની પરીક્ષાને સહન ન કરે તો શુદ્ધભાવને પામી શકતું નથી. શાસ્ત્રની પરીક્ષામાં તાપ જીવાદિભાવવાદ છે. તે એવો હોવો જોઈએ કે જેમાં વિધિનિષેધરૂપ કષ ને વિશુદ્ધ બાહ્યચેષ્ટા રૂપ છેદ યથાર્થ રીતે ઘટી શકે. જે શાસ્ત્રમાં જીવાદિ પદાર્થને દ્રવ્યરૂપથી અપ્રચ્યુત-અનુત્પન્ન અર્થાત્ નિત્ય સ્વભાવવાળા અને પર્યાયરૂપથી પ્રતિક્ષણ અપરાપર ભાવને પામનાર અનિત્ય સ્વભાવવાળા નથી કહ્યા,

તે શાસ્ત્ર તાપ શુદ્ધ નથી કેમકે કાયમ ટકીને ફેરફાર થવાવાળો સ્વભાવ જીવાદિને માનવામાં ન આવે તો હિંસાદિભાવ છોડીને અહિંસાદિ ભાવ પામવાનો વિધિનિષેધાત્મક ઉપદેશ કે અશુભ ધ્યાન અધ્યયનાદિ છોડીને શુભધ્યાન અધ્યયનાદિમાં જોડાવાનો અને તેને અનુકૂળ ગુરુકુળવાસ સેવનાદિ બાહ્ય શુદ્ધ ક્રિયા આચરવાનો ઉપદેશ નિરર્થક કરે છે, તેથી તાપશુદ્ધિ એ જ શાસ્ત્રની છેલ્લી પરીક્ષામાં મુખ્ય ભાગ ભજવે છે. જેમ તાપની અંદર અશુદ્ધ નીવડેલું સુવર્ણ કષ-છેદમાં શુદ્ધ નિવડ્યું હોય તો પણ અનાદરણીય બને છે, તેમ જીવાદિ ભાવવાદમાં નિષ્ફળ નિવડેલું શાસ્ત્ર વિધિનિષેધ અથવા બાહ્યક્રિયા નિરૂપણમાં શુદ્ધ હોય તો પણ અશુદ્ધ અને અનાદરણીય જ છે.

નિષેધ કરાયેલા હિંસાદિ પાપક્રિયાઓ નવા આવતા કર્મને રોકનારી થાય છે અને વિધાન કરાયેલા ધ્યાન-અધ્યયનાદિ શુભ ક્રિયાઓ પૂર્વ ઉપાર્જિત કર્મની નિર્જરા કરાવનારી થાય છે. સમિતિ-ગુપ્તિ અને ગુરુકુળવાસાદિથી શુદ્ધ બાહ્યપ્રવૃત્તિ અવિદ્યમાન અહિંસાદિ ભાવોને ઉત્પન્ન કરનાર તથા વિદ્યમાન શુભભાવોને ટકાવી રાખનાર હોવાથી સફળ છે પણ આત્મા જ જો પરિણામી માનેલો ન હોય,

અપરિણામી માનવામાં આવ્યો હોય, તો તેમાં તે કાર્ય થઈ જ શકે કેમ રીતે? તેથી તાપની શુદ્ધિ જ કષ-છેદની શુદ્ધિ સાર્થક છે, અન્યથા નિરર્થક છે એ સિદ્ધ થાય છે. વસ્તુનું વસ્તુપણું તો જ સાબિત થાય કે જો તે સ્વસાધ્ય ક્રિયા કરી શકતું હોય, અન્યથા વસ્તુનું વસ્તુપણું ટકતું નથી.

વસ્તુને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય ધર્મવાળી માનવામાં આવે અને તેમાં અનેકાન્ત પદ્ધતિ પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મોનો સ્વીકાર કરવામાં ન આવે, તો વિધિનિષેધ કે તેને ઉત્પન્ન તથા પાલન કરવાવાળી ક્રિયાઓનો ઉપદેશ બાળના માંગા આહોના આભૂષણોની પરંપરાની શોભા પ્રદર્શિત કરવા બરાબર છે. દ્રવ્ય અને પર્યાય ઉભય સ્વભાવવાળો જીવ માનવામાં આવે તો જ તેમાં કષ અને છેદનો ઉપદેશ નિરૂપચરિતપણે ઘટી શકે તેમ છે અને તેનું ફળ જે નવીન કર્મના આશ્રવનું રોકવું તથા પ્રાચીન કર્મના બંધનનું તુટવું, નિર્જરવું બની શકે છે. નિત્ય કે અનિત્ય એકાંતવાદ માનનારના મતમાં તો વિધિનિષેધાદિનો ઉપદેશ માત્ર અને માત્ર પોતાના વાદની કલ્પિત શોભા માટે થાય છે, પરન્તુ કાર્ય કરવા માટે સમર્થ થતો નથી.

28/3/55

## થાક ઉતારવાના ૪ ઉપાયો

(૧) જે કામ કરવાનું હોય તેમાં રસ લ્યો.

(૨) થોડે થોડે કલાકે આરામ માટે આંખો બંધ કરીને બેસો.

(૩) કામને સમગ્ર રીતે ન જુઓ,
પણ તેનું વિભાજન કરીને પછી ગણતરી કરો.

(૪) જે કામ કરો છો તે નિરર્થક છે એમ કદીયે ન માનો.
દરેક કાર્યની સાથે કોઈ પવિત્ર ઉદ્દેશ સાંકળી લેવામાં
આવે તો થાકની માત્રા પ્રમાણમાં ઘણી ઘટી જાય છે.

'Virtue is its own reward.'

સદ્‌ગુણી વર્તનમાં જ એનો બદલો સમાયેલો છે.
નીતિમય આચરણ આધ્યાત્મિક સુખ આપે છે.

## હિંદુસ્થાન દેશ

આ એક એવો દેશ છે કે જ્યાં ધન વધારવા માટે
પહેલેથી ખાસ ધ્યાન આપેલ નથી.
અહીં ધર્મ પ્રમાણે એટલે નીતિથી ધન કમાવાનું કહેલ છે.
આ દેશમાં ધર્મ-અર્થ-કામ-મોક્ષ જ પુરુષાર્થ માનેલ છે,
તેમાં મોક્ષ ઉપર વધારે ધ્યાન આપેલ છે.
આમ આપણો દેશ વિશ્વમાં સૌથી નિરાળો છે.

## મળ-વિક્ષેપ-આવરણ-ધ્યાન-મુમુક્ષુતા

મળ નિષ્કામ કર્મથી, વિક્ષેપ નિષ્કામ ઉપાસનાથી અને
આવરણ જ્ઞાનાભ્યાસ, શ્રવણાદિથી દૂર થાય.

(૧) મળ = પાપ. તે બે પ્રકારે : અલ્પ અને મહાન.
આ મળદોષ રાક્ષસી પ્રકૃતિ લોભાદિ ઉત્પન્ન કરે છે.
તેના નિવારણ માટે
દાન, પૂજન અને તપ કર્મ કહ્યાં છે.

(૨) વિક્ષેપ = અંતઃકરણમાં ભોગેચ્છારૂપ મલિન સંસ્કાર.
આસુરી પ્રકૃતિનું નિવારણ ઈશ્વરોપાસના વડે થાય છે.

(૩) આવરણ = સ્વસ્વરૂપનું અજ્ઞાન. એના નિવારણનો
ઉપાય જ્ઞાન છે. શ્રવણાદિ વડે બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન થાય.
એ થયા પછી મળ-વિક્ષેપ ઉદ્ભવી શકતાં નથી.

(૪) ધ્યાન = યોગ કરતાં કરતાં જીવ-બ્રહ્મ વચ્ચે આવરણ
ભંગ થયે જે શુદ્ધ બ્રહ્મનું પ્રતિબિંબ પડે છે અને
ત્યારે જે સુખનો અનુભવ થાય, તે સાત્વિક સુખ છે.

(૫) મુમુક્ષુતા = મોક્ષની ઇચ્છા. જેમ જળની બહાર પડેલું
માછલું જળમાં જવા અત્યંત તરફડે છે અને અગ્નિમાં
સપડાયેલું પશુ તેમાંથી છૂટવા અત્યંત પ્રયાસ કરે છે,
તેમ જીવ માયામાંથી મુક્ત થવા સતત પ્રયાસ કરે છે.

## ચિત્તના વિક્ષેપ દોષ

(૧) મેલા કાચમાં મુખનું પ્રતિબિંબ પડતું નથી, તેમ મલથી મલિન થયેલ અંતઃકરણમાં ઉપદેશની અસર થતી નથી. અનાદિ મલિનતા ટાળવા નિષ્કામ કર્મ કરવા જોઈએ.

(૨) અંતઃકરણની શુદ્ધિ થયાં પછી
ચિત્તની ચંચળતા નિવૃત્ત કરવા માટે
ઉપાસનાની જરૂર છે.

ઉપાસના વગર ભલા શાસ્ત્ર ભણેલો વિદ્વાન પણ અનેક જન્મોમાં ચિત્તનો વિક્ષેપ દૂર કરી શકતો નથી.

(૩) ભગવદુપાસનાથી ચિત્તના વિક્ષેપદોષો દૂર થવાની સાથે જ મન વિક્ષેપરહિત શાંત બુદ્ધિમાં બ્રહ્માનુભવ થાય છે.

એ બ્રહ્માનુભવ જ બ્રહ્માનંદ છે.

ભર્તૃહરિ કહે છે કે:

'બ્રહ્મસુખના અનુભવ આગળ
ત્રૈલોક્યનું રાજ્ય અને તેનો વૈભવ
પણ તુચ્છ ઘણી રસહીન પ્રતીત થાય છે'.

શાલ તેવા શૈલા, દૈવે તેવું દીઠે.

મન-વચન-કાયાના વ્યાપાર સંબંધી સુદૃઢ પ્રયત્ન કરી સવરોનું ધ્યાન છે. એને 'ધ્યાનાન્તરિકા' પણ કહેવાય છે.

April 1957

## નિર્બળતા અને ક્રૂરતા

મનુષ્ય સ્વભાવની નિર્બળતા એ જુદી બાબત છે
અને મનુષ્ય સ્વભાવની ક્રૂરતા એ જુદી વસ્તુ છે.
નિર્બળતા એ ગુન્હો નથી,
કિન્તુ ક્રૂરતા એક અપરાધ છે.

## શ્રી હેમચંદ્રાચાર્યની પ્રભુ સ્તુતિ

स्वयं स्थापयसे तत्त्वं, मार्गं दर्शयसि स्वयं ।
स्वयं च त्रायसे विश्वं, त्वत्तो नाथामि नाथ ! किम् ॥१॥

હે નાથ! હું તારી પાસે શું માગું? મારા માગ્યા વિના જ તું
સ્વયમેવ તત્ત્વને જણાવી સ્વયમેવ માર્ગને બતાવે છે
અને સ્વયમેવ વિશ્વનું રક્ષણ કરે છે,
પછી મારે તારી પાસે કાંઈ માગવાનું રહેતું જ નથી.

0 'धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ?'
ધર્મથી જ અર્થ અને કામ છે,
તો પછી શા માટે ધર્મનું સેવન કરતાં નથી?

0 કવિની ચિત્તવૃત્તિ જેટલા સત્ય અને સૌંદર્યના
મૂળતમ તત્ત્વને સ્પર્શીને ગતિ કરવા લાગી છે,
તેટલા તે સત્ય અને સૌંદર્યના સર્જક બને છે.

## જૈનધર્મની વિશેષતાઓ

(૧) જૈનધર્મ દરેક વસ્તુને બે બાજુથી જુએ છે:
એક દ્રવ્યાર્થ અને બીજી પર્યાયાર્થ.
પહેલી રીતમાં સૃષ્ટિ શરૂઆત અને છેડા વિનાની છે,
બીજી રીતમાં પ્રત્યેક પળે ઉત્પત્તિ-પ્રલય થતા રહે છે.
(૨) જૈનધર્મ બે ભાગમાં વહેંચાયેલ છે:
શ્રુતધર્મ: આમાં philosophy (તત્વજ્ઞાન) આવે છે.
ચારિત્રધર્મ: આમાં ethics (ઉચ્ચનીતિ)નો સમાવેશ છે.
(૩) શ્રુતધર્મમાં ૯ તત્વો, ૬ દ્રવ્યો, ૪ ગતિઓનું વર્ણન છે.
જીવ અને અજીવનું પૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે.
જીવ તે છે કે જે જાણી-વિચારે-લાગણી બતાવે છે.
'જ્ઞાન, લાગણી, વિચાર કે ઇચ્છા કોઈ સજીવ વસ્તુ
ઉપર આધાર રાખે છે અને તે વસ્તુ ચર્મચક્ષુથી ન
દેખાતી હોય તો પણ something real છે.
(૪) જૈન તત્વજ્ઞાન મુજબ આત્મા
એક રીતે શરીરથી જુદો - બીજી રીતે તે જ્ઞાન પોતે જ છે.
(૫) જૈનધર્મ મુજબ પુનર્જન્મને આધીન
જીવાત્મા વિકાસ અને પતનને આધીન છે.

Subject to evolution and involution.

(5) આત્મા પછી અનાત્મા આવે છે.
તે ફક્ત પદાર્થ (matter) નહિ પણ ચાર વધારે છે.
અનાત્મામાં જે ચાર આત્મા નહિ તે સમાઈ જાય છે.

matter, time, space,
principle of motion and rest.

<u>યુક્તિરૂપી મોતી</u>

જે રીતે જેમાં મુક્તાફળ હોય તે છીપો
વિવિધ પ્રકારની હોય તો પણ ખોટું કારણ નહિ,
તેમ જે ઉક્તિઓમાં 'યુક્તિ' હોય,
તે ઉક્તિ ગમે તે ભાષામાં હોય તો પણ
સત્પુરુષોને ખોટું કારણ બનતી નહિ.

o સત્ય નિયમો અને મનની વચ્ચે બુદ્ધિનું સંતુલન
ન હોય તો ગતાનુગતિકતા અને વિચારશૂન્યતા વધે છે.
બુદ્ધિનું સંતુલન હોય તો સજાગતા અને ચિન્તનતા પ્રગટે છે.

o જે નહિ મળ્યું તે માટે દુઃખી ન થાઓ,
પણ જે મળ્યું છે તે માટે આનંદ પામો.

o

'A contented mind is
the greatest blessing
a man can enjoy in this world.'

## આર્ય સંસ્કૃતિના ૪ અમૂલ્ય રત્નો

(૧) અન્નદાન : ખવડાવીને રાજી થજો પણ ખાઈને નહિ.

(૨) સંપત્તિદાન : આપીને રાજી થજો પણ લઈને નહિ.

(૩) શ્રમનું દાન : કામ કરીને રાજી થજો પણ કરાવીને નહિ.

(૪) આરામદાન : જરૂરીઆત ઘટાડીને રાજી થજો, વધારીને નહિ.

## સહાનુભૂતિ

ચિન્તા સમાન કોઈ અગ્નિ નહિ.
દ્વેષ સમાન કોઈ વિષ નહિ.
ક્રોધ સમાન કોઈ શૂલ નહિ.
લોભ સમાન કોઈ જાલ નહિ.

જો મનુષ્ય પોતાના હૃદયની વ્યથાને લાગણીઓની સમક્ષ પ્રગટ કરી દે અને જેની પાસે પ્રગટ કરે તેના તરફથી થોડી પણ સહાનુભૂતિ પ્રાપ્ત કરી લે, તો તેથી તેને માનસિક શાંતિ મળે છે, કુચિન્તનની શ્રૃંખલાઓ તૂટી જાય છે અને વ્યાધિઓ આપમેળે દૂર થઈ જાય છે.

ડૉ. ફ્રોઈડ મનુષ્યના મૌલિક સ્વભાવને
સ્વાર્થ અને પાશવ માને છે.

ડૉ. ટૉયનબીન માનવના મૌલિક સ્વભાવને દૈવી માને છે, તેથી તે રોગીની સાથે સહાનુભૂતિ સહેલાઈથી સ્થાપી શકે છે.

રોગીના મનમાં આંતર્દ્વન્દ્વ હોવાના કારણે જ રોગની ઉપસ્થિતિ થાય છે. જ્યારે તે દ્વન્દ્વનો અંત આવે છે, ત્યારે રોગનો પણ અંત આવે છે. ચિકિત્સક જ્યારે રોગીની છૂપી ભાવનાઓ પ્રત્યે સહાનુભૂતિ બતાવે છે, ત્યારે તે ભાવનાઓ ધીરેધીરે આપોઆપ બહાર આવવા લાગે છે. તે બહાર આવવાથી તેના ચેતન અને અચેતન મનમાં એકતા સ્થાપિત થવાનું કામ સરલ બને છે.

ચિકિત્સકની સામક પ્રેમના ગુણ ભલે પ્રકાશિત કરવાને નહિ, તેની તરફથી સહાનુભૂતિ પ્રાપ્ત થવાથી રોગ નિવારણ થઈ જાય છે. ખરેખર! સહાનુભૂતિ એક દૈવી ભાવ છે અને માનસિક રોગોની અમોઘ ઔષધિ છે.

ઉદારતાથી સહાનુભૂતિનો પ્રયોગ કરી અને વ્યથિત-પીડિત માનવના દુઃખ-દર્દને કમ કરતા રહો.

મહાન પુરુષોની પાસે પૈસા નહિ હોતા, પરન્તુ દયા અને સાચી સહાનુભૂતિથી ભરપુર તેમનું હૃદય હોય છે.

એ હૃદય

કુબેર ભંડારીના ખજાના કરતાં પણ વધુ કીમતી છે.

ઈશ્વરનું દર્શન કોણ કરી શકશે?

જેની પાસે સહાનુભૂતિપૂર્ણ સંવેદનશીલ હૃદય હશે.

## આખું જગત સ્વર્ગ જેવું બનશે?

જેના હૃદયમાં દયા, પ્રેમ અને સહાનુભૂતિ ભરેલાં હશે.

જીવનની જે ક્ષણો વ્યતીત થઈ રહી છે,
તેને માત્ર - પ્રેમમય - સુંદર અને
બાળકો પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વિચારોથી ભરી દો.
દુઃખી અને ત્રસ્ત વ્યક્તિને આપવા માટે
તમારી પાસે રૂપિયા ન હોય
તો છેવટે સહાનુભૂતિના બે મીઠા શબ્દોનું દાન કરો.

## ભક્તિ

પોતાના શરણાગતોના અથવા નામસ્મરણ કરનારના
સર્વ પાપરાશિ હરવી એ ભગવાનની દૃઢ પ્રતિજ્ઞા છે.
ઈશ્વર વિષયક જ્ઞાન તે ભક્તિ નહિ,
પણ પ્રીતિ તે ભક્તિ છે. જ્ઞાન તો દ્વેષીઓને પણ હોય.
ભક્તિ એ ક્રિયા નહિ પણ અર્પણ છે.
શ્રદ્ધા સાધારણ છે, ભક્તિ અસાધારણ છે.
થોડો પણ ભક્તાધિકાર મોટાં પાપોનો નાશક છે.
ભક્તિમાં કર્મ નહિ. કર્મ તો ક્રિયા કે જ્ઞાનમાં છે. ભક્તોને
એક સાથે સઘળાં કર્મોનું ઉલ્લંઘન થઈ સિદ્ધિ મળે છે.
સંસારનું કારણ કેવળ અજ્ઞાન નહિ પણ અભક્તિ છે.

## 'માનવ' નામની સાર્થકતા

આહાર, આરામ અને ભોગના સાધનોનો વિસ્તાર એટલે માનવ નહિ. સ્થૂલ સાધનોની પ્રાપ્તિથી બાહ્યજીવન વધારે સગવડભર્યું બને છે પણ તેથી લોભ, મદ, સ્વાર્થ કે કપટ ઘટે નહિ. સુધારેલા પશુટેવોમાં માનવવિકાસ નથી.

માનવનો વિકાસ છે પોતે પોતાને ઓળંગી જવામાં.

પશુથી વિશિષ્ટ એવું માનવતામાં કાંઈક છે.

ભાન અને આનંદ પ્રાપ્તિની

એક અદમ્ય જિજ્ઞાસા માનવતામાં સુષુપ્તપણે રહેલી છે.

પશુભાવોને વશ થઈ

માનવતાએ આ ભાવતૃષા વિસારી છે.

બહાર પ્રગટવા મથતી ચેતનાનો અંતરઆવાજ જે સાંભળે,

તે શરીરતૃપ્તિની જેમ

માનસતૃપ્તિ માટે પણ અવશ્ય પ્રયત્ન કરશે.

સાહિત્ય, સંગીત, કલા, ચિત્ર, શિલ્પના જુદાજુદા સ્વરૂપો દ્વારા વ્યક્ત થવા મથી રહેલું માનવમન પશુત્વથી ભિન્ન સ્વભાવ દર્શાવે છે. અવ્યક્તમાંથી વ્યક્ત થવા મથી રહેલા અંતર અવાજને જે સાંભળે છે, જે અનુસરે છે, તેણે પશુભાવથી મુક્તિ મેળવીને 'માનવ' નામને સાર્થક કર્યું છે.

## માનવ જીવનનું ધ્યેય

દેહનો નાશ એ મૃત્યુ નથી. માનવતાનો વિધ્વંસ મૃત્યુ છે.

ધન, સત્તા, કીર્તિની અપ્રાપ્તિ એ નિષ્ફળતા નથી.

માનવ સહજ ગુણોનો સંકોચ એ જ નિષ્ફળતા છે.

અમૃત જેને પ્રગટાવવું છે, તેને મંથનનું કષ્ટ સહવું પડશે.

મુશ્કેલીઓમાં મુકાયા વિના જીવનસત્વ બહાર ન આવે.

મુશ્કેલીઓનો સામનો અથવા તો કાર્યની નિષ્ફળતા નહિ,

કિન્તુ પ્રયત્નનો અંત એ જ સાચો પરાજય છે.

'ગુહ્યં બ્રહ્મ તદિદં વો બ્રવીમિ
ન માનુષાત્ શ્રેષ્ઠતરં હિ કિંચિત્ ॥'

હે ભક્તો! મારી ગુપ્ત વાત છે કે મનુષ્યપણાથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી.

હું માનવ છું, પશુ નહિ.

ભલે આજે હું બાહ્યને જીતવા ન શકું, પરન્તુ

જે કાંઈ બાહ્ય છે તે મને, માનવત્વને નહિ જીતવા શકે.

જે અસીમ, અનંત, અતાગ મારામાં ભર્યું પડ્યું છે,

તેને ભલે હું આજે સમજ ન શકું, પરંતુ હું જાણું છું કે

મારી સીમા નથી, મારો અંત નથી, મારો તાગ નથી.

હું સ્થૂલ નથી, સૂક્ષ્મ છું. હું બાહ્ય નથી, આંતર છું.

સ્થૂલની પ્રાપ્તિ નહિ, પરંતુ સૂક્ષ્મનો વિકાસ મારું ધ્યેય છે.

પ્રકાશની શોધ મારું જીવન છે.

## ડૉ. આઈન્સ્ટાઈનની ધાર્મિક વૃત્તિ

પોતાની ધાર્મિક વૃત્તિ વિષે જણાવતાં
Dr. Einstein કહે છે કે:

'જે આપણને અગોચર છે, તેનું અસ્તિત્વ છે.
તેના તેજસ્વી સૌંદર્ય-સર્વોચ્ચ જ્ઞાનની ઝાંખી માત્ર જ
માનવની પરિમિત ઇંદ્રિયો અને અલ્પબુદ્ધિને પ્રાપ્ય છે.
જેનામાં આ સમજણ-ભાન છે, તેનામાં સાચી ધાર્મિકતા છે.
આ અર્થમાં હું પણ દૃઢ ધર્મપ્રિય માનવીઓમાંનો એક છું.

એ અગાધ અચરજ

આપણો સર્વ સુંદર અનુભવ થઈ શકે કે જે
સાચી કલા અને સાચા વિજ્ઞાનનું ઉદ્ગમસ્થાન છે.
આ લાગણી જેણે જીવનમાં ક્યારેય અનુભવી નહિ
અને એ લાગણી વડે
વિસ્મયથી જેનાં નેત્રો ક્યારેય પુલકિત થયાં નહિ,
તે મૃત છે, નિર્જીવ છે!

o

He is one of the noblest conquerors
who carries on a successful warfare
against his own appetites & passions &
has them under wise & full control.

## માનવતા અને વિજ્ઞાન

સાહિત્ય, કલા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાનમાં માનવતા પ્રગટે છે.
તે જેટલાં ઉચ્ચ, તેટલું જ માનવીનું વિચારજીવન ઉચ્ચ.
વિચાર વિનિમય, અંતઃપ્રેરણા, અતીન્દ્રિય દર્શન
વગેરે માટે આજે પ્રયોગો થઈ રહ્યા છે.
જડપ્રકૃતિ ઉપર માનવતાના વિજય દ્વારા વિચારપ્રકૃતિમાં
પ્રવેશ એ આજના યુગના વિજ્ઞાનનો હેતુ હોઈ શકે.
જેમ અણુનું તેમ મનનું નિરીક્ષણ પણ વિજ્ઞાન જ છે.
પ્રાકૃતિક શક્તિઓનું જ્ઞાન, તેનો ઉપયોગ, તેના ગૂઢ
રહસ્યોની સમજણ જેમ વિજ્ઞાન છે, તેમ માનવમનની
વિશાળતા, ઊંડાણ, તેની અગાધ શક્તિઓનું માપ પણ છે.
જ્યાં શ્રેષ્ઠ માનવતા, ત્યાં શ્રેષ્ઠ વિજ્ઞાન - તત્ત્વજ્ઞાન.

### આજનું વિજ્ઞાન

રાજકીય - આર્થિક - સામાજિક બંધનોથી જકડાયેલું છે.
ધર્મથી ભાગી સાવ વિખૂટું પડી ગયેલું છે.
એ તેની સૌથી મોટી ખામી - ખાટામાં મોટી નબળાઈ છે.
જ્યાં સુધી વિજ્ઞાન રાજસત્તાથી, રાજસત્તા વ્યાપારી હિતોથી,
વ્યાપારી હિતો અર્થસંગ્રહથી, અર્થસંગ્રહ સ્વાર્થવૃત્તિથી અને
સ્વાર્થવૃત્તિ વાસનાવૃત્તિથી દબાયેલા છે,
ત્યાં સુધી વિજ્ઞાન માનવને ઉંચે ક્યાંથી લાવે ?

પડેલા માનવીએ વિજ્ઞાનને પાડ્યું છે.
વિજ્ઞાનને ઉંચે લાવવા માણસે ઉંચે આવવું જ પડશે.
મનુષ્યને ઉંચે લાવનાર ધર્મ, સ્વાર્થવૃત્તિનો ત્યાગ,
વાસના પર વિજય, જ્ઞાનનો પ્રકાશ અને પ્રેમની ઉષ્મા છે.
એના વડે વિકસિત થયેલો માનવ
અણુ અને વિશ્વ, પદાર્થ અને શક્તિ, કાળ અને અવકાશના
રહસ્યોને પાર કરવા સાથે ભાવ અને વિચાર, મન
અને આત્માના ગૂઢતમ રહસ્યોના પણ પારને પામશે.

## શ્રદ્ધા અને તેનું બળ

૨૦૦ વર્ષ પહેલાં વાયેનાનાં ડૉ. મેસ્મેરે એક ધર્મગુરુને
શ્રદ્ધાથી રોગ નિવારણ કરતાં જોયા. તેમણે તે ઉપરથી
suggestion & auto-suggestionsની હદ અને
મન ઉપરની અસરોનો અભ્યાસ કર્યો, કેટલાક નિયમો
નક્કી કર્યા અને તે ઉપરથી 'મેસ્મેરીઝમ'નું વિજ્ઞાન રચ્યું.
હૃદયના રોગીને તેઓ કહે છે: 'તમારી હૃદય ફેફસાં
ઉપરથી તમારા મન ઉપર ન પહોંચે તેની કાળજી રાખો.'
હૃદયથી મર્યા છે તેથી વિશેષ દર્દી હૃદયની ચિંતાથી મર્યા છે.
શારીરિક રોગથી નહિ થયા હોય તેટલા મૃત્યુ
આશા અને શ્રદ્ધાના અભાવથી થયા છે.
શ્રદ્ધા અને વિશ્વાસનું બળ અપરિમિત છે.

## શ્રદ્ધાના પ્રયોગો

આશરે ૧૦૦ વર્ષ પહેલાં માન્ચેસ્ટરના ડૉ. બ્રેડે
નિદ્રા માટેના ગ્રીક શબ્દ Hypnos ઉપરથી
Hypnotism શબ્દની રચના કરી, જેને
સંસ્કૃતમાં 'વશીકરણ વિજ્ઞાન' કે 'મૂર્છાશાસ્ત્ર' કહેવાય.
જ્યારે કોઈ વ્યક્તિ ઉપર Hypnotism થાય,
ત્યારે તે વ્યક્તિ જાગૃત પણ નહિ અને નિદ્રિત પણ નહિ.
તેનું બાહ્યમન નિદ્રિત છે. આંતરમન જાગૃત છે.
વ્યક્તિની આવી અવસ્થાને 'મૂર્છા' કહે છે.
શંકાને દૂર કરવા ઉપર તે ભાર મૂકે છે.
આંતરસામર્થ્યને ઉપયોગમાં લેવા માટે
શંકાને દૂર કરવાની સાથે
સમ્યક્ શ્રદ્ધાને પ્રગટાવવી જોઈએ.
શ્રદ્ધા એક એવું વાહન છે
જે દ્વારા
સૂક્ષ્મ વિચારની મહાશક્તિઓ પ્રાગટ્ય પામે.
મહાપુરુષોના જીવન પ્રસંગોના જીવંત ચમત્કારો
આ સમ્યક્ શ્રદ્ધા-આત્મશ્રદ્ધા-સ્વાત્મની
અચિન્ત્ય શક્તિના જાગૃત ભાનમાંથી જ પ્રગટ્યા હતા.

## સૂત્ર લેખન

ભારતમાં એક કાળે સૂત્રલેખનનો વેગ હતો. સેંકડો ગ્રન્થોનું સત્ત્વ એક સૂત્રમાં ગુંથાતું. બ્રહ્મસૂત્ર અને યોગસૂત્ર તેનાં દૃષ્ટાંત છે. આ સૂત્રોનાં વાંચનની યોગ્યતા ક્યારે આવતી? વ્યાકરણ અને ન્યાયના વર્ષોના નીરસ અધ્યયન પછી જ.

એ કાળે જ્ઞાન માટે લોકો પ્રયત્નપૂર્વક મથતા. આજે વિના પ્રયત્ને રસભર્યું બધું મળી જાય તો જ જ્ઞાન જોઈએ છે. આજનો વેગ સૂત્રોનો નહિ પણ સારનો છે. શબ્દોના સંક્ષેપની મહાકળા વિસારીને કોઈપણ પ્રજા વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનનું સર્જન ન કરી શકે. વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનના મહાશિખર ઉપર ચઢવા માટે સખત પરિશ્રમ કરવો પડશે.

## ભક્તિનું બળ

ભક્તના હૃદયમાં ભક્તિ-ચન્દ્રિકાના ઉદયથી
દયાસિંધુમાં ભરતીઓનું ઉઠવું સ્વાભાવિક છે.

ભક્ત પાસે જો પ્રેમસ્વરૂપા ભક્તિ વિદ્યમાન છે, તો પ્રભુએ પરવશ થઈને પોતાની અનુકંપાનું મુખ ખોલવું પડશે. કર્મ કરતાં ભક્તિનું બળ પ્રત્યક્ષપણે ઘણું વધારે છે. મજુર કર્મથી મજુરી મેળવે, કૃપાથી માલિક સમોવડ બને. સૂર્યનો પ્રકાશ સમાન ભાવથી સર્વને પ્રકાશિત કરે છે, પણ સૂર્યમુખી કાચમાં સૂર્યની શક્તિનું વિશેષ પ્રાકટ્ય થાય છે.

## જ્ઞાનપ્રાપ્તિની ચાવી

'તમે આટલું બધું જ્ઞાન કઈ રીતે સંપાદન કર્યું?'

વિદ્વાને આ પ્રશ્નનો ઉત્તર આપ્યો:

'હું કેટલો અજ્ઞાની છું એ વાતથી સતત જાગૃત રહું છું અને શરમ અથવા ભય વિના વારંવાર પ્રશ્નો પૂછું છું.' પ્રશ્નોની પણ એક કળા છે. આથી જિજ્ઞાસાવાળાને જ પ્રશ્નો જાગશે અને પ્રાપ્ત ઉત્તરો ઉપર વિચાર પણ થશે. પ્રશ્નો જગાડવા, તેના ઉત્તરો મેળવવા, તેના ઉપર વારંવાર ચિંતન કરવું, એ જ્ઞાનપ્રાપ્તિ માટે અતિ અગત્યનું છે.

જ્ઞાન સંપાદનની ચાવી 'પ્રશ્ન' છે.

જેને જિજ્ઞાસા નથી, તેને પ્રશ્ન નથી.

વિના સંકોચે જ્ઞાનવૃદ્ધિ માટે પ્રશ્નો પૂછવાની જેને ટેવ છે, તેને કશું ગુમાવવાનું નથી.

બીજ પ્રશ્ન ઉગાડવાની તેમ પ્રાપ્ત વિગતોને વાગોળવાની એ એક વિશેષ કળા છે. વિગતોના છૂટા ટુકડા નિરૂપયોગી છે.

વિગતો એકરસ થવી જોઈએ.

'પ્રશ્નની મહાનતા જ્યારે વિસ્તાર પામે છે, ત્યારે એ સ્વયં પોતાનાં વિચારણાઓનું સ્વરૂપ ધારણ કરે છે.' આવા આંતરવિચારણાઓમાં માત્ર સ્મૃતિની હકીકતો નથી. નવા વિચારમાર્ગો માટેની આંતરપ્રશ્ન પરંપરા અહીં જાગે છે.

પ્રશ્નોના સાચા ઉકેલ માટે પોતે પોતામાં જવું પડશે.
જેનામાં અંદર જવા જેટલી ધીરજ નહિ હોય,
તે વિચારક થવાની તાકાત ક્યાંથી મેળવશે?

જાતની સાથે જે જે પ્રશ્નો મૂકાય, તેના ઉત્તર પ્રથમ પોતે વિચાર કરી લેવો ઘટે. માત્ર પૂછવા ખાતર પૂછવાનો કોઈ અર્થ નથી. જો પ્રશ્ન 'પોતાનો' નહિ હોય, તો પ્રત્યુત્તર 'પોતાનો' નહિ બને. જેટલા ઊંડાણથી પ્રશ્ન પૂછાયો હશે, તેટલા ઊંડાણથી પ્રત્યુત્તર પોતામાં પહોંચશે. માત્ર વિનોદ કે અન્યના જ્ઞાનનું માપ કાઢવા કે ક્ષુદ્ર કુતૂહલવૃત્તિ કે અહંભાવને પોષવા માટે પ્રશ્ન ન હોવો ઘટે. પ્રશ્ન જેટલો વધુ ચોક્કસ, પ્રત્યુત્તર તેટલો વધુ સૂક્ષ્મ. સરસ્વતીના રત્ન ભાંડાગારની એકનીએક ચાવી '<u>પ્રશ્ન</u>' છે.

## વિશુદ્ધ આત્મપ્રેમ

વિશુદ્ધ આત્મસ્વરૂપ કેવળ અનુભવગમ્ય છે કે જે અનુભવ, મન, વચન, દેહથી અલગ થઈ હૃદયના અંતરતમ પ્રદેશોમાં આજે જ, આ ક્ષણે જ થઈ શકવા યોગ્ય છે. તે અનુભવદ્વાર ખોલવા પ્રેમભર્યો એક જ સાદ બસ છે,
કે જેને આપણે ભવ પ્રેમ માનીને
કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગરૂપે પરમાં પાથરી બેઠા છે.

પ્રેમ વિનાનું શાસ્ત્રીય જ્ઞાન પણ ઊણું જ મનાયું છે. પાણી માટે તરસ્યાની જેમ ઇષ્ટ લગનીથી વિજાતીયતો આ પ્રેમ અપ્રયાસે આકર્ષિત થવા યોગ્ય છે.

વિજાતીયતો તંતુગણ આકર્ષિત થઈને પરિપુષ્ટ રજ્જુપણે પરિણામે અતિ બલિષ્ઠ જાનવરને પણ વશ કરવા સમર્થ છે, તેમ સમુચિત પ્રેમપાશ વડે તરલતમ મનમતંગજ વશ કરી શકાય છે કે જેના પર આરૂઢ થઈ અનુભવ-દ્વારે પહોંચવું સાધકને માટે અત્યંત સુગમ હોય છે.

પ્રેમ એ મહાવશીકરણ મંત્ર છે. પ્રેમ દર્દીના પોકારથી ઉઘડેલા અનુભવદ્વાર વડે સમગ્ર તત્ત્વજ્ઞાનના નિષ્કર્ષભૂત સ્વરૂપ વિલાસ ભુવનમાં પ્રવેશ થઈ શકે છે, કે જ્યાં વિશુદ્ધ આત્મસ્વરૂપને ભેટવામાત્રથી નિપજેલા નિરાકુલ, નિરવધિ, નિરુપાધિક આત્માનંદનું વર્ણન કોણ કરી શકે?

ઇંદ્રિયગ્રાહ્ય સુખાભાસરૂપ દામ્પત્યનું પ્રથમ રતિસુખ પણ અવર્ણનીય મનાયું છે, ત્યાં ઇંદ્રિયાતીત આત્મિક સુખને વાણી અથવા લેખ દ્વારા કેમ વર્ણવી શકાય? સ્વનંદાભાસના હેતુભૂત પતિસ્વરૂપ જેમ સતી વડે અનન્ય-અલૌકિક હોય છે, તેમ પરમાનંદના હેતુભૂત વિશુદ્ધ આત્મસ્વરૂપ અનુભવી મુમુક્ષુ આત્માઓ વડે પણ અનન્ય-અલૌકિક હોય તેમાં શી નવાઈ?

## <u>અનુભવની બે બાજુઓ</u>

અહિંસા અને અનેકાંતવાદ.

એકનો સંબંધ હૃદય સાથે છે,

બીજાનો સંબંધ બુદ્ધિ સાથે છે.

આ બે બાજુઓ જ સાધકને આત્મોન્નતિ અપાવે છે.

## આત્મભોગ

આત્માને ખરેખરી રીતે ભોગવવા માટે આત્મા નહિ એવા ચીજોનો ઉલ્લાસપૂર્વક ભોગ આપવો તે સાચો આત્મભોગ છે. જેમ કે <u>દાનમાં</u> ધનનો, <u>શીલમાં</u> વિષયોનો, <u>તપમાં</u> અન્ન-આહાર-નિદ્રાનો અને <u>ભાવમાં</u> અનાત્મ એવા આપણા મનનો ભોગ આપવાનો છે, ત્યાગ કરવાનો છે, તેથી તે ખરેખરા અર્થમાં 'આત્મભોગ' કહેવડાવવાને લાયક છે. આત્મભોગ એ કેવળ સાહિત્યનો અલંકાર જ નહિ પણ જીવનમાં ધન, વિષય, અન્ન અને મન જેવા અનાત્મ વસ્તુઓના ભોગનો ત્યાગ કરી સંતોષ, શીલ, તિતિક્ષા, જ્ઞાન, શ્રદ્ધા જેવા આત્મિક વસ્તુઓનો ઉપભોગ કરવાનો છે. દાન - શીલ - તપ - ભાવ - સંતોષ - વૈરાગ્ય - સહિષ્ણુતા અને સમતા વડે જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણયુક્ત આત્માનો ઉપભોગ કરી શકાય છે.

## તપ એ શાંતિનો છડીદાર

જલતો અગ્નિ જેમ એક્કે દિશા કે
એક્કે ખૂણાને બાળ્યા વિના છોડતો નથી,
તેમ તપ મનુષ્યના જીવનની
એક્કે દિશા કે ખૂણો છોડતો નથી,
પણ જ્યાં જ્યાં નબળો કચરો હોય,
નબળા ભાવનારૂપ જાળાં હોય,
નબળા કે હાનિકારક ટેવરૂપી ઝાડજાળાં હોય,
ત્યાં પહોંચી જઈ, એને બાળી સફાચટ કરે,
ત્યારે જ તેને શાંતિ થાય છે.
સઘળા કચરાને બાળી તપ શાન્ત થાય છે,
અદૃશ્ય થાય છે અને પછી
એ મનુષ્યમાં સંપૂર્ણ શાંતિ પ્રગટે છે.
તપ એ શાંતિ અને સમતા,
સંતોષ અને સમાધિનો છડીદાર છે.
શાંતિથી વિચાર કરી શકાય એ
પણ કાંઈ ઓછો લાભ નથી.

o

'વ્યક્તિ એ ભગવાની અભિવ્યક્તિ છે' એટલે કે
man is manifestation of the Divine.

ડીસા, આસો સુદ ૧૨, સં. ૨૦૧૪ - ઈ.સ. ૧૯૫૮

૨૪ કડી કેસરા શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા

(૧) સર્વ ગતિમાં એક મનુષ્ય ભવ જ સારરૂપ છે કે જેમાં તારી સેવા પ્રાપ્ત થાય છે. પાંચ મેરૂમાં એક સુમેરૂ જ શ્લાઘ્ય છે કે જ્યાં કલ્પવૃક્ષની શ્રેણી રહેલી છે.

(૨) દુઃખનાં જ એક ગૃહરૂપ મનુષ્ય જન્મને પણ મુનીઓ વખાણે છે, તેનું કારણ તારી સેવા માત્ર છે.

બુદ્ધિમાનો સર્પથી વીંટાયેલા ચંદનનો પણ
સુગંધના લોભથી આદર કરે છે.

(૩) ઉદાર એવું મનુષ્યપણું પામીને પણ જેઓ તારી સેવા નથી કરતાં, તે એવા લોકો જ છે, જે કલ્પવૃક્ષનું ફળ સામે હોવા છતાં લેવાને માટે હાથ લંબાવતા નથી.

(૪) તારા સ્નાનજલનો અભિષેક પુણ્યરૂપી કલ્પવૃક્ષના સિંચન માટે થાય છે. તારી પુષ્પપૂજાથી પૂજકને હેતુ થાય છે પૂજ્યત્વનો. તારા ગુણોથી ગૂંથાયેલા પુષ્પમાળાને જેઓ કંઠે ધારણ કરે છે, અભંગ સૌભાગ્યથી વશ થયેલા લક્ષ્મી તેઓને વરવા માટે તેમની પાછળ લાગુ ફરે છે.

(૫) તારી સ્તુતિને વિષે રટતું મન, તને જોવા માટે તલસતાં નયન, તારા ચરણોને નમનાર મસ્તક અને તારા નામનો જપ કરનાર કર લક્ષ્મીને પ્રિય બને છે.

(૬) તારું મુખ નહિ જોનારાં નેત્રો નિરર્થક છે. તારી કથા સાંભળવાના રાગથી રહિત કર્ણ નિષ્ફળ છે. જેવી રીતે ભાગ્યહીન મનુષ્યને રત્નવૃષ્ટિની ઝલક મળતી નથી, તેવી રીતે તારી પૂજા માટેના પુષ્પોને જે પ્રમાદથી પોતાના હાથમાં લેતા નથી, તેમના ભવદુઃખની હાનિ થતી નથી.

(૭) તારા ચરણકમળમાં હું ભ્રમર બનું.
તારી આજ્ઞા હું મસ્તક ઉપર વહું.
તારી સ્તુતિ કરવામાં હું સાવધાન થાઉં.

(૮) હું મારી ઇચ્છાથી બન્યો હું તારો સેવક બનું,
તેથી વિશિષ્ટ લાભ કંઈ પણ છે?

(૯) હે દેવ! જો અંધકાર સૂર્યનો પરાભવ કરે તો જ સરાગતા તારો આશ્રય કરે. તારામાં જો વિરાગતા આશ્રય ન કરે તો સૂર્ય પ્રકાશને ક્યારેય આશ્રય ન જ કરે.

(૧૦) જેણે સહાય વિના, ક્રોધ વિના, જીતવાની ઇચ્છા વિના, ઉત્સવ વિના પણ દુર્જનના સમૂહને જીતી લીધો હોય,
તે કોને આનંદ કરનાર ન થાય?

(૧૧) ઉપેક્ષા કરવા છતાં
તે ત્રણ જગતનો તમે પાપથી ઉદ્ધાર કર્યો,
તે તારા યશને બાળ કેવી રીતે મેળવી શકે કે રોકી શકે?

(૧૨) તારી સભામાં સિંહ અને હરણ, ગરૂડ અને નાગ બેસી શકે છે. તારી આવી અનુત્તર પ્રભાવ વિદ્વજ્જનોને હર્ષ દેનાર છે. તારી ભોગસમૃદ્ધિ, તારું રૂપ, તારું વચન અલૌકિક છે, છતાં લોકો લૌકિકતાને કેમ તજતું નથી?

(૧૩) તારી અભાવ કલ્પવૃક્ષ કાષ્ઠપણાને ધારણ કરે છે, ચિન્તામણિ પાષાણપણાને, કામધેનુ પશુપણાને, કામઘટ માટીપણાને ધારણ કરે છે. તને છોડીને તેની પાસે કોણ યાચના કરે? તારી પ્રસન્નતામાં તે બધા જ પ્રસન્ન છે.

તારી અપ્રસન્નતામાં તે બધા અપ્રસન્ન છે.

(૧૪) કાયાના કષ્ટ વડે રાજાઓની સેવા કરનારાઓ પણ અલ્પ ફળ તો મેળવે જ છે, જ્યારે તું તો માત્ર હૃદયની ભક્તિથી જ તારા ભક્તોના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે.

માટે તું સર્વથી ચઢિયાતો છે.

(૧૫) સ્વર્ગાપવર્ગ આપવામાં સાવધાન

એવા તારી પાસે વૈષયિક સુખ કોણ માંગે?

કલ્પવૃક્ષ પાસે બદરી ફળ તો યાચનાતીત હોય તે જ માંગે.

જો કે અનુષંગથી તે અવશ્ય મળે છે.

(૧૬) તારી વાણીથી જીતાયેલા સાકર દ્રાક્ષ લઈને વનમાં પેસી ગઈ છે અને તારી વાણીમાં નવરસો મનોહર છે.

અમૃતમાં જુદું જુદું તો છ જ રસો છે.
અમૃતની ઉપમા તારી વાણીને આપવા તે હીનોપમા છે.
ઈક્ષુ વૃક્ષજાતિની અને અલ્પ સારવાળી છે,
જ્યારે તારી વાણી તો સમગ્ર સારવાળી છે,
તેથી તે ઉપમા પણ કેમ અપાય?

(૧૭) જ્ઞાનને વિતરનારી તારી વાણીરૂપી સરસ્વતી પ્રસિદ્ધ છે. તે પ્રાણીઓના અંતઃકરણમાં રહેલા ધર્મની સમૃદ્ધિને વિસ્તારે છે અને પાપરૂપી પંકને શોષે છે.

(૧૮) જેમ રાશિમાં કણ રહે - કણમાં રાશિ નહિ, તેમ જાણ દર્શનમાં નયો છે, નયોમાં તારું દર્શન નહિ. સ્ફુલિંગોથી અગ્નિની જેમ તારું દર્શન અન્ય મતોથી પરાભવ પામતું નહિ.

(૧૯) તારા શાસનરૂપી સાગરમાં અન્ય દર્શનો છે, અન્ય દર્શનોરૂપી નદીમાં તારું શાસન નહિ. તારો ઉપદેશ પામીને પરિકલિત થયેલા અંદા સાથે સુખ દઇએ છાજે.

(૨૦) તારા શાસનમાં હિંસાદિ કલુષિત વચનો નહિ, અનાપ્તાદિ રચાયેલું નહિ અને તે પ્રતિવાદીઓથી અંગીકાર કરાયેલું નહિ.
આમ તારા શાસનમાં કોઈપણ દોષ નહિ.

(૨૧) 'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ।'
મુનિઓનું એવું પ્રસિદ્ધ વચન તારા શાસનને લાગુ પડે છે,

કારણકે મહાવ્રતધારી મહાજન તેને ઇષ્ટ-હિતકર માને છે.

(૨૨) તારા નામસ્મરણથી મનુષ્યના
આઠે પ્રકારના ભયો નાશ પામે છે.

(૨૩) હે ત્રિજગજ્જન વત્સલ! તારી પાસે આ મહાયશ એટલું જ માંગુ છું કે પ્રત્યેક ભવમાં ઉપકારક એવું તારું શાસન મને મળજો. તારા શાસન ઉપર પ્રત્યેક જન્મમાં મને રતિ થજો.

(૨૪) અહો જગતના જીવોના વાંછિત પુરવામાં પટુ એવા
હે પાર્શ્વ જિન! મેં તમારી સ્તુતિ કરી છે,
તો હવે મને યશ અને વિનયની પુષ્કળ લક્ષ્મી આપજો.

૦ હિંસાની જડ મનુષ્યની
સ્વાર્થવૃત્તિ, ભોગવૃત્તિ, મોહ-મમત્વની ભાવનામાં છે.
તેને પલટાવવાની રીત સ્વાર્થ ત્યાગ કરવાના પ્રયત્નમાં છે.
તે કાર્ય દાન, શીલ, તપ અને ભાવધર્મ વડે સધાય છે.

૦ મૈત્રી ભાવનાને માતાની ઉપમા છે.
પુત્રના હિતની ચિન્તા, પુત્રના ગુણનો પ્રમોદ,
પુત્રના દુઃખની કરુણા, પુત્રના દોષોની ઉપેક્ષા કરનાર
માતાનું બીજું નામ 'વાત્સલ્ય રસ' છે.
માતામાં પુત્ર-પુત્રી પરત્વેના સ્નેહમાં તથા મૈત્રીભાવમાં
જીવમાત્ર પરત્વેના સ્નેહમાં સ્થાયીભાવ છે.

Shildar, સંવત-2015

## અર્થસંપતિમાં રહેલા ૭ ગુણો

(૧) નૈસર્ગિકત્વ - સ્વાભાવિક મૂલ્ય.
(૨) વિશેષત્વ - સૌ ઓળખી શકે.
(૩) ઐકાત્મ્ય - લગડી રૂપ એવું થઈ શકે.
(૪) અવિનાશિત્વ - પાણી કે આગથી નાશ પામે નહિ.
(૫) સ્થાયિત્વ - કીંમતમાં વારંવાર વધ-ઘટ થાય નહિ.
(૬) સુવાહ્યત્વ, સુગ્રાહ્યત્વ - હેરફેર સરળતાથી થઈ શકે.
(૭) વિચ્છેદ્યત્વ - ઘર, ઢોર સિવાય જેના ભાગ થઈ શકે.

પુટ્ઠં સુણેઇ સદ્દં, રૂવં પુણ પાસઇ અપુટ્ઠં તુ ।
ગંધં રસં ચ ફાસં ચ, બદ્ધપુટ્ઠં વિયાગરે ॥૧॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

o શબ્દ ઉત્કૃષ્ટથી ૧૨ યોજનથી આવેલો સંભળાય,
રૂપ ઉત્કૃષ્ટથી સાધિક લાખ યોજનથી આવેલો દેખાય,
ગંધ-રસ-સ્પર્શ ૯ યોજનથી આવેલો ગ્રહાય.

શબ્દના પુદ્ગલ બહુ સૂક્ષ્મ અને ભાવુક હોય છે.
ગંધ, રસ, સ્પર્શના પુદ્ગલ બાદર, અભાવુક અને અલ્પ હોય.
ભાસુરરૂપ = ચળકાટવાળું ૨૩ લાખ યોજન દૂરથી પણ ગ્રહાય છે.
શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુઇંદ્રિય પોતાનો વિષય ગ્રહણ કરવામાં
વિશેષ શક્તિશાળી છે - શેષેન્દ્રિયો ઓછી શક્તિશાળી છે.

## પ્રાર્થનાનું ફળ

(૧) પ્રવચનની આરાધના = ઉપકારીઓની સ્મૃતિ
(૨) સન્માર્ગની દૃઢતા = ઉપકારીઓની ભક્તિ
(૩) કર્તવ્યતાનો નિશ્ચય = ઉપકારની સ્મૃતિ
(૪) શુભાશય વૃદ્ધિ (૫) સાનુબંધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ.

## ચતુર્વિંશતિ સ્તવ

સાવદ્યયોગ વિરતિરૂપ સામાયિક કહ્યા જાય તેને
ઉપદેશનારા અરિહંતોનું ઉત્કીર્તન કરવું જોઈએ.

## દ્રવ્યોત્કીર્તન એટલે

પુષ્પ-વસ્ત્ર-ગંધ-અલંકાર આદિ.

## ભાવોત્કીર્તન એટલે

વિદ્યમાન ગુણોનું કીર્તન.

દ્રવ્યસ્તવ જીવવધયુક્ત હોવાથી સાધુઓ ઈચ્છતા નથી.
વિરતાવિરત માટે દ્રવ્યસ્તવ પણ યુક્ત છે.
વિરતાવિરતને દ્રવ્યસ્તવથી જ ધર્મધ્યાન સંભવે છે.
કૂપ દૃષ્ટાંતથી સંસાર પ્રતનુ અલ્પ કરનાર છે.
પ્રભૂતતર નિર્જરાનો હેતુ અને શુભાનુબંધિ છે.
કૂપખનનમાં તૃષા-પંકાદિથી વિશેષ બાધિત થવાય છે,
તો પણ તૃષાદિ નિવારણ માટે તે અનિવાર્ય છે.

चेइअकुलगणसंघ आयरियाणं च पवयण सुए अ।
सव्वेसु वि तेण कयं, तव संजमे उज्जमंतेणं ॥
चंदाइच्च गहाणं पहा पया सेइ परिमिअं खेत्तं ।
केवलिअनाणलंभो लोगालोगं पगासेइ ॥
(परिशिष्ट-२)

<u>આઠ પ્રકારના લોક</u>

(૧) નામલોક (૨) સ્થાપના લોક
(3) દ્રવ્યલોક → જીવ - અજીવ, રૂપી - અરૂપી અને સપ્રદેશ - અપ્રદેશ, નિત્ય - અનિત્ય.
(૪) ક્ષેત્રલોક → ઉર્ધ્વાધોતિર્યક્ લોકવર્તિ આકાશ પ્રદેશો.
(૫) કાલલોક → સમયાવલિ મુહૂર્ત પક્ષ - માસ - સંવત્સરાદિ.
(૬) ભવલોક → નારક-દેવ-મનુષ્ય-તિર્યંચને વિષે વર્તતા જીવો.
(૭) ભાવલોક → ઔદયિકાદિ ષડ્વિધ ઉદય પ્રાપ્ત રાગ અને દ્વેષાદિ ભાવ વડે લોકપ્રધાન લોક છે તે.
(૮) પર્યવલોક → દ્રવ્યોના જ્ઞાનાદિ, રૂપ - રસાદિ ગુણો તે.
આલોક, સંલોક, પ્રલોકલોક = આઠ પ્રકારના લોકને જોવા.
<u>ઉદ્યોત</u>: દ્રવ્ય - અગ્નિ, ચંદ્ર, સૂર્ય, મણિ, વિદ્યુત, દીપ અને દીપાદિ વડે ઘટાદિ દ્રવ્યોનો ઉદ્યોત થાય છે, પણ તદ્ગત નિત્યાનિત્યત્વાદિ ધર્મોનો ઉદ્યોત થતો નથી.

૦ ભાવોદ્યોત: અર્હત્ પ્રણીત વસ્તુસ્વરૂપને વિષે
ઉપયોગ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.
દ્રવ્યોદ્યોત: તે પરિમિત ક્ષેત્રને પ્રકાશે છે,
જ્યારે ભાવોદ્યોત લોકાલોકને પ્રકાશે છે.
માગધાદિ એ દ્રવ્યતીર્થ અને દર્શન - જ્ઞાન - ચારિત્રને
વિષે જ ભાવતીર્થ શબ્દ લાગુ પડે છે.

कोहंमि उ निग्गहिए दाहस्स उवसमणं हवइ तित्थं।
लोहंमि उ निग्गहिए तण्हाए छेयणं होइ ॥१॥

અર્થાત્ ક્રોધનિગ્રહ એ જ તાત્ત્વિક દાહોપશમ છે,
લોભનિગ્રહ એ જ તાત્ત્વિક તૃષ્ણાછેદ છે.

૦ अट्ठविहं कम्मरयं बहुएहिं भवेहिं संचियं जम्हा।
तव-संजमेण धोवइ तम्हा तं भावओ तित्थं ॥२॥

અર્થાત્ બહુભવ સંચિત કર્મરજને
તપ - સંયમ વડે પ્રક્ષાલન એ જ તાત્ત્વિક મલક્ષાલન છે.

## લોગસ્સસૂત્રની અનુપ્રેક્ષા

જિન એટલે ક્રોધ - માન - માયા - લોભને જીતનારા.
અરિહંત એટલે ભાવઅરિ અને કર્મરજને હણનારા.
'કીર્તન કરીશ' એટલે કે મનુષ્ય - સુરને સદૈવ કીર્તનીય,
જેમણે જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ - વિનયાદિ વિતરક,

સુખકર, ગુણકર, આનંદકર, નિર્વૃત્તિકર પદાર્થો બતાવ્યા છે,
તેવા ચોવીસ ઋષભાદિ તીર્થંકરોનું હું કીર્તન કરીશ.
'અપિ' શબ્દથી મહાવિદેહાદિ તથા ઐરાવતક્ષેત્રના જિન લેવા.
'કેવલી' એટલે સંપૂર્ણ જ્ઞાની - દર્શની - ચારિત્રી.
છદ્મસ્થ અરિહંતના નિરાસ માટે કેવલી.
ઉપશાંત મોહાદિના નિરાસ માટે અર્હત્.
વિભંગજ્ઞાની આદિના વ્યવચ્છેદ માટે જિન.
અવધિજ્ઞાની આદિ તથા ચન્દ્રાદિના વ્યવચ્છેદ માટે ધર્મ-તીર્થંકર.
'લોક' કહેવાથી આકાશાસ્તિકાયમાં અલોક પણ આવી જાય.
વિધુયરયમલા તેમાં રજ અને મલના પ્રકાર
બધ્યમાન તે કર્મરજ, પૂર્વબદ્ધ તે મલ.
ઐર્યાપથિક તે રજ, સાંપરાયિક તે મલ.
બદ્ધ - સ્પૃષ્ટ - નિધત્તાદિ રજ જ્યારે નિકાચિત એ મલ છે.
તીર્થંકરો યદ્યપિ રાગાદિરહિત હોવાથી પ્રસન્ન થતા નથી,
તો પણ અચિન્ત્ય ચિન્તામણિ જેવા તેમને ઉદ્દેશીને
અંતઃકરણની શુદ્ધિ વડે સ્તુતિ કરનારને
તે સ્તુતિપૂર્વક જ ઇષ્ટફલની પ્રાપ્તિ થાય છે.
સ્તુતિ એ વૃથા પ્રલાપ નથી કિન્તુ અંતઃકરણની શુદ્ધિ માટે
તેમની પ્રસન્નતા માંગવી જરૂરી છે.

૦ મિથ્યાત્વમોહ[૧], ચારિત્રમોહ[૨૨], જ્ઞાનાવરણ[૫] એ ત્રણ
પ્રકારના અંધકાર છે, તેનાથી ઉન્મુક્ત થવા ગુણગ્રાહણ,
પ્રશંસન, વંદન, કીર્તન, વિનય, વાચા વડે નમન ભક્તિ
સ્તુતિ-સ્તવનાદિ ઉપાયો છે, જેનાથી તદર્થ સુધર્મ પ્રાપ્તિ,
પ્રકાશમય જ્ઞાનાદિરૂપ ભાવસમાધિ અને પ્રાંતે સર્વોત્કૃષ્ટ
બોધિલાભ માટે આવશ્યક એવું મોક્ષાશીષ મળે છે.
'આપો' એ નિદાન નહિ - નિષ્ફળ પણ નહિ, પણ પ્રવચન
આરાધના છે. કર્મબંધનો હેતુ હોય, તે જ નિદાન ગણાય છે.

અરિહંતોના ધ્યાનથી જ મોક્ષાદિ પ્રાપ્ત થાય છે,
માટે આ પ્રાર્થના નિષ્ફળ પણ નહિ.
આરોગ્યાદિને કારણ દર્શન-જ્ઞાન-ચારિત્રનો
ઉપદેશ તેમણે જ આપ્યો છે.
આપવા લાયક ઉત્તમ વસ્તુઓ છે, તે તેમણે જ આપી છે.
પ્રાપ્ત થયેલ બોધિ - સદ્બુદ્ધિ,
તેને સદનુષ્ઠાન વડે સફળ નહિ કરતો અને
અનાગત સદ્બુદ્ધિની પ્રાર્થના કરતો પ્રાપ્ત થયેલ
બોધિથી પણ ભ્રષ્ટ થાય છે.

શિયાળીઓ મોઢામાં રહેલ માંસપેશીને છોડી મત્સ્યની
પાસે માગવા ગયો તો ઉભયથી ભ્રષ્ટ થયો, તેમ પ્રાપ્ત

બોધિને પ્રમાદથી સફલ નહિ કરનારો અને અન્ય
બોધિની પ્રાર્થના કરનારો પણ ઉભયથી ભ્રષ્ટ થાય છે,
કારણ કે તે આત્મા જડ અને વિફલ છે.
મળેલ બુદ્ધિ મુજબ ક્રિયા કરનાર જ અન્ય ભવે બોધિ પામે.
આ બોધિનો લાભ રાધાવેધ જેવો છે.
તે કયા મુલ્યથી મળે?
બોધિ બે પ્રકારની છે: દ્રવ્ય અને ભાવબોધિ.
દ્રવ્યબોધિ અભવ્યાદિની તથા
ભાવબોધિ રાજાદિની છે.
તપ-સંયમમાં ઉદ્યમ કરનારે ચૈત્યાદિ
સર્વને વિષે ઉદ્યમ કર્યો છે એમ સમજવું.
ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચનશ્રુત - દ્વાદશાંગી.
ચંદ્ર-સૂર્ય-ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશે છે,
જ્યારે સંપૂર્ણ જ્ઞાન લોકાલોકને પ્રકાશે છે.

૨૪ તીર્થંકરોના નામ - પદોનો સામાન્ય અર્થ

(૧) ઋષભ : પરમપદે જાય - દર્શનાદિ વડે જાય તે.
(૨) અજિત : પરિષહાદિથી નહિ જીતાયેલા.
(૩) સંભવ : પ્રકર્ષેણ ગુણો જેમાં છે.
(૪) અભિનંદન : દેવેન્દ્રાદિથી અભિનન્દિત.
(૫) સુમતિ : સુંદર મતિવાળા.

(૬) પદ્મપ્રભ : પદ્મ જેવા અલિપ્ત પ્રભાવાળા.
(૭) સુપાર્શ્વ : સુંદર પાસાવાળા.
(૮) ચંદ્રપ્રભ : ચંદ્ર સમ પ્રભા-જ્યોત્સ્ના-સૌમ્યતાવાળા.
(૯) સુવિધિ : શોભન વિધિ, પુષ્પકલિકા મનોહર દંતવાળા.
(૧૦) શીતલ : સકલ સત્ત્વશાલી, સંતાપહરણ.
(૧૧) શ્રેયાંસ : સકલ ભુવનનું પ્રશસ્યતમ.
(૧૨) વાસુપૂજ્ય : દેવવિશેષોથી પૂજ્ય.
(૧૩) વિમલ : મલરહિત - નિર્મલ જ્ઞાનાદિસહિત.
(૧૪) અનંત : અનંત કર્માંશોને જીતનારા -
અનંત જ્ઞાનાદિથી જયવંતા.
(૧૫) ધર્મ : દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરનારા.
(૧૬) શાંતિ : શાંતિના યોગવાળા, શાંતિસ્વરૂપ, શાંતિકર.
(૧૭) કુંથુ : પૃથ્વી ઉપર સ્થિત.
(૧૮) અર : કુળમાં ઉત્પન્ન થનારની વૃદ્ધિ કરનારા.
(૧૯) મલ્લી : પરિષહાદિ મલ્લને જીતનારા.
(૨૦) મુનિસુવ્રત : ત્રિકાળાવસ્થા જ્ઞાની - સુંદર વ્રતોના ધારક.
(૨૧) નમિ : પરિષહોપસર્ગોને નમાવનારા.
(૨૨) નેમિ : ધર્મચક્રની નેમિ જેવા નેમિ.
(૨૩) પાર્શ્વ : સર્વ ભાવને જોનારા.
(૨૪) વર્ધમાન : જન્મથી આરંભી જ્ઞાનાદિ વડે વધનારા.

# ધ્યાન શતક

(1) જ્ઞાનભાવનાથી નિશ્ચલત્વ - સુનિશ્ચિત મતિત્વ મળે.
દર્શનભાવનાથી અસંમોહ, સ્થૈર્યાદિ ગુણ મળે, શંકાદિ દોષ ટળે.
ચારિત્રભાવનાથી પૂર્વકર્મ નિર્જરા, નવાનું રોકાવું, શુભનું ગ્રહણ.
વૈરાગ્યભાવથી સંગાશંસાભયોચ્છેદી, નિર્ભય, નિરાગી થવાય.

(2) મન વાયુની જેમ ચંચળ છે,
તે અભ્યાસ અને વૈરાગ્યે ઉભયથી વશ થાય.

(3) દોરડાના આલંબનથી જેમ વિષમસ્થાને ચઢી શકાય છે, તેમ સૂત્રાદિના આલંબનથી દુર્ગમ ધ્યાનરૂપી પર્વત ઉપર આરોહણ કરી શકાય છે. આલંબન ઉપર અત્યંત આદર રાખનારો વિઘ્નોને જીતી ધ્યાનારોહણ કરી જ શકે છે. તેનો કદી ધ્યાનથી ભ્રંશ થતો નથી. જિનાજ્ઞા અબાધિત છે.

(4) મતિદૌર્બલ્ય, તદ્વિદઆચાર્યવિરહ, જ્ઞેય ગહનતા, જ્ઞાનાવરણોદય, હેતુ-ઉદાહરણઅસંભવના કારણે સમજ ન શકે.

(5) કેવા આત્મવિચારણા કરવી ?

'સ્વકર્મનો કર્તા, સ્વકૃત કર્મફળનો ભોક્તા, અનાદિ-નિધન, અમૂર્ત - પરિણામીનિત્ય, ઉપયોગ - સ્વલક્ષણો પણ કર્મજનિત ભવામ્ભોધિમાં ભટકે છે.'

આવા આત્મવિચારણા કરવા.

## સંસારસાગરનું સ્વરૂપ

(૧) જન્મ-જરા-મરણરૂપ સલિલ (૨) મહામોહાવર્તને દુર્લંઘ
(૩) ભીષણ કામ વડવાનલ (૪) અસદ્વિકલ્પ કલ્લોલ ચક્રોદ્ધત
(૫) ચંચલ દોષ રૂપી પર્વતથી દુર્ગમ.
(૬) આશાનિલ પ્રબલ કષાય કલશોચ્છલત
(૭) દુષ્પૂર વિષયોદર (૮) અજ્ઞાન દુર્દિન (૯) કદાગ્રહ કુવાત
(૧૦) વિવિધ વ્યાધિ સંબંધ મત્સ્ય-કચ્છપથી ભરેલો સાગર.

## સંસારસાગરને તરવાના ૧૦ ઉપાયો

(૧) ચારિત્ર રૂપી પોત (૨) તપ રૂપી અનુકૂળ પવન
(૩) વૈરાગ્યરૂપી માર્ગ (૪) સમ્યક્ત્વરૂપી દૃઢ બંધન
(૫) શીલાંગ રૂપી ફલક (૬) જ્ઞાનરૂપી કર્ણધાર-નિર્યામક
(૭) અધ્યાત્મરૂપી શઢ (૮) શુભ ભાવનાઓ રૂપી મરીવાણ
(૯) સમિતિ-ગુપ્તિ રૂપી સંવરથી નિશ્છિદ્રતા
(૧૦) સદ્યોગ રૂપી કૂપ સ્તંભ (સ્ટીમરનો મુખ્ય ભાગ).

## મોહરૂપી પલ્લીશનું વર્ણન

| | | | |
|---|---|---|---|
| (૧) દુર્બુદ્ધિરૂપી નાવ | જીતવાનો ઉપાય | = | તત્ત્વચિન્તા |
| (૨) મિથ્યાત્વરૂપી મંત્રી | „ | = | સમ્યગ્દર્શન |
| (૩) કષાયરૂપી ચોરટા | „ | = | પ્રશમાદિ યોદ્ધા |
| (૪) કામ રૂપી તસ્કર | „ | = | શીલ આરક્ષક |

(6) અસંયમ ભગાવાનો ઉપાય = ઇંદ્રિયોનો નિગ્રહ
(5) નિન્દ્રાદિ ચોર " = શ્રુતોપયોગાદિ સુભટ
(7) આર્તરૌદ્ર સુભટ " = ધર્મ - શુક્લધ્યાનરૂપી ભાટ કે ઉત્સાહ પૂરનાર
(8) હાસ્યાદિ છ લુંટારા " = વૈરાગ્ય સેના
(9) અશાતાની સેના " = પુણ્યોદયનું પરાક્રમ
(10) મોહરાજાના પુત્રો " = ધર્મભૂપ વડે નાશ
(દ્વેષ ગજેન્દ્ર, રાગ કેસરી)

ધર્મભૂપથી મોહપલ્લીશ મરાય છે,
તેથી નાવમાં આરૂઢ થયેલા સાધુના
વ્યવહારરૂપી ધ્યાતા સાગર તરીને સુખી થાય છે.

(6) મન તથા ઇંદ્રિયોનો વિજેતા એ
શાંત - દાંત, જ્ઞાનધનવાળો તથા પ્રમાદરહિત હોય છે.

(7) અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા સહિતના
ધ્યાતાનો પરમ ધ્યાનના ઉપાય સમા છે.

(8) ત્રિભુવન વિષયક મન ક્રમેક્રમે સૂક્ષ્મતર વસ્તુને
ધ્યાનમાં સંક્ષેપીને અણુમાં સ્થાપે.
પછી પ્રયત્ન દ્વારા ત્યાંથી પણ મનને દૂર કરી,
અમનસ્ક અથવા કેવલી થાય, જેમ કે:

(a) સર્વ શરીરગત વિષ જેમ મંત્રથી ડંખમાં લાવી પછી ત્યાંથી પ્રધાનતર મંત્રયોગ વડે દૂર કરાય છે, તેમ અહીં ભુવન રૂપી શરીરમાં ફેલાયેલા મનરૂપી વિષને યોગી જિન-વચનરૂપી મંત્રના યોગે અણુમાં લાવી, ત્યાંથી પણ દૂર કરે.

(b) મોટા અગ્નિમાંથી ઈંધણનો સમૂહ દૂર કરી અનુક્રમે થોડા ઈંધણવાળાને જલથી શાંત કરાય છે, તેમ વિષયોના ઈંધણથી દીન કરાયેલા મન રૂપી અગ્નિને પણ અણુરૂપી વિષયેન્ધણમાં લાવીને ધ્યાનજલથી શાંત કરાય છે.

(c) ધ્યાન રૂપી છિદ્ર વડે આત્મા રૂપી ઘટમાંથી મન રૂપી જલને યોગી ખાલી કરે (અથવા)

(d) ધ્યાન રૂપી અનલથી તપેલા આત્મા ઉપર મન રૂપી જલને નાંખી જલ બાળી નાંખે.

(9) ધ્યાનનું ફલ

શુભાશ્રવ, સંવર, નિર્જરા, દેવલોકનું સુખ, સુકુલ, પ્રત્યાગતિ, બોધિલાભ, દીક્ષા, મોક્ષ.

(10) આશ્રવ અને બંધ એ સંસારના તથા સંવર અને નિર્જરા એ મોક્ષના હેતુ છે.

સંવર અને નિર્જરા તપસ્વરૂપ છે.

સર્વ તપમાં પ્રધાનતપ ધ્યાન છે અને ધ્યાનથી મોક્ષ છે.

(11) જલાનલાદિત્યથી અર્થાત્ કે જેમ જલથી વસ્ત્રનો મેલ, અગ્નિથી લોહનો કાટ (કલંક) તથા સૂર્યનારાયણથી તળાવપંક દૂર થાય છે, તેમ આત્મારૂપી વસ્ત્ર, સુવર્ણ અને ભૂમિ ઉપર રહેલાં કર્મરૂપી મલ-કલંક-પંક ધ્યાનથી શોષાઈ જાય.

(12)(a) ધ્યાનથી કર્મ તપે છે, શોષાય છે અને ભેદાય છે.

(b) જેમ વિશોધન અને વિરેચનાદિથી રોગનું શમન થાય,
તેમ કર્મનું શમન ધ્યાન-અનશનાદિથી થાય છે.

(c) જેમ ચિરસંચિત ઈંધનને પવન સહિત અનલ બાળે છે,
તેમ ક્ષણવારમાં અનન્ત કર્મેન્ધનને ધ્યાનાનલ બાળે છે.

(d) ઘણા પણ મેઘસમૂહ પવનાહતથી નાશ પામે છે,
તેમ ધ્યાનપવનાહતથી કર્મઘન નાશ પામે છે.

(e) કર્મક્ષયાપેક્ષી સુનિશ્ચલ ચિત્તવાળો ધ્યાતા ધ્યાન પસાયે જય કષાયોત્થ ઈર્ષ્યા-વિષાદ-શોકાદિ માનસિક કે શીત-તાપાદિ બહુ પ્રકારના શારીરિક દુઃખોથી પણ બાંધાતો નથી.

એ રીતે સર્વ ગુણોનું સ્થાન ધ્યાન છે.

દૃષ્ટાદૃષ્ટ સુખના સાધન રૂપે
અહેય, શ્રેય, ધ્યેય, ચિન્તનીય, સુપ્રશસ્ત ધ્યાન જ છે.
રત્નત્રય પણ એથી આરાધિત થાય છે.
શેષ ક્રિયાકલાપ પણ તત્ત્વથી ધ્યાનસ્વરૂપ જ છે.

આગમાનુસારે કરાતી સાધુની એકપણ ક્રિયા
એવી નથી કે તે તત્ત્વથી દેશનાસ્વરૂપ ન હોય,
તેથી તેનું આસેવન પણ દેશનારૂપ જ છે.

o આત્મસ્મૃતિ એ સંપત્તિ, આત્મવિસ્મૃતિ એ વિપત્તિ.

o મોક્ષસુખ ત્રિરત્ન વિનિયોગાત્મક ચરિત્ર કે
ત્રણ રત્નના વ્યાપારથી ઉત્પન્ન થયેલ છે.
તે એકાન્તિક (સુખપૂર્ણ), નિરાબાધ (દુઃખથી શૂન્ય),
સ્વાભાવિક (અસંયોગી) તથા અક્ષય - અવિનાશી છે.

o ભવ અટવીનું સ્વરૂપ જોઈએ તો
અરિહંત એ સાર્થવાહ, ધર્મ દેશના એ ઉદ્ઘોષણ,
સંસારી જીવ એ મુસાફર, સાધુ ધર્મ એ સરળ માર્ગ,
શ્રાવક ધર્મ એ વક્ર માર્ગ, મોક્ષ એ ઈપ્સિત નગરી.
ત્યાં પહોંચવામાં વિઘ્નરૂપ એવા રાગ-દ્વેષ
ભવઅટવામાં ક્રૂર સિંહ અને વાઘ સ્વરૂપ છે.
સાર્થવાહ અને સાર્થિકની સહાય વિના
ઈચ્છિત સ્થાને પહોંચાય નહિ,
કારણકે સાર્થવાહ અને સાર્થિક
રસ્તે ચાલતાં માર્ગને
જાણે તોળીને સુધારતા જાય છે.

વચમાં આવતી શિલાઓ વિગેરેમાં માર્ગના ગુણ-દોષ જણાવનારા અગ્રેસરો મળે છે. એ અગ્રેસરો ઉપરથી આટલું ચાલ્યા અને આટલું બાકી રહ્યું એની પાછળવાળાઓને ખબર પડે છે. સાર્થે ચાલનારા પહોંચી ગયા, તો લખ્યા મુજબ અનુસરણ કરનારા પાછળવાળા પણ પહોંચી રહ્યા છે.

જેઓ એ રીતે ચાલ્યા નહિ અને ચાલતા નથી,
પરન્તુ છાયાદિમાં વિશ્રાંતિ લેવા ઊભા રહે છે,
તેઓ પહોંચ્યા નથી અને હવે જલ્દી પહોંચનાર પણ નથી.

તપ, નિયમ, જ્ઞાનરૂપ વૃક્ષ ઉપર આરૂઢ થયેલા અમિત જ્ઞાની કેવલી ભવ્યજનબોધ અર્થે જ્ઞાનવૃષ્ટિને કરે છે. બુદ્ધિમય પટ વડે તીર્થંકરના વચનોને પ્રવચન માટે અને 'સુખપૂર્વક ગ્રહણ ધારણા થાય તે માટે અને સુખપૂર્વક
આપી-પૂછી શકાય તે માટે પોતાનો ક્રમ છે'
એમ માની ગણધરો ગુંથે છે. અરિહંતો અર્થ કહે અને ગણધરો શાસનહિતાર્થે નિપુણમતિથી સૂત્રોને ગુંથે છે.

સામાયિકથી લોકબિન્દુસાર સુધી શ્રુતજ્ઞાન છે.

શ્રુતજ્ઞાનનો સાર ચરણ અને ચરણનો સાર નિર્વાણ છે.

શ્રુતજ્ઞાનમાં વર્તનાર જીવને જ તપ, સંયમ, મતિની જરૂર છે. જ્ઞાનરૂપી નિયામક પ્રાપ્ત કર્યા પછી પણ તપ-

સંયમરૂપી મારુત વિના ભવરૂપી નિપુણ પોત પણ સિદ્ધિવસતિને કદાપિ પ્રાપ્ત કરી જ નહિ શકતો.

ચારિત્રરહિતનું ઘણું જ્ઞાન પણ આંધળા આગળ લાખો દીપકની જેમ નિષ્ફળ છે. ચારિત્રયુક્તનું અલ્પ શ્રુત પણ સચક્ષુને એકાદ દીપની જેમ પ્રકાશ કરે છે.

## ૧૦ પ્રકારની ઓઘ સામાચારી

ઇચ્છા[૧], મિચ્છા[૨], તત્કાર[૩], આવસ્સિયા[૪], નિસ્સીહિયા[૫], આપુચ્છણા[૬], પડિપુચ્છણા[૭], છંદણા[૮], નિમંત્રણા[૯], ઉપસંપદા[૧૦].

(૧) ઇચ્છા: પોતાના શરીરના બળ અને આંતરવીર્યને ગોપવ્યા વિના જ દરેક સાધુએ પ્રવર્તવાનું હોય છે, તેથી તેને પોતાનું કાર્ય બીજાને જણાવવાની જરૂર પડતી નથી. અસમર્થ, અજાણ અગર ગ્લાનાદિ અવસ્થામાં જરૂર પડે. રત્નાધિકને છોડી બાળ મુનિને તેમની ઇચ્છા હોય તો જ કાર્ય કરવાનું કહે (કહેવા પહેલાં ઇચ્છાની પૃચ્છા કરે). વૈયાવૃત્યાદિ વિષયક આદેશ માંગવા વિગેરે કાર્યોમાં રત્નાધિકની પણ ઇચ્છાને પૂછે અથવા કોઈ મુનિનું કાર્ય બગડતું હોય અગર બાળ કોઈ મુનિ પોતાનું કાર્ય કોઈને જણાવતા હોય ત્યારે મર્યાદા ખાતર 'આપની ઇચ્છા હોય તો હું કરું' એમ કહે. આત્માનુગ્રહ માનીને બાળનું

કાર્ય તેમની અનુમતિ મેળવીને પછી કરે. આચાર્યાદિની વૈયાવચ્ચ માટે કે બાળને શયનાદિ ભણાવવા માટે પણ તેમની ઇચ્છાને પૂછે. રત્નાધિકની અને શિષ્યને પણ ઇચ્છાકારપૂર્વક જ બોલાવે. 'તમારે આ કામ કરવું જ પડશે' એવા આજ્ઞા કે બળાત્કાર કદી ન કરે. અતિમાન અલ્પની અને વિનીતને અભિયોગાદિની જરૂર પડતી જ નથી. અભ્યર્થના કર્યા વિના જ વૈયાવૃત્યાદિ કરનાર નિર્જરાનો ભાગી તો નથી કિન્તુ નિર્જરાહીન બને છે.

ગચ્છ જો વૈયાવૃત્યાદિ માટે કહે તો પણ ન કરે તો વાનરની ઉપમાને પામે છે. ઘર કરવાનું કહેનાર સુગરીના માળાને ભાંગી નાંખનાર વૃષ્ટિમાં કંપતા વાનરની જેમ સ્વયં દુઃખી થાય છે અને બીજાને પણ દુઃખી કરે છે.

ઘર બાંધવા જતાં જેમ કૃપણ વણિક દુકાનનો લાભ ગુમાવનાર બને, તેમ ગચ્છ સ્વયં વૈયાવૃત્યાદિ કરે તો પ્રતિબોધાદિના લાભથી ભ્રષ્ટ થાય. સૂત્રાર્થની ચિન્તવના ન થાય. વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, શૈક્ષ, પ્રાઘૂર્ણકની અન્નપાનાદિની ભિક્ષા ન થાય. વાદી કે રાજાદિ ઋદ્ધિમાન આવે તો પાણી આદિ લેવા ગયેલા આચાર્યાદિની લઘુતા થાય. સર્પદંશાદિ અકસ્માતો વખતે ઔષધાદિની સારવાર ન થઈ શકે.

આચાર્ય તુંબભૂત (ચક્ર)ના આરાના આધારભૂત નાભિ સમાન છે. તુંબના નાશથી આરાનો નાશ તેમ આચાર્યના અભાવે તેમના આધારે રહેનારા મુનિગણનો પણ નાશ થાય.

(૨) <u>મિચ્છા</u>: ઇચ્છાપૂર્વક વૈયાવચ્ચાદિ કરવા માટે તૈયાર થયેલા સાધુને અંતરાયના યોગે લાભ ન થાય તો પણ અદીનમનપણે રહેવાથી નિર્જરાનો લાભ અવશ્ય મળે. સમિતિ-ગુપ્તિરૂપ સંયમયોગમાં વિપરીત આચરણ થાય, તો 'મેં આ મિથ્યા કર્યું' એમ કહીને મિચ્છામિ દુક્કડં દે.

પાપકર્મ કરીને મિથ્યાદુષ્કૃત વડે અવશ્ય
પ્રતિક્રાન્ત થવું જ જોઈએ. જેનું પ્રતિક્રમણ કર્યું,
તે પાપને ફરી ત્રિવિધે ન કરવું જોઈએ.

<u>'મિથ્યાદુષ્કૃત' પદનો અક્ષરાર્થ</u>

કાયાથી અને મનથી નમ્ર બનીને,
દોષોને અટકાવવા માટે,
પોતે કરેલા પાપ અને દોષ પ્રત્યે દુર્ગંછાવાળો,
મર્યાદામાં રહેલો સાધુ પાપને ઉપશમ વડે દૂર કરે છે.
'પુરિ શેતે પુરુષ:।' 'મહીં શેતે મહિષ:।' ઇત્યાદિવત્.
અર્થાત્ નગરમાં સૂવે તે પુરુષ અને
પૃથ્વી ઉપર સૂવે તે પાડો.

(૩) તહત્કાર: આચાર- અનાચારને જાણનાર, પાંચ મહાવ્રતોમાં સ્થિત, સંયમ - તપ વડે યુક્ત એવા મુનિએ અવિકલ્પ વડે 'તથાકાર' શબ્દ નીચે મુજબ ૪ જગ્યાએ વાપરવો:

(I) વાચના - સૂત્રદાન પ્રતિશ્રવણમાં

(II) ઉપદેશ - સામાન્ય વ્યાખ્યાનમાં

(III) સૂત્ર અને અર્થમાં તથા

(IV) ગુરુ ઉક્ત કાર્ય પ્રતિશ્રવણમાં.

જે મુનિને એ રીતે ઇચ્છાકાર, મિચ્છાકાર અને
તથાકાર સામાચારી પરિચિત થઈ ગઈ છે,
તે મુનિને સુગતિ દુર્લભ નથી.

(૪-૫) આવશ્યકી - નૈષેધિકી: સંયમમાં અવશ્ય કરવા લાયક ક્રિયા તે આવશ્યકી. અતિચારથી નિષેધાત્મક ક્રિયા તે નૈષેધિકી. મુનિએ ગમનાગમન નહિ કરવાથી સ્વાધ્યાય, અધ્યયનાદિ ગુણો થાય છે અને આત્મસંયમ વિરાધનાદિ દોષથી બચી જવાય છે, તો પણ ગ્લાનાદિ કારણે અવશ્ય જવું પણ પડે છે. કારણે જતા છતાં તે મુનિ આવશ્યક ક્રિયા, સમિતિ, ગુપ્તિ અને પ્રતિક્રમણાદિથી જોડાયેલો જ છે.

વસતિ એજ નૈષેધિકી છે અર્થાત્ કે વસતિની બહાર લાગતા અતિચારોનો નિષેધ સૂચવાય છે અથવા નૈષેધિકી

એટલે પાપ વ્યાપારથી નિષિદ્ધ હોય. સાધુઓએ સંવૃત જ રહેવું જોઈએ એ જણાવવા માટે નૈષેધિકી સંજ્ઞા છે.

સંવર પણ અવશ્ય કર્તવ્ય છે, તેથી નૈષેધિકી પણ એક પ્રકારે આવશ્યકી જ છે અથવા ગુરુ નિવેદન અને વિનય પ્રયોગાદિ માટે બહાર જતાં અને આવતાં એ સંજ્ઞા રાખેલ છે. અવશ્ય કરવા યોગ્ય કાર્ય કરવામાં રક્ત રહેવા માટે આવશ્યકી અને વિરાધના નિષેધ રૂપ નૈષેધિકી સંજ્ઞા વડે મુનિ ગુરુવિનય આદિને આચરે છે.

આમ બન્ને સંજ્ઞા એક જ અર્થને સૂચવનારી છે. પ્રવેશ વખતે કોલાદિ નિવારણ માટે ગુરુ નિવેદન અને નિર્ગમન વખતે પોતાની ક્રિયા કરવા માટે ગુરુ નિવેદન જણાવવાનો હેતુ છે. ભાવથી નૈષેધિકી પાપ નિષિદ્ધાત્માને અર્થાત્ સામાચારીના ભાવયુક્ત આત્માને જ હોય છે, બાકીને શબ્દમાત્ર છે. મૂલોત્તરગુણ રૂપ આવશ્યક અનુષ્ઠાનમાં યુક્ત નિયમા પાપથી નિષિદ્ધ છે, તેથી નૈષેધિકી તે જ આવશ્યકી છે અને આવશ્યકી તે જ નૈષેધિકી છે.

(૬-૭) આપૃચ્છણા - પ્રતિપૃચ્છણા : પૂર્વ નિષિદ્ધ કાર્યને કોઈ કારણાન્તર કરવા માટે ફરી પૂછવું તે પ્રતિપૃચ્છના છે અને કાર્ય પડે 'હું કરું?' એમ ગુરુને પૂછવું તે આપૃચ્છના છે.

(૮-૯) <u>છંદના - નિમંત્રણ</u>: પૂર્વગૃહીત ભક્તાદિને ઇચ્છાકાર-પૂર્વક અન્ય મુનિઓને 'ગ્રહણ કરો' એમ કહેવું તે <u>છંદના</u> અને ન લે તો 'આપના માટે લાવી આપું?' એમ કહેવું તે <u>નિમંત્રણ</u> છે. ગોચરી જતા પહેલાં પૂછવું તે નિમંત્રણ અને લઈ આવ્યા બાદ મંગાવ્યા કરતાં વધુ માટે પૂછવું તે છંદના.

છંદન - ગૃહિતનું ગ્રહણતાર્થ, નિમંત્રણ - અગૃહીતનું આનયાર્થ.

(૧૦) <u>ઉપસંપદા</u>: પ્રધાન ભંગ શુદ્ધ છે, બાકી અશુદ્ધ.

શિષ્યોને સૂત્રાર્થાદિ માટે
સ્વગચ્છ કે અન્ય ગચ્છમાં મોકલવા તે 'ઉપસંપદા.'
તે ત્રણ પ્રકારની છે: જ્ઞાન - દર્શન - ચારિત્ર સંબંધી.
સૂત્ર - અર્થ તદુભય માટે વર્તના, સંધના અને ગ્રહણ.
એ રીતે દર્શન પ્રભાવક શાસ્ત્રવિષયક
એ જ ૯ ભેદો તથા
વૈયાવૃત્ય તપવિષયક ચારિત્ર સંબંધી:
કાલથી યાવત્કથિક અને ઇત્વર કથિક.
ગચ્છ એ અનુજ્ઞાત અને ગચ્છ એ યાચિત.
ગચ્છ એ અનુજ્ઞાત અને ગચ્છ એ અયાચિત.
ગચ્છ એ અનનુજ્ઞાત અને ગચ્છ એ યાચિત.
ગચ્છ એ અનનુજ્ઞાત અને ગચ્છ એ અયાચિત.

## વર્તના - સંધના - ગ્રહણ

(a) પહેલાં ભણેલું ભૂલાઈ ગયું હોય,
તે ફરીને સ્થિર કરવા માટે ગણવું તે વર્તના.

(b) થોડું યાદ હોય અને થોડું ભૂલાઈ ગયું હોય,
તેને મેળવવું - સાંધવું - જોડવું તે ઘટના એટલે સંધના.

(c) નવું જ સૂત્ર ભણવું તે ગ્રહણ.

અર્થગ્રહણ માટે પણ પ્રાયઃ એ જ વિધિ.
ભૂમિપ્રમાર્જનાદિ પણ પ્રાયઃ શબ્દથી સર્વત્ર સમજી લેવા.
(1) વાચનોપસંપદ્‌ની વિધિ: ભૂમિનું પ્રમાર્જન, બે આસન (ગુરુ તથા પોતા માટે), સ્થાપનાચાર્ય, કૃતિકર્મ(બે વાંદણાં), જ્યેષ્ઠ વંદન અને છેલ્લે વિઘ્નશાંતિ તથા અનુયોગ માટે કાયોત્સર્ગ કરવાનો હોય છે.

## વાંચના લેવાની વિધિ

નિંદા - વિકથાનો ત્યાગ, મન - વચન - કાયાની ગુપ્તિ, ભક્તિ ને બહુમાનપૂર્વક બે હાથ જોડીને, ઉપયોગપૂર્વક, શબ્દાર્થ દોષરહિત સુભાષિતોને ઇચ્છતો, વિસ્મિત મુખ વડે હર્ષ પામતો અને પમાડતો, ગુરુ ભક્તિ અને વિનય વડે ગુરુને તોષ પમાડતો એવો મુનિ શીઘ્ર સૂત્રાર્થનાં પારને પામે.
વ્યાખ્યાન સમાપ્તિ બાદ કાયિકી (માત્રું) આદિ કરીને અથવા

પછીનાં ક્રમથી ગુરુવંદન કરે. જિનવચનોનું બહુમાન સાચવવા માટે પર્યાયથી લઘુ પણ વાચનાચાર્યને વંદન કરવું જોઈએ. વ્યવહારનયથી પર્યાય જ્યેષ્ઠનું પણ બહુમાન કરવું જોઈએ. વ્યવહારની બળવત્તરતા છે. વ્યવહારની બળવત્તરતા જણાવવા માટે જ કેવલી પણ જ્યાં સુધી બીજાને માલુમ ન પડે ત્યાં સુધી છદ્મસ્થને વંદન કરે છે. વ્યાખ્યાકાર જ્યેષ્ઠને જો વંદનાદિ કરવામાં ન આવે તો જિનવચનનું ઉલ્લંઘન અને સૂત્રાશાતનાદિ બહુ દોષ ઉત્પન્ન થાય છે.

(2) દર્શન ઉપસંપદાને જ્ઞાનોપસંપદા મુજબ જાણી લેવી.

(3) ચારિત્ર ઉપસંપદા: તપ માટે અને વૈયાવચ્ચ માટે

તપ વિકૃષ્ટ - અટ્ઠમાદિ = અટ્ઠમ અને તેથી વધુ ઉપવાસ.

તપ અવિકૃષ્ટ = ઉપવાસ, છઠ્ઠાદિ

ઈત્વરિક = સામાન્ય તપ, યાવત્કથિક = અનશનાદિ.

જે કારણ માટે ઉપસંપદા ગ્રહણ કરી હોય,

તે કાર્યને કરે તો પ્રેરણા કરવી.

કાર્ય પૂર્ણ થયા બાદ સ્મરણ કરાવવું કે

'પૂર્ણ થયું છે' અથવા વિસર્જન કરાવવું.

આ ૧૦ પ્રકારની સામાચારી

સંયમ-તપથી આઢ્ય નિર્ગ્રન્થ મહર્ષિઓએ સંદીપિત કરી છે.

ચરણકરણમાં ઉપયોગયુક્ત સામાચારીને વિષે ઉદ્યમ કરતાં મુનિવરો અનેક ભવસંચિત અનંત કર્મોને ખપાવે છે. સામાચારી ત્રણ પ્રકારની છે તેમ આ ઓઘ સામાચારી પૂર્વાદિ શ્રુતમાંથી ઉદ્ધરીને બહુકાળે જાણવા લાયક હતી, તેને અલ્પકાળે જાણવા લાયક કરી છે. ઓઘ સામાચારીને

દીક્ષાના પ્રથમ દિવસે ભણવા યોગ્ય બનાવી છે,

તે તેનો ઉપક્રમ છે.

પહેલા ૨૦ વર્ષના પર્યાય બાદ ભણાતી હતી.

એનો ઉપક્રમકાળ આયુષ્યના ઉપક્રમકાળની જેમ સમજવો.

આયુષ્યના ૭ ઉપક્રમ છે : અધ્યવસાય[1], નિમિત્ત[2], આહાર[3], વેદના[4], ઉપઘાત[5], સ્પર્શ[6], શ્વાસ-ઉચ્છ્વાસ[7].

## છ આવશ્યકો

તે પાપરૂપી વિષને દૂર કરવા જાંગુલી મંત્ર સમાન છે. ભારવાહક ભાર તજી હળવો થાય, તેમ અતિચાર આલોચતાં જન્મદોષ પણ જાય છે અંતે મોક્ષ પ્રાપ્ત થાય છે.

### (૧) સામાયિક

સામાયિકથી સમતાભાવ, આત્મસ્વભાવ પ્રાપ્ત થાય.

અભિનવ અમૃત - રાગદ્વેષરહિત અવસ્થા અનુભવાય.

મધ્યસ્થભાવ - સ્વભાવરમણતા આવે.

પરભાવવિરમણ - હર્ષાદિ દ્વન્દ્વનો અભાવ પ્રાપ્ત થાય છે.

સાવદ્યયોગ ત્યાગ - નિરવદ્ય યોગ આરાધન થાય.
સંયોગ - વિયોગ, સુખ-દુ:ખ, શત્રુ-મિત્ર, હર્ષ-શોક,
બધું સમાનપણે વેદાય.
'સુખ-દુ:ખનું કારણ પોતે કરેલા કર્મ જ છે' એમ જણાય.
સમતા વિના ખાર ઉપર લીંપણ
અથવા કાંકર ઉપર ચિત્રામણ જેવું થાય.

(૨) ચઉવિસત્થો = ચતુર્વિંશતિ સ્તવ

| | |
|---|---|
| સિદ્ધિપથ પ્રદર્શક, ત્રિભુવન ઉદ્યોતકર્તા | આ બધું |
| સમ્યક્ત્વ શુદ્ધિકારક તથા ભવોદધિપાર | પરમાત્માની |
| પ્રાપક એવા પરમાત્માને નમન, વંદન, | સ્તુતિથી |
| ઉપાસન, ધ્યાન, પૂજનાદિ સાધનો છે. | પ્રાપ્ત થાય. |

(૩) વંદન

તે ૧૨ આવર્તાદિક ૨૫ આવશ્યકસહિત હોય.
તે ૩૨ દોષ, ૩૩ આશાતનારહિત હોય.
તેનાથી નીચગોત્ર ક્ષય - ઉચ્ચગોત્ર અર્જન થાય તથા
અનુલ્લંઘ્ય આજ્ઞા, દેદીપ્યમાન સૌભાગ્ય પ્રાપ્ત થાય.
ગુણવંતની ગુણવંતી સેવા કરેલી થાય.
વંદનથી શ્રીકૃષ્ણ તથા શીતલાચાર્યની જેમ
સમ્યક્ત્વ, કેવલજ્ઞાન અને મોક્ષ મળે.

## (૪) પ્રતિક્રમણ

અતિચારશલ્ય પ્રકાશનારો કર્મની સાક્ષીના કુળમાં કદી ટકતો નથી. શલ્યને ગોપવવાથી ભાવ વિશુદ્ધિ થતી નથી. દોષ નહિ પ્રકાશવાથી હાંસીને પાત્ર બને છે. નિઃશલ્ય આત્માની જ મોહમલ્લની ઉપર જીતપતાકા ફરકે છે.

## (૫) કાયોત્સર્ગ

શેષદોષો દૂર કરનાર, સંયમને નવપલ્લવિત બનાવનાર, મન-વચન-કાયાની ચપળતાને રોકનાર, ભવનો પાર અપાવનાર છે.

## (૬) પચ્ચક્ખાણ

શલ્ય કાઢનાર પ્રતિક્રમણ છે. |
વ્રણ રૂઝવનાર કાયોત્સર્ગ છે. | દોષ ટાળનાર છે.

નૂર વધારનાર અને પુષ્ટિ આપનાર પચ્ચક્ખાણ છે. પચ્ચક્ખાણ અપથ્ય ભોજન, અવિરતિરૂપથી ઉગારનાર છે. તે સંવર સ્વરૂપ હોવાથી કર્મકીચડને શોષવનાર છે.

## જ્ઞાનવાદ

(૧) જ્ઞાન વિના ૭ નય, ૪ નિક્ષેપ, ૮ પ્રમાણ, ૪ અનુયોગ, સપ્તભંગી તથા ૬ દ્રવ્યો જણાય નહિ.

(૨) જ્ઞાનસાધનરૂપ બંભી લિપિને ગણધરાદિ પણ નમે છે.

(૩) જ્ઞાનીને સૂર્ય, ચંદ્ર, ઈંદ્ર, મેરૂની ઉપમા અને અજ્ઞાનીને પશુની ઉપમા આપી છે.

(૪) જિન નામકર્મનો વિપાકોદય કેવળજ્ઞાન પછી જ થાય.
જિનનામકર્મમાં જ્ઞાનનો ઉપદેશ એ જ ઉપયોગ છે.

(૫) સર્વ પાપમાં મોટું પાપ અજ્ઞાન છે.
આત્મસ્વરૂપનું અજ્ઞાની બનેલું જંગલી રોઝડાં સમાન છે.

(૬) ક્રિયા વિના મરૂદેવા અને કૂર્માપુત્રને કેવળજ્ઞાન થયું,
પણ જ્ઞાન વિના માત્ર ક્રિયાથી કોઈને નહિ.

(૭) ધર્મ સંગ્રહણી: 'અજ્ઞાનથી શ્રેય' જણાવનાર જ્ઞાન છે.
ઉપદેશમાલા: ક્રિયાનયે બાલ કિન્તુ જ્ઞાનનયે ઉજમાલ
એવા મુનિ સેવવા યોગ્ય છે.

(૮) જ્ઞાન વિનાની ક્રિયા દેહમેલ જેવી છે.
શરીરનો મેલ દૂર કરીએ તો પણ ફરી મેલું થાય.
જ્ઞાનની તીક્ષ્ણતા તે જ ચારિત્ર.

(૯) અક્ષરનો અનંતમો ભાગ સર્વદા ઉઘાડો છે.
જ્ઞાન વિના જીવ જાણે અજીવ બની જાય છે.

(૧૦) ક્રોડ વર્ષ તપ કરી અજ્ઞાની જે કર્મને ખપાવે,
જ્ઞાની તે કર્મનો શ્વાસોશ્વાસમાં ક્ષય કરે.

(૧૧) ૧૬ વર્ષવાળો - ઉત્તમ જ્ઞાન ગ્રહે,
મધ્યમવયા - ક્રિયા ગ્રહે, બાલક કે જઘન્ય - માત્ર વેષ ગ્રહે.
ઉપદેશમાલામાં અલ્પજ્ઞાનીની ક્રિયા ક્લેશરૂપ કહી છે.

(૧૨) ક્રિયાગર્ભ વિષફલ પાન સમાન પરંતુ
જ્ઞાનગર્ભ કાષ્ઠના આધાર સમાન હોય છે.
(૧૩) ઉપદેશપદ: ક્રિયાથી ક્ષપિત મંડૂકચૂર્ણ સમાન છે.
જ્ઞાનથી થતો ક્ષપિત મંડૂકભસ્મ સમાન છે.
(૧૪) એકનો જાણનાર સર્વનો જાણગ થાય. અવિસંવાદપણે
જાણવું તે જ સમકીત છે. જ્ઞાની પુરૂષને ક્રિયા દાસી બને છે.
જ્ઞાન વિના સમકીત નાશ થાય છે.
જ્ઞાનીની થોડી ક્રિયા દેવાંગનાનાં હાવભાવ જેવી છે.
અજ્ઞાનીની ઘણી ક્રિયા અંધ નારીના હાવભાવ જેવા છે.
(૧૫) જ્ઞાનબળે નંદીષેણે ૪૩૨૦૦ નર બુઝવ્યા.
જ્ઞાનીએ જોઈ તે વસ્તુ વિદ્યમાન છે.
અજ્ઞાનીએ જોયેલા વસ્તુ શશશૃંગ સમ છે.
(૧૬) જ્ઞાનથી ક્રિયા એકાંત ભિન્ન છે, તો જડ છે.
જ્ઞાનથી ક્રિયા એકાંત અભિન્ન છે, તો જ્ઞાન જ છે.
એટલે હકીકતમાં જ્ઞાન-ક્રિયા કથંચિત ભિન્નાભિન્ન છે.
એક પદને જાણનાર જ્ઞાની પણ
માસતુસ, ચિલાતિપુત્રાદિની જેમ ભવ તરી જાય છે.
૦ સંહનન અને ધૃતિ દ્વારા સ્થિરયોગ અને જ્ઞાનાદિ તથા
સૂત્ર, સત્વ, તપપ્રમુખ ભાવના દ્વારા કૃતયોગ પ્રાપ્ત થાય છે.
મુનિને તો જનાકીર્ણ ગામ કે નિર્જન અરણ્ય સરખાં છે.

## ધર્મધ્યાનના ૧૨ દ્વાર

(૧) ભાવના : જ્ઞાનથી નિશ્ચલત્વ, દર્શનથી સ્થિરત્વ, ચારિત્રથી દૃઢત્વ, વૈરાગ્યથી નિર્ભયત્વ પ્રાપ્ત થાય છે.
(૨) દેશ : યુવતી, પશુ, નપુંસક, કુશીલરહિત મન-વચન-કાયાનું સમાધાન તથા ભૂતોપરોધરહિતનું ધર્મધ્યાન થાય.
(૩) કાલ : દિવસ-રાત્રિમાં જ્યારે યોગ સમાધાન હોય ત્યારે.
(૪) આસન : દેહાવસ્થાને છોડીને ઉભા, બેઠા કે સુતા-સુતા ધ્યાનોપરોધિની પ્રકારે ધર્મધ્યાન કરવામાં આવે છે.
(૫) આલંબન : જ્ઞાન, ક્રિયા, સામાયિકાદિ ષડ્ આવશ્યક. સ્વાધ્યાય માટે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા.
(૬) ક્રમ : સૂત્રાદિના આલંબનથી ધ્યાનપર્વત પર ચઢાય છે. કેવલીને કાયયોગનિરોધ - છદ્મસ્થને મનોયોગનિરોધ છે.
(૭) ધ્યાતવ્ય : આજ્ઞાપાય, વિપાકવિચયાદિ જીવાદિપદાર્થ યુક્ત સર્વ નયસમૂહમય સિદ્ધાંતસ્વરૂપ ધર્મધ્યાન છે.
(૮) ધ્યાતા : સર્વ પ્રમાદરહિત જ્ઞાનધનવાળો, શાન્ત-દાન્ત.
(૯) અનુપ્રેક્ષા : અનિત્યત્વાદિ ભાવનાથી ધર્મધ્યાન છે.
(૧૦) લેશ્યા : તે પીત, પદ્મ, શુક્લ આદિ છ પ્રકારે છે.
(૧૧) લિંગ : આજ્ઞા, નિસર્ગ, સૂત્ર, અવગાહન, રૂચિ, પ્રશંસા, સ્વભાવ, અભ્યાસ અને નયવાદ આદિ ૯ લિંગ છે.
(૧૨) ફલ : આગમ મુજબ ધર્મધ્યાનના અનેક ફળો છે.

## દર્શનવાદ

(૧) સમકીત વિણ જ્ઞાન પણ અજ્ઞાન છે, ક્રિયા કાયકષ્ટ છે.
સમકીત વિણ જ્ઞાની શુકપાઠી - પોપટીયા જેવો છે.
સમકીત વિણ અસંખ્ય ચૈત્ય કરાવે તો પણ શુભ ફળ ન પાવે.

(૨) મૃગતૃષ્ણાથી તૃષા ન ટળે, તેમ અનંતીવાર જ્ઞાન-ક્રિયા મળી છતાં ભવતૃષા ટળી નહિ. સમ્યગ્દર્શન જળ એકવાર મળે તો તૃષા ટળે. મેઘધારા વિના જેમ વનરાજી ન રહે, તેમ જ્ઞાન-ક્રિયા પણ સમકીત વિના ટકે નહિ.

(૩) જ્ઞાન અને ક્રિયા પાત્ર - કુપાત્ર જુએ નહિ, જ્યારે સમકીત પાત્ર જોઈને જ વરે તથા અકષાયીને જ તે મળે.

(૪) સિદ્ધપુરુષના હાથમાં વિષ પણ અમૃત થાય, તેમ સમકીતવંતે ગ્રહ્યો શાસ્ત્ર સત્ય થાય.

(૫) કૃષ્ણ, શ્રેણિક, સત્યકી અને દ્વિપાયન સમકીતથી તર્યા.

(૬) સમકીત અંક સમાન છે અને ક્રિયા શૂન્ય સમાન છે.

(૭) સમકીત કૃષ્ણ પાક્ષિક મટાડી શુક્લ પાક્ષિક બનાવે.

(૮) મહાભાષ્ય મુજબ સમકીતને વૈમાનિકની પદવી મળે.

(૯) આવશ્યક નિર્યુક્તિ મુજબ સમકીત વિણ ચારિત્ર નહિ.

(૧૦) આચારાંગ સૂત્ર મુજબ સમકીતને જ શરણું સમજવું.

## ક્રિયાવાદ

(૧) રસવતીના ફક્ત ગુણ જાણવાથી તૃપ્તિ થાય નહિ.
ચાલ્યા વિના જાણવામાત્રથી પંથ કપાય નહિ.
હાથ-પગ હલાવ્યા વિના નદી તરાય નહિ.
નર્તકીના નાચ કર્યા વિના જન રીઝાય નહિ.

(૨) મુનિવેષ દેખીને ઉદાયન મંત્રી તરી ગયા.
લિંગ(સાધુવેષ) વિણ કેવલી બનેલ ભરતને ય દેવ ન નમ્યા.

(૩) ચારિત્ર મહારાજાના બે પ્રતિહાર: જ્ઞાન અને ક્રિયા.

(૪) ચારે ગતિમાં સમકીત મળે, નરગતિ વિના ચારિત્ર ન મળે.

(૫) મુક્તિનું અનંતર કારણ સર્વ સંવર ક્રિયા છે.

(૬) સુવર્ણ-રત્નના મંદિરથી ભૂમંડલ મંડિત કરે,
તો પણ એક દિવસના ચારિત્રને ન પહોંચે.

(૭) કેવલિને એક સંયમ સ્થાન - સિદ્ધને સ્થિરતારૂપ ચારિત્ર.

(૮) 'એક વર્ષના સંયમપર્યાયમાં અનુત્તર સુખ પામે' તે વચન વ્યવહારિક, બાકી તો ક્ષણમાં શ્રેણિ મંડાવે - કેવળજ્ઞાન અપાવે.

(૯) એક દિવસની ક્રિયા પાળનાર સંપ્રતિ રાજા બન્યો.
નવમાન ક્રિયાથી હરિ નૃપને સર્વાર્થસિદ્ધનું સુખ પ્રાપ્ત થયું.

(૧૦) દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં એવું કહ્યું છે કે:
અક્રિયાવાદી કૃષ્ણપક્ષી હોય, ક્રિયાવાદી શુક્લપક્ષી હોય.

(૧૧) સર્વનયનો સાર - સંયમગુણે સ્થિત સાધુ છે.
(૧૨) ક્રિયા વિના જ્ઞાન એ ખર ઉપર ચંદનનો ભાર છે.
જેમ અંધને હજાર દીપક નિરર્થક થાય,
તેમ ક્રિયા વિના જ્ઞાનીને પણ સદ્ગતિ નહિ.
ઈંદ્ર દશાર્ણભદ્રને નમ્યા તે ક્રિયાની અધિકતાથી.

રત્નત્રયવાદ

(૧) સમકીત વિણ જ્ઞાની = દેશ વિરાધક.
જ્ઞાન વિણ ક્રિયાકારક = સર્વ વિરાધક.
(૨) અંશે અંશે અહીં ઉપકારી: બિન્દુથી સરવર, સમુદાયથી સિદ્ધિ, અહીં ભુવનથી લોક - એક ભુવનમાં લોક નહિ.
(૩) જે જ્ઞાન - ક્રિયાધારીનો સંયમરથ
મુક્તિમાર્ગે ચાલશે, તે મુનિ નિર્વાણ પામશે.
(૪) નિજનિજ પદ પ્રાપ્તિ લગે જ્ઞાનાચારાદિકની સેવના છે.
(૫) 'અંધ-પંગુ' ન્યાયે જ્ઞાન અને ક્રિયાથી સિદ્ધિ થાય છે.
૦ બે પ્રકારે દ્રવ્યો: ભાવુક - અભાવુક. લસણ - કસ્તુરી, કાચ - મણિ, વન - પવન, નીંબ - આંબ, કાષ્ટ ને લોહ - લવણ.
કેવલી અભાવ્ય, સરાગી - ભાવ્ય, કારણકે
અનાદિ અનંત સંસારમાં આ જીવ પાર્શ્વસ્થાદિ આચરિત પ્રમાદભાવથી ભાવિત હોતાં શીઘ્ર અસદ્ભાવ ભાવિત થાય છે.

સમાધાન

(a) મારું પાણી પણ ખારું બને છે, જ્યારે મધુર સલિલ સાગરના સલિલપણાને પામે છે.

(b) નીંબના સંગથી આંબો નાશ પામે છે.

(c) વૈડૂર્ય કોઈ કાળે પણ મલિનપણાને પામતો નથી.

(d) વનના ગંધ જેવા જ પવનની ગંધ થાય છે.

(e) મેરુગિરિ ઉપર ઉગેલા તૃણગણ પણ કનકપણાને પામે છે.

(f) ઈક્ષુ વાટકમાં રહેલો નાલસ્તંભ (તૃણસમૂહ) મધુર ન થાય.

(g) કાષ્ઠબિંબ અંશમાત્ર લવણથી લવણરૂપપણાંને પામે છે.

પર્યુષણના દિવસો કઈ રીતે મન-આત્માને સ્થિર રાખનાર?

સૂર્ય એટલે આત્મા, ચંદ્ર એટલે મન.

સૂર્યની સિંહ રાશિ, ચંદ્રની કર્ક રાશિ છે.

તા. ૧૭-૮-૨૦૧૮ થી તા. ૧૭-૯-૨૦૧૮ દરમ્યાન સૂર્ય એક માસ પર્યંત સિંહ-સ્વરાશિમાં રહેશે.

ચંદ્ર સવા બે દિવસ પર્યંત કર્ક-સ્વરાશિમાં રહેશે.

રાજા (સૂર્ય) સ્વગૃહમાં હોય ત્યારે સૌને સુવિદિત છે તેમ શિષ્ટ પ્રજા નિરૂપદ્રવ બને અને દુષ્ટ પ્રજા ત્રાસ પામે.

માટે પર્યુષણ પર્વ દરમ્યાન થતી તપ, ત્યાગ અને ક્ષમાની આરાધના ભવિજનોનાં મન-આત્માને સ્થિર રાખનાર છે.

## પૂ. ઉ. યશોવિજયજી મહારાજ કૃત

## યોગદર્શન - પ્રથમ પાદ

(૧) સ્વભાવોન્મુખ યા ચેતનાભિમુખ સમિતિ - ગુપ્તિ સ્વરૂપ ક્રિયા-ધર્મવ્યાપાર મોક્ષનું કારણ હોવાથી યોગ સ્વરૂપ છે.

(૨) 'આકાશપુષ્પ' રૂપ વિકલ્પ વિપર્યય રૂપ છે. 'ચૈતન્ય આત્માનું સ્વરૂપ છે' એ નયસ્વરૂપ છે, માટે યથાર્થ છે.

(૩) અપર વૈરાગ્ય કે આપાત ધર્મસંન્યાસ વિષયગત દોષ-દર્શનથી થાય છે. પરવૈરાગ્ય કે તાત્ત્વિક ધર્મસંન્યાસ એ સ્વરૂપની ચિંતાથી થયેલ વિષયોની ઉદાસીનતારૂપ છે. તે ૮ મે ગુણસ્થાનકે હોય છે. ક્ષાયોપશમિક ધર્મોને છોડી ક્ષાયિક ધર્મની પ્રાપ્તિ સ્વરૂપ છે. ક્ષાયોપશમિક લબ્ધિ એ અપૂર્ણતારૂપ અને ક્ષાયિકલબ્ધિ એ પૂર્ણતારૂપ છે.

(૪) સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત
બન્ને વૃત્તિસંક્ષયરૂપ યોગમાં સમાવેશ પામે છે.
આત્માની સ્થૂલ - સૂક્ષ્મ ચેષ્ટાઓ અને
તેના કારણરૂપ કર્મસંયોગની યોગ્યતાનો
ક્રમશ: હ્રાસ - ક્રમશ: હાનિને 'વૃત્તિસંક્ષય' કહે છે.
આ વૃત્તિસંક્ષય ૪ થી શરૂ થઈ ૧૩ મે પૂર્ણ થાય છે,
તેમાં ૮ થી ૧૨ ગુણસ્થાનકો પર્યંત શુક્લધ્યાનના
પહેલા બે ભેદ સંપ્રજ્ઞાતમાં અંતર્ભૂત થાય છે.

'એકત્વ વિતર્ક અવિચાર' એટલે
પર્યાયવિરહિત શુદ્ધ દ્રવ્ય વિષયક ધ્યાન.
'પૃથક્ત્વ વિતર્ક સવિચાર' એટલે
પર્યાયસહિત શુદ્ધ દ્રવ્ય વિષયક ધ્યાન.
સ્થૂળદ્રવ્ય સંબંધી સવિતર્ક, નિર્વિતર્ક અને
સૂક્ષ્મદ્રવ્ય સંબંધી સવિચાર-નિર્વિચાર સમાધિ કહેવાય છે.

(૪) યોગદર્શન ઈશ્વરના ૬ ધર્મ માને છે:
કેવળ સત્ત્વગુણનો[1] પ્રકર્ષ, જગત્કર્તૃત્વ[2], એકત્વ[3],
અનાદિ[4] શુદ્ધત્વ (નિત્યમુક્તતા), અનુગ્રહેચ્છા[5], સર્વજ્ઞત્વ[6].

જૈન મતે ઈશ્વર સર્વજ્ઞ છે, પણ
સર્વજ્ઞતા દોષક્ષયજન્ય છે, તેથી નિત્યમુક્તતા સાધક નથી. અનુગ્રહેચ્છા રાગરૂપ નહિ પણ ઈશ્વરોપાસનાના નિમિત્તથી યોગીને જે સદાચારનો લાભ થાય છે, તે જ ઈશ્વરનો અનુગ્રહ. ઈશ્વરમાં એકત્વ સંખ્યારૂપ નહિ-સાદૃશ્યરૂપ છે. અનાદિ શુદ્ધતારૂપ ઈશ્વરત્વ મુક્ત જીવોના પ્રવાહમાં ઘટી શકે, વ્યક્તિમાં નહિ. સત્ત્વગુણ પ્રકર્ષ જડપ્રકૃતિના અંશરૂપ હોવાથી તે કદાપિ ઈશ્વરત્વનો સાધક બનતો નથી.

ઈશ્વરમાં જગત્કર્તૃત્વની કલ્પના યુક્તિ વિરુદ્ધ છે,
તેથી તે કલ્પના અમાન્ય છે.

(૬) જૈન મતે મૈત્રીભાવનાનો વિષય
કેવળ સુખી જીવો જ નહિ, પરન્તુ પ્રાણિમાત્ર છે.

(૭) જૈનશાસ્ત્ર મુજબ પ્રાણાયામ ચિત્તશુદ્ધિનું મુખ્ય સાધન નથી, કારણ કે તેને હઠપૂર્વક કરવાનું હોવાથી કેટલીકવાર મન સ્થિર થવાને બદલે વ્યાકુળ બની જાય છે.

(૮) ચિત્તનું ધ્યેય વિષયના સમાનાકાર બની જવું તે જ ચિત્તની સમાપત્તિ છે. ધ્યેયનો વિષય સ્થૂલ હોય ત્યારે સવિતર્ક-નિર્વિતર્ક. ધ્યેયનો વિષય સૂક્ષ્મ હોય ત્યારે સવિચાર-નિર્વિચાર. સમાપત્તિના આ જ ભેદ સબીજ હોવાથી સંપ્રજ્ઞાત છે. જૈન મત મુજબ 'સમાપત્તિ' એટલે ચિત્તમાં એકાગ્રતા ઉત્પન્ન કરવાવાળી ભાવનાઓ.

સમાપત્તિને શુક્લધ્યાનવાળા આત્મા જ કરી શકે.

પર્યાયસહિત સ્થૂલ દ્રવ્યની ભાવના સવિતર્ક.
પર્યાયરહિત સ્થૂલ દ્રવ્યની ભાવના નિર્વિતર્ક.
પર્યાયસહિત સૂક્ષ્મ દ્રવ્યની ભાવના સવિચાર.
પર્યાયરહિત સૂક્ષ્મ દ્રવ્યની ભાવના નિર્વિચાર.
ઉપશમશ્રેણિમાં સબીજ, ક્ષપકશ્રેણિમાં નિર્બીજ.

(૯) જૈન મત મુજબ ઋતંભરા પ્રજ્ઞા એ
સામર્થ્યયોગના બળથી થવાવાળું પ્રાતિભ જ્ઞાન છે.

## દ્વિતીયપાદ

(૧) ચિત્તની પ્રસન્નતાને બાધિત ન કરે તે તપ યોગ-માર્ગમાં ઉપયોગી છે. જૈન મત પણ અત્યંત દુષ્કર એવો બાહ્યતપ કરવાની સંમતિ ત્યાં સુધી જ આપે છે, જ્યાં સુધી તે તપ અભ્યંતરતપને પણ પોષક હોય એટલે કે તે તપ કષાયમંદતાનો સાધક અને ધ્યાનનો પોષક હોય.

(૨) જૈન મત મુજબ 'ઈશ્વર પ્રણિધાન' એટલે વિહિત પ્રત્યેક અનુષ્ઠાન કરતી વખતે શાસ્ત્રને દૃષ્ટિ સન્મુખ રાખી, તેના આદ્ય ઉપદેશક વીતરાગ પ્રભુને હૃદયમાં સ્થાન આપવું.

(૩) અવિદ્યાદિ પાંચે ક્લેશો મોહનીયકર્મના ઉદયરૂપ છે. અબાધાકાલ પૂર્ણ ન થાય અને જ્યાં સુધી કર્મદલિકનો નિષેક ન થાય, ત્યાં સુધી કર્મની અવસ્થા 'પ્રસુપ્ત' કહેવાય.

ઉપશમ, ક્ષયોપશમને 'તનુત્વ' કહેવાય.

વિરોધી પ્રકૃતિના ઉદયાદિ કારણોએ કોઈ પ્રકૃતિનો ઉદય રોકાઈ જાય તે 'વિચ્છિન્ન અવસ્થા' જાણવી. ઉદયાવલિકાને પ્રાપ્ત થવું તે 'ઉદાર અવસ્થા' જાણવી.

(૪) અવિદ્યાને જૈનશાસ્ત્રમાં 'મિથ્યાત્વ' કહે છે. અસ્મિતા આરોપ સ્વરૂપ છે. દૃશ્યમાં દૃષ્ટાનો અને દૃષ્ટામાં દૃશ્યનો આરોપ બંને (ભ્રમ) મિથ્યાત્વ જ છે. અસ્મિતાને

અહંકાર-મમકારનું જ્ઞાન માનો તો રાગ-દ્વેષરૂપ છે, જે કષાયના જ ભેદ છે. અભિનિવેશ એ મરણનો ભય અને જીવિતની આશારૂપ છે. તે જૈન મતે ભયસંજ્ઞા છે. ભયસંજ્ઞાની જેમ આહાર, મૈથુન, પરિગ્રહસંજ્ઞાઓને પણ અભિનિવેશ સમજવા જોઈએ. કેવળ અપ્રમત્તભાવમાં વિદ્વાનોને ૧૦ સંજ્ઞાઓ રોકાય છે, તે સિવાયના કાળે હોય છે. 'સંજ્ઞા' એ મોહનો વિલાસ અથવા મોહના ઉદયથી વ્યક્ત થવાવાળું ચૈતન્યનું સ્ફુરણ છે. એ રીતે પાંચે ક્લેશ જૈન મતાનુસારે મોહનીય કર્મના ઔદયિક ભાવરૂપ છે.

એ કારણે યોગદર્શનમાં ક્લેશક્ષયથી અને
જૈનદર્શનમાં મોહક્ષયથી કૈવલ્યની પ્રાપ્તિ કહી છે.

(૪) દગ્ધબીજ સદૃશ ક્લેશોનો નાશ ચિત્તનાશથી છે.

જૈન પ્રક્રિયા મુજબ સૂક્ષ્મ ક્લેશ અર્થાત્
મોહપ્રધાન ઘાતિકર્મ ૧૨મા ગુણસ્થાનક સંબંધી
યથાખ્યાત ચારિત્રથી દગ્ધબીજ સદૃશ થાય છે.

(૫) કર્મનો વિપાક ૩ પ્રકારે નહિ પણ
ઓછામાં ઓછા ૮ પ્રકારે છે.

કર્મના બંધ અને ઉદયનો ક્રમ એકસરખો નથી.
વાસના એ ભાવકર્મરૂપ અને કર્મ એ દ્રવ્યકર્મરૂપ છે.

એકભવિકતાનો નિયમ માત્ર આયુઃકર્મમાં છે. પ્રારબ્ધતાનો એટલે વિપાકવેદિતાનો નિયમ કેવળ આયુષ્યકર્મમાં છે. બાકી બધાં કર્મ વિપાકથી અને પ્રદેશોદયથી પણ ભોગવી શકાય છે. વળી ઉપરાંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિ નિમિત્તો પણ કર્મના ઉદ્બોધક છે. મરણ સમયે અવશ્ય ઉદયમાં આવવાવાળું કર્મ માત્ર આયુષ્યકર્મ છે. બાકી કર્મ માટે નિયમ નથી. ગૌણકર્મનું પ્રધાનકર્મમાં આવાગમન સંક્રમણ વિધિને પુરુષાર્થે બાહુબલથી જ સમજી શકાય છે.

(૭) નિશ્ચય દૃષ્ટિથી દ્વૈત પ્રપંચ દુઃખરૂપ છે.

વ્યવહાર દૃષ્ટિથી સુખ-દુઃખ ઉભયરૂપ છે.

સમભાવ અને એકરૂપતા એટલે harmony.

તે દુઃખક્ષયનું કારણ છે.

(૮) સાંખ્ય સત્કાર્યવાદ માને છે. અસત્નો ઉત્પાદ અને સત્નો નાશ નથી. જૈન મત કહે છે એમ એકાંતરૂપ માની લેવાથી પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવનો અસ્વીકાર કરવો પડશે. તેથી કાર્યમાં અનાદિ-અનંતતા આવી જતી હોવાથી કથંચિત્ અસત્નો ઉત્પાદ અને સત્નો વિનાશ માનવો જોઈએ. એથી વસ્તુમાત્રની દ્રવ્ય-પર્યાયરૂપતા અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રિરૂપતા સિદ્ધ થઈ જશે.

(૯) ભિન્ન પાન, જલ, માટી વડે બાહ્યશૌચ છે.
ચિત્તના દોષોનું સંશોધન અભ્યંતરશૌચ છે. જૈન મતે
ભાવશૌચને બાધિત ન કરવાવાળું દ્રવ્યશૌચ ગ્રાહ્ય છે.
શૃંગારાદિ વાસના વડે પ્રેરિત સ્નાનાદિ દ્રવ્યશૌચ
એ યોગાંગરૂપ શૌચ નથી.

(૧૦)શબ્દાદિ વિષયોની સાથે ઇંદ્રિયોનો સંબંધ રોકી
દેવો તે ઇંદ્રિયોનો પરમજય છે અને એનો ઉપાય ચિત્ત-
નિરોધ છે. જૈન મત કહે છે કે સારા-નરસા વિષયોની
સાથે ઇંદ્રિયોનો સંબંધ થવા છતાં તત્ત્વજ્ઞાનના બળથી
રાગ-દ્વેષ ન થવા દેવો તે ઇંદ્રિયોની પરમવશ્યતા છે.
જૈન મતે પરમવશ્યતાનો ઉપાય
ચિત્તનિરોધ નહિ, પણ તત્ત્વજ્ઞાન છે.
અધ્યાત્મભાવિત જ્ઞાન સમભાવનાં પ્રવાહવાળું સમજવું.
એ જ 'રાજયોગ' છે.
ચિત્તનો કે ઇંદ્રિયોનો વિજય કરવાનો
મુખ્ય ઉપાય જૈન મતે જ્ઞાનરૂપ રાજયોગ છે,
પણ પ્રાણાયામ આદિ રૂપ હઠયોગ નહિ.
હઠયોગ ચિત્તસમાધિમાં વિઘ્નરૂપ હોવાથી
તેનાં અભ્યાસનો જૈન શાસ્ત્રોમાં વારંવાર નિષેધ કર્યો છે.

## તૃતીય પાદ

(૧) સુખદુઃખાદિ ભોગ આત્માનો વાસ્તવિક વિષય છે, મનનો નહિ. મુક્તિ એટલે વાસ્તવિક ભોગથી મુક્તિ, પણ આરોપિત ભોગથી નહિ.

(૨) જૈન મતે વિવેકખ્યાતિ સમ્યગ્દર્શન છે.

(૩) સર્વવિષયક જ્ઞાન આત્માનો સ્વભાવ છે, મનનો નહિ. મોક્ષદશામાં જ્ઞાન માનવાથી કૂટસ્થત્વનો ભંગ એ જૈનમતને દૂષણ નહિ પણ ભૂષણ છે. જૈન મત મુજબ પ્રકૃતિની જેમ ચેતન પુરુષ પણ ઉત્પાદાદિત્રિરૂપ છે.

## ચતુર્થ પાદ

(૧) વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માનવી તે સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદને માનવાથી સર્વપ્રકારના વચન-ઉપચારની સિદ્ધિ થઈ જાય છે.

(૨) ત્રિગુણાત્મક પ્રકૃતિને એક પરિણામ માનીને કાર્યમાં એકત્વનો ઉપચાર સાંખ્યો માને, એ એકથી અનેક / અનેકથી એક પરિણામ માનવાવાળી સ્યાદ્વાદ શૈલીનો જ સ્વીકાર છે.

(૩) ચિત્તની જેમ આત્મા પણ પરિણામી છે. આત્માને પરિણામી માનવાથી ચિત્તની સદાજ્ઞાતતામાં બાધ નહિ આવે, કારણકે ચિત્ત જ્ઞાનરૂપ છે એની જ્ઞાન

આત્માનો ધર્મ છે, તેથી સદા સન્નિહિત અને જ્ઞાત છે.
શબ્દાદિ વિષય જ્ઞાત-અજ્ઞાત ઉભય સ્વરૂપે રહે છે.
તેનું કારણ વિષયનો ઇંદ્રિયની સાથે વ્યંજનાવગ્રહ રૂપ
સંબંધ સદા રહેતો નથી, તેથી ઇંદ્રિય દ્વારા તે સદા
જ્ઞાત નથી, પરન્તુ કેવલજ્ઞાન દ્વારા તે સદા જ્ઞાત રહે છે.

(૪) ચૈતન્ય સ્વ-પર પ્રકાશક છે.

સ્વપ્રકાશકતા અગ્નિની પ્રકાશકતાની જેમ
અન્ય પદાર્થના સંયોગ વિના જ
પ્રત્યેક પ્રાણીને અનુભવ સિદ્ધ છે.

પરપ્રકાશકતા

આવરણ દશામાં વિષયના સંબંધને આધીન છે અને
અનાવરણ દશામાં સ્વભાવજનિત છે.

(૫) ચેતન 'નિર્ગુણ' કથંચિત છે.

તેનો મતલબ પ્રકૃતિજન્ય ગુણોના અભાવની સાથે છે.

(૬) આત્મા એકાંત નિર્લેપ નથી.

સંસારી અવસ્થામાં કથંચિત લેપવાનપણાંનો સંભવ છે.

(૭) જ્ઞાન પ્રાકૃતિક નહિ પણ ચૈતન્યરૂપ છે.

જ્ઞાનની અનંતતા જ્ઞેયની અનંતતા ઉપર અવલંબિત છે.
જ્ઞેય અનંત છે માટે જ્ઞાન પણ અનંત છે.

(૮) સાંખ્યો બે પ્રકારની નિત્યતા માને છે:

કૂટસ્થ નિત્યતા = અપરિણામિતા.

પરિણામિ નિત્યતા = પરિવર્તનશીલતા.

જૈન મતે કૂટસ્થ નિત્યતા માનવામાં કોઈ જ આધાર નથી. આત્મા હોય કે પ્રકૃતિ, વસ્તુમાત્ર દ્રવ્યરૂપથી નિત્ય, પર્યાયરૂપથી અનિત્ય હોવાથી બધાનું એકમાત્ર લક્ષણ 'उत्पाद-व्यय-ध्रौव्य-युक्तं सत् ।' છે.

<u>યોગવિંશિકા</u>

(૧) અર્થ: - शब्दोऽभिधेय-व्यवसायः ।

आलम्बनं - बाह्यप्रतिमादिविषय-ध्यानम् ।

रहितः - रूपिद्रव्यालम्बनरहितो निर्विकल्प-चिन्मात्र-समाधिरूपः योगः ।

(પરિશિષ્ટ-૩)

(૨) યોગમાં વિવિધતાનું કારણ ક્ષયોપશમ ભેદ અર્થાત્ યોગ્યતા ભેદ છે.

સ્વર = ઉદાત્તાનુદાત્ત સ્વરિત,

સંપદા = વિશ્રાન્તિ સ્થાન, માત્રા = હ્રસ્વ - દીર્ઘ પ્લુત.

(૩) જેમાં સ્થાન, વર્ણ, અર્થ અને આલંબન, એ ચારે યોગોનો સંબંધ હોય તે 'અમૃતાનુષ્ઠાન' છે.

જેમાં સ્થાન અને વર્ણનો સંબંધ હોય,
કિન્તુ અર્થ અને આલંબનનો સંબંધ ન હોય,
તો પણ તેની રૂચિ હોય તે '<u>તદ્ધેતુ અનુષ્ઠાન</u>' છે.
સૂત્રોનો અર્થ એટલે સૂત્રોનું તાત્પર્ય.

(૬) ચૈત્યવંદનની ૪ સ્તુતિઓમાં પહેલીનું આલંબન તીર્થંકર વિશેષ, બીજી સ્તુતિનું આલંબન તીર્થંકર સામાન્ય, ત્રીજી સ્તુતિનું પ્રવચન, ચોથી સ્તુતિનું શાસનદેવતા છે.

(૭) યથાવિધિ આસન બાંધીને શુદ્ધ રીતિએ સૂત્ર બોલી ચૈત્યવંદન કરવામાં આવે પણ તે વખતે જો સૂત્રના અર્થ અને આલંબનમાં ઉપયોગ ન હોય, તો તે ચૈત્ય-વંદન ધ્યાનયોગશૂન્ય હોવાથી દ્રવ્યક્રિયા રૂપ છે. એ દ્રવ્યક્રિયામાં અર્થયોગ અને આલંબનયોગનો અભાવ હોવા છતાં તેના જો તીવ્ર રૂચિ હોય, તો તે દ્રવ્યક્રિયા અંતે ભાવક્રિયામાં પરિણમી મોક્ષ આપવાવાળી મનાય છે,
તેથી તે ક્રિયાને તદ્ધેતુ અને ઉપાદેય મનાય છે.

(૮) જે ક્રિયામાં ન અર્થ, ન આલંબન,
ન તેની રૂચિ, ન સ્થાન અને વર્ણનો આદર,
તે ક્રિયા માનસિક ઉપયોગશૂન્ય હોવાથી નિષ્ફલ છે.
વળી તેમાં 'ઠાણેણં મોણેણં ઝાણેણં'ની પ્રતિજ્ઞા કરી જાય

તેનો ભંગ થવાથી મહામૃષાવાદ રૂપ બને છે,
તેથી કર્મબંધનું કારણ થઈ અનિષ્ટ ફલદાયક થાય છે.
(૬) જે ક્રિયા સ્થાનાદિયોગયુક્ત હોવા છતાં પૌદ્ગલિક
સુખાભિલાષાથી થાય તે 'વિષગરાનુષ્ઠાન રૂપ' બને છે.
તેમાં મોક્ષની પ્રતિજ્ઞાનો સ્પષ્ટ ભંગ છે,
તેથી મહામૃષાવાદરૂપ અને અનર્થદાયક થાય છે.
(૭) ક્રિયાના મધ્યમ અધિકારી દેશ-વિરતિધર, ઉત્કૃષ્ટ
અધિકારી સર્વ-વિરતિધર, જઘન્ય અધિકારી અપુનર્બંધક
અવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે. જેઓ કમ સે કમ અપુનર્બંધક
અવસ્થામાં પણ નથી આવ્યા તેથી વિધિ-બહુમાનથી પણ
રહિત હોવાથી તે સર્વથા અનધિકારી છે, તેથી તેમને
ચૈત્યવંદનાદિ ક્રિયાઓ શીખવાડાય નહિ-કરાવાય પણ નહિ.
(૮) વિધિનો ઉપદેશ પણ તેને જ દેવો જોઈએ,
જે તેને સાંભળવાનો રસિક હોય.
અયોગ્ય પાત્રને દાન આપવામાં મહાન અનર્થ છે.
નીચ આશયવાળાને શાસ્ત્ર સંભળાવનાર અધિક દોષી છે.
પાપ કરનાર કરતાં પાપ કરાવનાર અધિક દોષભાગી છે.
(૯) જેમ રત્નોના પરીક્ષક થોડા હોય છે,
તેમ આત્મરત્નનાં પરીક્ષક તેથી પણ થોડા હોય છે.

શાસ્ત્રાનુસાર વૃત્તિવાળો એક હોય તો તે 'મહાજન' છે.
અસારની અનેક પણ સંઘોના સમૂહની એમ ત્યાજ્ય છે.

(10) જીત વ્યવહાર તે છે, જે સંવિગ્ન આચરિત હોય, શાસ્ત્રથી બાધિત ન હોય અને નિષિદ્ધ ન હોય.

(11) ભૂલ સુધારવાની દૃષ્ટિ અને પ્રયત્ન હોય, તો તે ભૂલ ભૂલ જ નથી. વિધિ - બહુમાન વિના અવિધિ ક્રિયા કરનાર કરતાં, વિધિ પ્રત્યે બહુમાન રાખવાવાળો ક્રિયા ન કરે તો પણ સારો છે.

(12) '<u>અસંગાનુષ્ઠાન</u>' એ ચરમ અનાલંબન યોગ છે.

(13) આલંબનના બે પ્રકાર : રૂપી અને અરૂપી.
રૂપી = ઇંદ્રિયગોચર, સ્થૂલ. અરૂપી = ઇંદ્રિય અગોચર, સૂક્ષ્મ.
પહેલાં ધ્યાનના અધિકારી યાવત્ છઠ્ઠા ગુણસ્થાન પર્યંત, બીજાના અધિકારી 7 થી 12 ગુણસ્થાનક સુધી હોય છે.

(14) પ્રભુ મૂર્તિનું ધ્યાન સાલંબન અને પ્રભુના જ્ઞાન આદિ શુદ્ધ ગુણોનું અથવા સંસારી આત્માના ઔપાધિક રૂપને છોડી તેના સ્વાભાવિક રૂપનું પરમાત્માની સાથે તુલનાપૂર્વક ધ્યાન કરવું તેને '<u>નિરાલંબન ધ્યાન</u>' કહે છે.
નિરાલંબન ધ્યાન આત્માના તાત્વિક સ્વરૂપને જોવાની નિઃસંગ અને અખંડ લાલસારૂપ છે.

આ પ્રકરણની ભાવના ભાવ અપૂર્વકરણ થતે પ્રાપ્ત થવાવાળા ધર્મસંન્યાસ રૂપ સામર્થ્ય યોગાદિ જાણો છે.

(૧૭) મોહની રાગ-દ્વેષ વૃત્તિઓ પૌદ્ગલિક અધ્યાસનું પરિણામ છે. નિરાલંબન ધ્યાનનો વિષય શુદ્ધ ચૈતન્ય છે, તેથી મોહ અને નિરાલંબન ધ્યાન પરસ્પર વિરોધી તત્ત્વ છે. નિરાલંબન ધ્યાનને પતંજલિ ઋષિ 'સંપ્રજ્ઞાત' અને વળી કેવળજ્ઞાન થવાની સાથે જે માનસિક વૃત્તિઓ નાશ પામે,

તેને પતંજલિ 'અસંપ્રજ્ઞાત યોગ' કહે છે.

તેમાં સૂક્ષ્મ સંસ્કાર રહે છે, તે અઘાતિ કર્મ સ્વરૂપ છે.

તેનો નાશ 'અયોગ' નામના ગુણસ્થાને થાય છે.

તે થતે વૃત્તિના બીજરૂપ સૂક્ષ્મ સંસ્કાર નાશ પામે છે.

તે વિદેહ, મુક્તિ અગર પરમ નિર્વાણ છે.

## પ્રસ્તાવના

(૧) પ્રત્યેક વ્યક્તિ અપરિમિત શક્તિઓના તેજનો પુંજ છે. એમ સત્ય છતાં વિફળતા - નિરાશા કેમ દેખાય છે? તેનું કારણ યોગ - મનઃસ્થૈર્યનો અભાવ છે. યોગના અભાવે બુદ્ધિ સંદેહશીલ રહે છે અને તેથી પ્રયત્નની ગતિ અનિશ્ચિત રહે છે અને શક્તિઓ અહીં-તહીં અથડાઈને બરબાદ જાય છે. એ કારણે બધા શક્તિઓને

એક કેન્દ્રગામી બનાવી સાધ્ય સુધી પહોંચાડવા માટે
અનિવાર્ય રૂપથી સર્વને યોગ કરવાની આવશ્યકતા છે.
(૨) યુજ્ ધાતુ ઉપરથી 'યોગ' શબ્દ બન્યો છે. તેનો જે
અર્થ છે: જોડવું અને સમાધિ - મનઃસ્થિરતા કરવી.
'ચિત્ત-વૃત્તિનિરોધ' શબ્દથી ચિત્તની તે જ ક્રિયા યા
વ્યાપાર વિવક્ષિત છે, જે મોક્ષને માટે અનુકૂળ હોય અને
જેનાથી ચિત્તની સંસારાભિમુખ વૃત્તિઓ રોકાઈ જાય.
મોક્ષપ્રાપક ધર્મના વ્યાપારનો પણ એ જ અર્થ છે.
(૩) યોગનો સામાન્ય અર્થ સ્વાભાવિક સમસ્ત આત્મ-
શક્તિઓનો પૂર્ણ વિકાસ કરવાવાળી ક્રિયા, આત્મોન્મુખ ચેષ્ટા.
(૪) યોગનો સંબંધ આધ્યાત્મિક વિકાસ સાથે છે. સર્વ
દેશો અને સર્વ જાતિઓમાં ન્યૂનાધિકરૂપથી આધ્યાત્મિક
વિકાસ પામેલા મહાત્માઓ મળી આવે છે. તેને પરાકાષ્ઠા
સુધી પહોંચાડવાનો યશ ભારતવર્ષ યા આર્યજાતિને છે.
તેના પ્રમાણ તરીકે ૩ વસ્તુ છે: યોગવિષયક લોકરુચિ,
યોગી-જ્ઞાની-તપસ્વી-આધ્યાત્મિક મહાપુરુષોની બહુલતા
અને સાહિત્યના આદર્શની એકરૂપતા યા મોક્ષલક્ષિતા.

°

*Education is the harmonious developement of all our faculties.*

(૪) જ્ઞાનમાર્ગનું સાધ્ય મોક્ષ. આશ્રમધર્મપાલનનો મુખ્ય ઉદ્દેશ મોક્ષ. ભારતના સાહિત્યનો કોઈપણ સ્ત્રોત હો, તેની ગતિ સમુદ્ર સમ અપરિમિત એવા એક ચતુર્થ પુરુષાર્થ તરફ છે.

(૫) ભારતવર્ષની સભ્યતા અરણ્યમાં ઉત્પન્ન થઈ છે.

(૭) શાશ્વત જીવનની ઉદાત્તતા એ આર્ય સંસ્કૃતિની ભીંત છે. એના ઉપર આર્યસંસ્કૃતિના ચિત્રોનું ચિત્રણ છે.

સામાજિક, નૈતિક, ધાર્મિક, રાજનૈતિક વગેરે સંસ્કૃતિઓનું નિર્માણ સ્થૂળજીવનની પરિશુદ્ધ વિરક્તતા અને આધ્યાત્મિક જીવનની પરિશુદ્ધ સુંદરતા ઉપર નિર્ભર છે.

(૮) આર્યજાતિનું અસાધારણ લક્ષણ પરલોક (મોક્ષ)ની કલ્પના માત્ર જ નહિ કિન્તુ તેનું અંતરંગ લક્ષણ સ્થૂળ જગતની પેલે પાર વર્તમાન પરમાત્મતત્ત્વની અફર બુદ્ધિ ઉપાસના જ છે. આ વ્યાપક ઉદ્દેશના કારણે જ આર્ય જાતિ અન્ય બધી જાતો કરતાં શ્રેષ્ઠ મનાતી આવી છે.

(૯) સ્પષ્ટ તથા પરિપક્વ જ્ઞાનની એકમાત્ર ચાવી 'યોગ' છે. યોગની પૂર્વવર્તીનું જ્ઞાન અસ્પષ્ટ હોય છે અને યોગની પછી અનુભવાત્મક જ્ઞાન સ્પષ્ટ તથા પરિપક્વ હોય છે. કોઈપણ વિષયનું જ્ઞાન પરિપક્વ ત્યારે જ મનાય છે, જ્યારે તે જ્ઞાનને અનુસાર વર્તન કે આચરણ થાય છે.

આત્મરમણ એ જ વસ્તુતઃ યોગ છે.
જેમાં યોગ યા એકાગ્રતા નહિ હતી,
તે જ્ઞાનવાળો જ્ઞાની નહિ પણ જ્ઞાનબન્ધુ છે.
નિર્વાણ પ્રકરણમાં કહ્યું છે કે:

'યતતે નાત્યનુષ્ઠાને, જ્ઞાન-બન્ધુઃ સ ઉચ્યતે।' અર્થાત્ જે અનુષ્ઠાનમાં પ્રયત્ન ન કરે તે 'જ્ઞાનબંધુ' કહેવાય છે.

(૧૦) યોગસાધના વિના કોઈપણ મનુષ્યની ઉત્ક્રાન્તિ નહિ થઈ શકતી. માનસિક ચંચલતાને કારણે તેની શક્તિ એક બાજુ વહન કરવાને બદલે ભિન્ન ભિન્ન વિષયોમાં અથડાય છે, પરિણામે ક્ષીણ થઈને નષ્ટ થઈ જાય છે.

(૧૧) યોગનું કલેવર એકાગ્રતા છે અને તેનો પ્રાણ અહંત્વ-મમત્વનો ત્યાગ છે. જેમાં કેવળ એકાગ્રતા હોય તે 'વ્યાવહારિક યોગ' અને જ્યાં એકાગ્રતાની સાથે અહંત્વ અને મમત્વનો ત્યાગ હોય તે 'પારમાર્થિક યોગ.'

યોગસ્થઃ કુરુ કર્માણિ સંગં ત્યક્ત્વા ધનંજય।
સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥૧॥

(પરિશિષ્ટ-૪)

સમતા = રાગ-દ્વેષના હેતુઓમાં મધ્યસ્થ પરિણામ.

(૧૨) તત્ત્વ વિચારણામાં મતભેદ હોઈ શકે પરંતુ આત્મરમણ યા ચારિત્રમાં બધા વિચારશીલો એકમત થઈ જાય છે.

ચારિત્ર = યોગનું સંક્ષિપ્ત નામ. તેના વિનાનું જ્ઞાન કોરી
વાતો છે. સર્વ દર્શનકારોએ પોતાના સૂત્રગ્રન્થોમાં આ
યોગની ઉપયોગિતા અવશ્ય જણાવી છે.

(૧૩) ચિતારાને ચિત્ર તૈયાર કરવું હોય તો સૌ પહેલા જોઈશે
ચિત્રના સ્વરૂપ, સાધન અને સાધનોના ઉપયોગનું જ્ઞાન.
પછી જ તે જ્ઞાનના આધાર ઉપર ક્રિયા કરવી જોઈએ.
તેવી રીતે મુમુક્ષુ માટે સૌ પ્રથમ
આત્મા, બન્ધ, મોક્ષ, તેના હેતુ વગેરેનું જ્ઞાન જરૂરી છે
અને પછી તે જ્ઞાનાનુસાર પ્રવૃત્તિ આવશ્યક છે.
તેથી સંક્ષેપમાં કહ્યું છે: જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ। અર્થાત્
જ્ઞાન અને ક્રિયાના સમન્વયથી મોક્ષ પ્રાપ્ત થાય છે.
યોગ એ ક્રિયામાર્ગનું નામ છે.

એમાં પ્રવૃત્ત થવા શાસ્ત્ર, સત્સંગ અને સ્વપ્રતિભા વડે
આધ્યાત્મિક વિષયોનું આરંભિક જ્ઞાન મેળવવું જોઈએ.
તત્ત્વ વિષયક પ્રાથમિક જ્ઞાન એ પ્રવર્તક જ્ઞાન છે.
એ પ્રાથમિક જ હોવાથી સૌનું જ્ઞાન એક પ્રકારનું ન હોય.
એ પ્રવર્તક જ્ઞાનનો મુખ્ય વિષય 'આત્માનું અસ્તિત્વ' છે.
આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માનવાવાળાના મુખ્ય બે મત:
(૧) એકાત્મવાદી (૨) નાનાત્મવાદી.

નાનાત્મવાદીમાં આત્માની વ્યાપકતા-અવ્યાપકતા, પરિણામિતા
- અપરિણામિતાદિ માનવાવાળા અનેક પક્ષોને બાજુ ઉપર
રાખી આત્માની એકતા-અનેકતા માનવાવાળા બે વાદ છે.
તેના આધાર ઉપર યોગમાર્ગની બે ધારાઓ થઈ ગઈ છે,
તેથી તદ્વિષયક સાહિત્ય પણ બે ભાગોમાં વિભક્ત છે.

ઉપનિષદો, યોગવશિષ્ઠ અને હઠયોગ પ્રદીપિકા
વગેરે એકાત્મવાદને લક્ષ્યમાં લઈને રચાયા છે.

મહાભારત ગત યોગપ્રકરણ, યોગસૂત્ર,
જૈન અને બૌદ્ધ યોગગ્રન્થ વગેરે
અનેકાત્મવાદને લક્ષ્યમાં લઈને લખાયા છે.

(૧૭) વૈશેષિક, નૈયાયિક, સાંખ્યયોગ અને બૌદ્ધો
યોગનું અંતિમ સાધ્ય દુઃખનિવૃત્તિ માને છે, જ્યારે જૈનો
અને વેદાન્તીઓ શાશ્વત સુખને અંતિમ સાધ્ય માને છે.

દુઃખ નિવૃત્તિ આપોઆપ થાય છે.

(૧૮) યોગદર્શનમાં ઈશ્વરને એક અલગ વ્યક્તિ અને
શાસ્ત્રોપદેશક માનેલ છે. તેમાં નૈયાયિક આદિની જેમ
નિત્યજ્ઞાન, નિત્યઈચ્છા, નિત્યકૃતિનો સંબંધ માન્યો નથી

પણ સત્ત્વગુણનો પરમ પ્રકર્ષ માની,
તે દ્વારા જગત ઉદ્ધાર આદિની સર્વ વ્યવસ્થા ઘટાવી છે.

(૧૬) યોગદર્શન ચેતનને દેહપરિમાણ-મધ્યમ પરિમાણવાળો કે મધ્વ સંપ્રદાયની જેમ અણુ પરિમાણવાળો માનતું નહિ, કિન્તુ સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક અને વેદાન્તની જેમ વ્યાપક માને છે. વળી જૈનની જેમ પરિણામિ કે બૌદ્ધની જેમ ક્ષણિક નહિ, કિન્તુ કૂટસ્થ માને છે. વળી સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક, બૌદ્ધ, જૈન અને મધ્વની જેમ દ્વૈતવાદ માનતું હોવાથી અનેક ચેતન હોવાનું માને છે.

(૧૭) યોગદર્શન દૃશ્યને જૈન, વૈશેષિક, નૈયાયિકની જેમ
પરમાણુનું પરિણામ કે શાંકર વેદાન્તની જેમ
બ્રહ્મનું વિવર્ત અથવા બ્રહ્મનું પરિણામ નહિ માનતું.
તેમ જ બૌદ્ધની જેમ શૂન્ય કે વિજ્ઞાનસ્વરૂપી પણ નહિ માનતું,
કિન્તુ સાંખ્યની જેમ પ્રકૃતિનું પરિણામ માને છે,
તેને અનાદિ-અનંત પ્રવાહ સ્વરૂપ સમજે છે.

(૧૮) યોગદર્શન સંસારનું મૂળ કારણ અવિદ્યા માને છે. તે મોક્ષનો મુખ્ય હેતુ યોગજન્ય વિવેકખ્યાતિ અથવા સમ્યગ્દર્શનને માને છે. તેના મતે વાસના, ક્લેશ, કર્મ એ જ સંસાર અને તેનો સદંતર અભાવ એટલે કે ચેતનનું સ્વરૂપાવસ્થાન જ મોક્ષ છે એમ માને છે.

(૧૯) સાંખ્ય : ચરમાવર્તી અપુનર્બન્ધક = નિવૃત્તાધિકાર પ્રકૃતિ.

તે અવસ્થામાં આત્મા ઉપર મોહનું દબાણ ઘટે છે અને
મોહ ઉપર આત્માનું દબાણ વધે છે, શરૂ થાય છે,
એજ આધ્યાત્મિક વિકાસનું બીજારોપણ છે.

યોગમાર્ગનો પ્રારંભ અહીંથી થાય છે, તેથી
સાધકની પ્રત્યેક પ્રવૃત્તિમાં સરલતા, નમ્રતા, ઉદારતા,
પરોપકારપરાયણતા વગેરે સદાચાર દેખાઈ આવે છે.

(20) આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ ક્યારે થાય છે?
એનું વર્ણન યોગબિન્દુની અપેક્ષાએ યોગદૃષ્ટિમાં
જુદી રીતે આવ્યું છે. એમાં અચરમાવર્તકાલીન આત્માની
સ્થિતિને 'ઓઘદૃષ્ટિ' કીધી છે અને પછીની અવસ્થાને
'યોગદૃષ્ટિ' કહી છે. ઓઘદૃષ્ટિના અનેક પ્રકાર અને યોગ-
દૃષ્ટિના ૮ પ્રકાર બતાવ્યા છે. પહેલી ૪ દૃષ્ટિમાં યોગની
પ્રારંભિક અવસ્થા હોવાથી અવિદ્યાનો અલ્પ અંશ રહી
જાય છે, તેથી તેને 'અવેદ્ય-સંવેદ્ય પદ' કહે છે. પછીની
૪ દૃષ્ટિમાં બિલકુલ રહેતો નથી, તેથી તેને 'વેદ્ય-સંવેદ્ય પદ'
કહે છે. તેને ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય યોગ રૂપે
૩ ભૂમિકાઓમાં વહેંચ્યો છે. યોગવિંશિકામાં આધ્યાત્મિક
વિકાસની પ્રારંભિક અવસ્થાનું વર્ણન નથી, કિન્તુ પુષ્ટ
અવસ્થાઓનું વર્ણન છે, તેથી તેમાં મુખ્ય અધિકારી

ત્યાગીને માનેલ છે, તેથી ત્યાગી, ગૃહસ્થ અને સાધુની
આવશ્યક ક્રિયાને જ યોગરૂપ બતાવી, તેના દ્વારા
વિશ્વની અધિક વૃદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે.

## Our Religion

(૧) જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ ભાવનાઓ એક જ આત્માની છે. આત્મા એ કેવળ લાગણીરૂપ, કેવળ જ્ઞાનરૂપ તેમ જ કેવળ ઇચ્છા કે પ્રયત્નરૂપ નથી.
એ ત્રણેની સમગ્રતા, અખંડતા એટલે આત્મા.
એટલા માટે આત્માનો ઉદ્ધાર સમગ્ર આત્માથી જ
થવો જોઇએ એમ શાસ્ત્રો કહે છે.

(૨) ગૌતમ બુદ્ધે સ્વાર્થવૃત્તિનો નાશ કરવા શૂન્યવાદ અને રાગવૃત્તિનો નાશ કરવા માટે ક્ષણિકવાદ બતાવ્યો હતો. વિશ્વમાં સુખ-દુઃખ, હર્ષ-શોક વગેરે ક્ષણભંગુર છે એ વાત સૌને માન્ય છે અને એ જ વૈરાગ્યનો હેતુ છે.

(૩) કામના વડે કરેલું તપ એ શ્વાને ચાટેલા દૂધ જેવું છે. અહીં મોહરૂપી શ્વાન, તપરૂપી દૂધને કામનારૂપી જળ
વડે દૂષિત કરે છે એમ સમજવું.

(૪) વિષયસુખો અવિચાર વડે રમણીય લાગે છે. વિષ મેળવેલા મધુર અન્નનો ઉપભોગ તેના ભોક્તાને પૂર્વાપરના

વિચાર વિના તે કાળમાં સુખાનુભવ તો કરાવે છે, પરંતુ પરિણામ કાળે તો તે અસુખનો જ અનુભવ કરાવે છે.

विषयेन्द्रिय संयोगात् यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥

(૪) વિષયસુખ એ દુઃખજનક છે,
પણ દુઃખાભાવરૂપ નહિ.
વિવેકીઓ નિરૂપાધિક સુખને પ્રિય ગણે છે,
પણ સોપાધિક સુખને પ્રિય ગણતા નહિ.
વિષયેચ્છાના અભાવ વડે
ચિત્તના વ્યાપારનો ઉપરમ તે શાંતિ
અને તેનાથી ઉપજેલા સર્વ દુઃખોની નિવૃત્તિ
તે પારમાર્થિક સુખ છે.

(૫) સુખનું સાધન ભોગાભ્યાસ નહિ,
પણ ભોગેચ્છાનો વિચ્છેદ છે.

'न चाऽभावयतः शांतिः अशान्तस्य कुतः सुखम् ॥'
અર્થાત્ અસંતોષીને શાંતિ અને અશાંતને સુખ ક્યાંથી?

(૭) ઇંદ્રિયોમાં રહેલી ભોગતૃષ્ણાથી જે ચિત્તવૃત્તિનું ચાંચલ્ય તે દુઃખ છે. ભોગાભ્યાસ વડે તૃષ્ણારહિતપણું સંપાદન કરવાની ઇચ્છા તે વૃશ્ચિકના ભય વડે સર્પદંશને ભેળવવા જેવું છે.

કામાદિ ક્ષુદ્ર દુ:ખ વડે ભલે પામેલો
તેના નિવૃત્તિરૂપ સુખના ઇચ્છા વડે
સ્ત્રી-પુત્રાદિના ભદ્રરૂપ મોટા દુ:ખ વડે ઘેરાય છે.
(૮) પરિણામ દુ:ખતા ઉત્તરકાળે,
તાપ દુ:ખતા પૂર્વકાળે, ઉત્તરકાળે અને ભોગકાળે,
સંસ્કારદુ:ખતા ઉત્તરકાળે પણ દુ:ખપરંપરાની જનક છે,
એટલે એ ત્રણે દુ:ખતામાં ભેદ છે.
(૯) સુખ-દુ:ખાનુભવ વડે સંસ્કાર, સંસ્કાર વડે સ્મૃતિ,
સ્મૃતિથી રાગ-દ્વેષ, રાગ-દ્વેષરૂપી દોષથી મન-વચન-કાયાની
પ્રવૃત્તિ, પ્રવૃત્તિથી ધર્માધર્મ અને તેથી તેના વિપાકરૂપ
સુખ-દુ:ખાનુભવ, ફેર સંસ્કાર, સ્મૃતિદોષ, પ્રવૃત્તિ, અદૃષ્ટ,
જન્મ, સુખ-દુ:ખાદિ એમ અનુભવરૂપ જ્ઞાનના સંસ્કારો વડે
છે, તેમ કર્મના સંસ્કારો વડે પણ જન્માદિ દુ:ખોની ઉત્પત્તિ
થાય છે. જ્ઞાન સંસ્કારની જેમ કર્મ સંસ્કાર પણ દુ:ખમય છે.
સંસ્કારદુ:ખતા મતાંતરે પરિણામદુ:ખતા જેવી છે,
તો પણ સંસ્કાર પરંપરા અનંત દુ:ખરૂપ છે,
એમ પ્રતિપાદન કરવા ગોખલાવઈ ન્યારે
સંસ્કારદુ:ખતાનું પૃથક્ કથન કર્યું છે.
(૧૦) પ્રાપ્ત સુખનાશનો ભય, નાશ કરનાર હેતુઓ પ્રતિ દ્વેષ,

દુઃખના ભોગકાળે સુખના સાધનોની પ્રાર્થનારૂપ <u>રાગ,</u>
દુઃખ અને તેનાં સાધનોને દૂર કરવા અશક્તને <u>મોહ,</u>
એ રીતે દ્વેષજ, રાગજ, મોહજ કર્માશયથી
જન્માદિ દુઃખોની પ્રાપ્તિ થાય છે.

(૧૧) જેઓ બુદ્ધિ, ઇંદ્રિય ને શરીરાદિમાં અહંતાવાળા અને સ્ત્રી-પુત્રાદિમાં મમતાવાળા છે, તેવા દુઃખના રાગી પ્રાકૃત-જનોને માત્ર શબ્દાદિ વડે પરિણામ પીડાકારક થતા નથી. અયોગીને વિષયસુખના અનુભવકાળમાં દુઃખની પ્રતીતિ થતી નથી, કિન્તુ દુઃખપ્રાપ્તિના કાળમાં જ પ્રતીતિ થાય છે. યોગીને અનુભવકાળે પણ પરિણામ દુઃખતાના રાગ વડે દુઃખની પ્રતીતિ થાય છે. એનું જ નામ 'સમ્યગ્દર્શન' છે.

(૧૨) પરિણામ, તાપ અને સંસ્કાર દુઃખતાની જેમ વિષય-સુખોમાં સ્વભાવ દુઃખતા પણ છે. હરડેમાં જેમ છ યે રસોનો સદ્ભાવ હોય છે, તેમ સુખવાળી વૃત્તિઓનાં ઉપાદાનમાં દુઃખાદિનો સદ્ભાવ હોય જ છે. બુદ્ધિવૃત્તિ એ દીપશિખાની જેમ દ્રવ્યરૂપ છે, તેથી સુખાદિ ગુણપ્રવૃત્તતા ઘટે છે. દીપકના અવયવોની પેઠે બુદ્ધિના અવયવોરૂપ ગુણોનું ક્ષણે ક્ષણે પરિણામ થાય છે, તેથી સુખોપભોગ રૂપ બુદ્ધિ - વૃત્તિ - દુઃખાદિના ઉપભોગરૂપે પરિણમે છે.

(૧૩) બુદ્ધિના ૮ ભાવો: ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય,
અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય, અનૈશ્વર્ય.
સુખ-દુઃખ-મોહાદિ બુદ્ધિવૃત્તિઓ ગુણપ્રધાનભાવે રહેલા છે.
વિષયસુખોનો તેના ઉત્પાદનકાળમાં ગુણવૃત્તિ
અભેદ હોવાથી દુઃખરૂપતા છે.

(૧૪) દુઃખની નિવૃત્તિ માટે જેમ મનુષ્ય આપઘાત કરે છે, પણ પોતાના ઉચ્છેદને સુખરૂપ માની તેમ કરતો નથી. તેમ આત્મોચ્છેદ રૂપ બૌદ્ધનો મોક્ષ અયૌક્તિક છે.

ભાવ અને ક્રિયા

(૧) ભાવ અને ક્રિયા રૂડવાળું ઘર તુલ્ય છે.
(૨) ભાવ શિરોદક સમાન છે, ક્રિયા કૂપખનન તુલ્ય છે.
(૩) ભાવશૂન્ય ક્રિયા કૃત કર્મક્ષય મંડૂક ચૂર્ણ તુલ્ય છે.
(૪) ભાવયુક્ત ક્રિયા કૃત કર્મક્ષય મંડૂક ભસ્મ સદૃશ છે.
(૫) નય સારા હિ દેશના ।
નયપ્રધાના હિ દેશના। શાસ્ત્રો પ્રવર્તતે ।
અર્થાત્ દેશના નયના સારવાળી હોય છે.
નય જેમાં પ્રધાન છે, એવા દેશના શાસ્ત્રમાં પ્રવર્તે છે.

o ઈશ્વરેચ્છા ભગવાન છે અને સુખકારક છે.
o શત્રુને ક્ષમા આપવા.
એ તેનો બદલો લેવાનું સૌથી શ્રેષ્ઠ સાધન છે.

## મુક્ત્યદ્વેષ દ્વાત્રિંશિકા

અભવ્યોને મુક્ત્યદ્વેષ જે કહેલો હોય છે:
સ્વર્ગને જ મોક્ષ માને છે તેથી અથવા
મુક્તિદ્વેષ સ્વર્ગસુખની પ્રાપ્તિને પણ પ્રતિબંધક છે તેથી.
સ્વર્ગસુખના અતિરાગ કાળે દ્વેષ હોઈ શકતો નથી.
અભવ્યોનો મુક્ત્યદ્વેષ સદનુષ્ઠાન રાગાજનક નથી.
ભવ્યોનો મુક્ત્યદ્વેષ પ્રત્યપાયયોગે સદનુષ્ઠાન રાગજનક છે.
ભવ્યની સાંસારિક ફળની ઈચ્છા ઉપદેશાદિથી ટળી શકે છે.
અભવ્યોની કદાપિ ન ટળે. મુક્ત્યદ્વેષ ગુણરાગજનક છે.
તેથી ધારાલગ્ન શુભભાવ ઉપજે અંતસ્તત્વ વિશુદ્ધ થાય
અને તેથી આગળ ચાલી જાય છે.
મુક્તિનો આસન્નભાવ થવાથી આંતરિક પ્રમોદ જન્મે છે.
મુક્તિ સમીપ હોવાથી મનોરથિક સુખાસ્વાદ થાય છે.
મુક્તિહેતુક ક્રિયાનું કષ્ટ તેને પીડાકારક થતું નથી,
કિન્તુ આનંદ આપે છે. શ્રદ્ધા ઉત્પન્ન થવાથી ચિત્ત
પ્રસન્ન થાય છે, વીર્યોલ્લાસ વધે છે, અનુત્તર સ્મૃતિ પ્રગટી
આપણું ચિત્ત સ્થિરતાને પામે છે. અપુનર્બંધક આત્મા
ક્રમે ક્રમે મુક્ત્યદ્વેષના પરમાનંદનો અધિકારી થાય છે.
'ક્ષીણ દોષઃ પુરુષઃ શિષ્ટઃ ।'
અર્થાત્ જે પુરુષના દોષો ક્ષીણ થયા છે, તે 'શિષ્ટ' છે.

## ભૂખ

જ્ઞાની-અજ્ઞાનીની બાહ્યક્રિયાઓ સરખી રહેશે પણ ક્રિયાની પાછળ વૃત્તિ, વિચાર કે ભાવના સરખા નહિ હોય. સ્થિતપ્રજ્ઞ શરીરના નિર્વાહ માટે કેવળ તટસ્થ ભાવે ખાશે, ઔષધરૂપ લેશે. જે ઘર વાપરીએ છીએ, તેનું ભાડું ચૂકવશે. જે સંચો વાપરીએ છીએ, તેને તેલ પૂરશે. શારીરિક ભોજનની પાછળ ગંભીર હેતુ છે. ભોગમય ભોજન બાલિશ બને છે. અજ્ઞાની જગતમાં અડધોઅડધ માનવ સમાજ કેવળ ભોજનના કાર્ય માટે સતત રોકાયેલા રહે છે.

સમસ્ત સ્ત્રી સમાજ તે કામમાં રોકાયેલ છે.

જ્ઞાનીને ખાવામાં ભોગ, આનંદ કે હોંશ નથી.

## ઊંઘ

શરીર નિર્વાહ માટે ઊંઘ ભોજનના જેવી જ ક્રિયા છે.

અજ્ઞાનીને ઊંઘ એક આળસ છે.

જ્ઞાનીને ઊંઘ એ વિચારનો વિશ્રામ છે.

એકની ઊંઘ તમોગુણનો પ્રકર્ષ;

બીજાની ઊંઘમાં ત્રણે ગુણોનું સામ્ય.

એકની ઊંઘ જ્ઞાનને ખાય, બીજાની જ્ઞાનને અંકુરિત કરી નવા-નવા વિચારોને પોષણ આપે છે.

## વ્યવહાર

બહુ મોટા ભાગના લોકોનો વ્યવહાર માનાપમાનના ધોરણે ઉભો રચાયેલો હોય છે. મહાત્મા સજ્જનપુરુષો, જ્ઞાનીપુરુષાદિ, કુદરતી રીતે સહજે જ વર્તે છે. શિષ્ટાચાર અને વિવેકને નામે કેવળ માન અને દંભ જ પોષાય છે. જ્ઞાનીનું બધું સ્વાભાવિક, સરળ અને ખુલ્લું હોય છે. તેમાં કૃત્રિમતા કે દંભનો પ્રવેશ લેશ પણ હોતો નથી.

## ચિત્ત અને વાસના

વિવેકખ્યાતિના અભાવવાળું ચિત્ત તે સાધિકાર ચિત્ત,
વિવેકખ્યાતિવાળું ચિત્ત સમાપ્તાધિકાર ચિત્ત છે.
ભોગ-મોક્ષરૂપ અધિકાર સમાપ્ત થવાથી એવા ચિત્તમાં વાસનાઓની સ્થિતિ રહેતી નથી. કામિની સ્પર્શાદિ સન્મુખ ઉપસ્થિત થઈ વાસનાને જગાડે તે વાસનાનું આલંબન છે;
ધર્મથી સુખ, અધર્મથી દુઃખ. સુખથી સુખસાધનેચ્છા,
દુઃખથી દુઃખ, દુઃખ સાધને દ્વેષ, રાગ-દ્વેષથી પ્રવૃત્તિ,
પ્રવૃત્તિથી પરાનુગ્રહ-પરપીડા, તેથી ધર્માધર્મ, જેથી સુખ-દુઃખ,
તેથી રાગ-દ્વેષ એ છ આરાવાળું સંસારચક્ર છે.
સંસારચક્રનું મૂળ અવિદ્યા, તેથી સંસારચક્ર,
જેથી સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ધર્મ-અધર્મરૂપી વાસનાઓ.

અવિદ્યા કે સંસારચક્ર દ્વારા વાસનાનો હેતુ,
જાતિ-આયુષ-ભોગરૂપ ફળ, અધિકાર ચિત્તરૂપ આશ્રય
અને કામિની આદિના સ્પર્શ આદિરૂપ આલંબન. આ
જ વડે વાસના સંગૃહીત છે, એને જ આધિન વાસના છે.

મૂળ, ફળ, આશ્રય અને આલંબનના અભાવથી
વાસનાઓનો અભાવ થાય છે.

અનાદિ હોવા છતાં કારણના અંતથી તેનો અંત આવે છે.

हेतु फलाश्रयालंबनैः संगृहीतत्वादेषामभावे तदभावः ।
वासनानामनन्तरानुभवो हेतुः ।
अनुभवस्य रागादयस्तेषामविद्या ।
फलं शरीरादि स्मृत्यादयश्च । आश्रयश्चित्तं ।
आलंबनं यदेवानुभवस्य तदेव
वासनानाम् शब्दादिकमिति यावत् ।

મરણ પામનાર શરીર છે, ગ્રાહ્યપદાર્થનું સ્મરણ કરનાર
મન છે, જ્યારે આત્મા તો બંનેને જોનાર
કેવળ સાક્ષી પુરુષ છે, તો શરીરનું મૃત્યુ કે મનનું સ્મરણ
આત્માને શું લાભ-હાનિ પહોંચાડે ?

જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ છે દેહનાં તથા મનનાં ધર્મો
છે રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ, સ્મરણ, ચિંતન, સદસદહંકાર.

આત્મા તેથી પર છે.
જે જ્ઞાની પુરુષ પોતાના આ સ્વરૂપનો નિશ્ચય કરી લે,
તે જ્ઞાની જ તે મૂહૂર્તમાં મુક્ત થઈ જાય છે.
શરીરની રચના જ એવી છે કે મરણના સમયે
મનુષ્ય કાંઈપણ ચિન્તન કરવા સમર્થ રહેતો નથી.
મરણનો ધક્કો એવો તો લાગે છે - વેદના અસહ્ય છે,
તેથી તે અંતે પ્રાણ વ્યાકુળ થઈ જાય છે.
મન-બુદ્ધિ સ્થિર રહી શકતાં નથી એટલે ચિંતન-સ્મરણ
થતું નથી. આવી સ્થિતિ લગભગ બધાની જ રહે છે.
દેહ-મનનાં ધર્મોમાં જ્ઞાની-અજ્ઞાનીનો કોઈ ભેદ નથી.
જે જ્ઞાનીનું દેહાભિમાન ગળી જઈ દેહાધ્યાસ નિવૃત્ત
થઈ ગયો છે કે જગતને આત્મસ્વરૂપ જ જુએ છે,
તે જ્ઞાનીને શરીરના ઉત્પત્તિ-વિનાશથી કે મન ને બુદ્ધિના
ચિન્તન-નિશ્ચયથી શું લાભ-હાનિ થઈ શકે?
જ્યાં સુધી દેહાધ્યાસ છે, આત્મામાં અજ્ઞાન છે,
ત્યાં સુધી જીવ પોતાને જન્મતો-મરતો માને છે.
આથી મૃત્યુ સમયે જે ભાવનું તેને સ્મરણ થાય છે,
તે પ્રમાણે તેની નીચી-ઉંચી ગતિ અવશ્ય થાય છે.
જ્ઞાની પુરુષને તો મરણ જ નથી, એટલે તેને મરણનો
સમય પણ નથી, તેથી તેને સ્મરણ-ચિંતન કરવાપણું રહેતું નથી.

## તિતિક્ષા, વૈરાગ્ય અને યોગ

તિતિક્ષા = સંતોષપૂર્વક ત્યાગ.

વૈરાગ્ય = સંતોષપૂર્વક ત્યાગ સાથે શાંતિ.

યોગ = ચિત્તવૃત્તિનિરોધ, મોક્ષપ્રાપક ધર્મવ્યાપાર.

યોગ એટલે સ્થિરતા. યોગ અને ધ્યાન પર્યાયવાચક છે.
ધ્યાન વિશિષ્ટ પ્રયત્નરૂપ છે. તે ૧૩મા ગુણસ્થાનકે નહિ,
પરંતુ તે પહેલાં અને પછી હોય છે.

## જ્ઞાનની ૭ ભૂમિકા

તુર્યગા : આત્મસ્વરૂપમાં કાયમ સ્થિરતા.
શુભેચ્છા : વિવેક-વૈરાગ્યની સ્થિતિ.
વિચારણા : શ્રવણ-મનનની અવસ્થા.
અસંસક્તિ : ઇન્દ્રિયોની અનાસક્તિ.
સત્વાપત્તિ : अहं ब्रह्मास्मि - એ ધારણાને દૃઢ કરવી.
તનુમાનસા : અનેક અર્થમાંથી એકનું ગ્રહણ કરવું તે.
શરીર અનિત્ય, આત્મા નિત્યની પ્રતીતિ.
પદાર્થાભાવિની : વૃત્તિમાત્રનો લય.

## મનની ૪ અવસ્થા તથા ૪ વિઘ્નો

વિક્ષિપ્તતા, યાતાયાતતા, સંશ્લિષ્ટતા, સુલીનતા.
૪ વિઘ્નો : લય, વિક્ષેપ, કષાય, રસાસ્વાદ.

## જીવાત્માના ૫ શુદ્ધ લક્ષણો - ઇચ્છા - ભૂખ

(૧) શાશ્વત અસ્તિત્વ (૨) પરિપૂર્ણ જ્ઞાન (૩) અખંડ આનંદ
(૪) સર્વદા સ્વાતંત્ર્ય (૫) સર્વોપરિ શાસન.

## ૬ આવશ્યક વિચારો

(૧) ભૂત-ભવિષ્યના વિચારો, પ્રસંગોપાત માનસિક તણાવ, આકુળ-વ્યાકુળતામાં માનસિક કિંમતી શક્તિઓનો અપવ્યય, તથા શક્તિનો અભાવ અનુભવાય છે.

(૨) આત્મા શુભ આલંબને ઊંચે - અશુભ આલંબને પડે છે.
ચિંતાનો ભાર દૂર થતાં આરોગ્ય ઉપર તાજગી મળે છે.

અલબત્ત આત્મહિતની કાળજી પણ
અતીતની ચિંતાને બદલે ભાવિ શક્ય સક્રિયતાની
અભિલાષા રૂપ હોવી જોઈએ.
આ અભિલાષામાં નિરાશાનું તત્ત્વ ન રહે,
તેમ સંતોષ કે નચિંતતાનું તત્ત્વ પણ ન રહે,
દીનતા કે અહંકારનું તત્ત્વ પણ ન રહે,
એવી આત્મચિંતા જરૂરી છે.
એનો ભાર મગજ પર ન રહેવાથી આરોગ્ય હણાતું નથી.

(૩) નિયમિતતા પણ ખૂબ જરૂરી છે.
જ્યારે વિશ્રાંતિની જરૂર રહે, ત્યારે ભલે
૧૦-૧૫ મિનિટની પણ વિશ્રાંતિ લઈ જ લેવી જોઈએ.

ડાબા પડખે સુઈને મનમાં શંખેશ્વર પ્રભુના
અથવા નમસ્કાર મહામંત્રના જાપ કરતાં કરતાં
આરામ લેવાથી લાભ થાય છે એ અનુભવ છે.
સિદ્ધાસનથી પણ લાભ થાય છે.
ખાસ કરીને સવારે જાગ્યા પછીનો અભ્યાસ કાર્યકર બને છે.
(૪) આહાર રુચિપૂર્વક લેવાય તો ફાયદો કરે છે. ફક્ત
વગર અસંયોજના, એકલા ચંદ્રિકા, એકલા ઓદન, એકલું
સુપ લેવાથી પણ લાભ કરે છે. ત્યાં પણ રુચિ તો જોઈએ.
મોંમાંથી આહા ન છૂટે તો નકામું.
(૫) સવારે એકલું પયઃપાન વગેરે કરવાથી રુચિ મારી નાંખે
છે. પછી આખો દિવસ આહાર અરુચિથી લેવાય છે. એના
બદલે ૧-૨ મંડક સાથે પયઃ લેવાય કે ઠીક ઠીક પીંપરામૂળ
સૂંઠ સાથે લેવાય તો રુચિ સારી રહે છે એ અનુભવ છે.

(૬) આધ્યાત્મિક દૃષ્ટિના ઉપાયો

પરમાત્મકૃપા, આત્મશક્તિની અનંતતા તથા
ગુરુના અનંત ઉપકાર પ્રત્યે શ્રદ્ધા સારું કાર્ય કરી શકે.
કૃતજ્ઞદૃષ્ટિ પણ આરોગ્યમાં સારી પ્રેરક બની શકે.
ઉપરાંત ફુરસદના સમયે શ્રી શંખેશ્વર પ્રભુનો જાપ
ચાલુ રાખવાથી આરોગ્ય પરમ સ્ફૂર્તિવાળું બને છે.

## સર્પ મટી ધરણેન્દ્ર

ભગવાન = શુદ્ધાત્મા ○ પાર્શ્વ = આત્મા, પરમાત્મા.
ધરણેન્દ્ર = મનનાદિ વડે શ્રદ્ધાની સ્થિરતા ને સુદૃઢતા.
બળતો સર્પ = બહિરાત્મા ○ કમઠ = મિથ્યાત્વ, અજ્ઞાન.
પદ્માવતી (ધરણપ્રિયા) = નિદિધ્યાસન (અંતરાત્મભાવ).
નવકાર = આત્મા અને પરમાત્માની એકતાનું અવલંબન.
અગ્નિ = સંસાર ○ સેવક = મન, વિવેક, સદ્ગુરુ.

## સાધનાના અંગો

જપ એ મંત્ર સાધનાનું, ધ્યાન એ યંત્ર અથવા મૂર્તિ સાધનાનું, પૂજા એ દ્રવ્ય અથવા ભાવનું, સ્તુતિ એ ગુણ, પ્રભાવ, માહાત્મ્ય, વર્ણનનું તથા પાઠ એ ગ્રન્થોના ધર્મવિષયક સ્વાધ્યાય - સાધનાનું મહત્વનું અંગ છે.
પ્રાર્થના ભાવસહિત હોવા જોઈએ. તે માટે અભિપ્રાય, તાત્પર્ય, રહસ્ય, તત્ત્વ જાણવા માટે અર્થ આવશ્યક છે.

શ્રદ્ધાને તો પ્રત્યક્ષ પદાર્થની જેમ જ જોવા.

મંત્રસાધના વેળાએ માળા ફરતાં, જીભ જપમાં અને મન ત્રણે ભુવનમાં એમ નહિ.

આત્મીયતા, માતૃત્વ, પિતૃત્વ, ભ્રાતૃત્વ, મિત્રત્વ આદિ દરેક પ્રેમના જ પર્યાય છે.

## સામાન્ય

एक काले नानाव्यक्तिगतोऽन्वय-
स्तिर्यक्सामान्यं गद्यते ।
नानाकालेषु एकव्यक्तिगतोऽन्वय
ऊर्ध्वता सामान्यं गद्यते । (પરિશિષ્ટ-૫)

## ગુણ લક્ષણ

अन्वयिनो सहभावो वा गुणा इति गुणलक्षणम् ।
અર્થ: દ્રવ્યની સાથે આવનાર અથવા
સાથે રહેનાર તે ગુણનું લક્ષણ છે.

## પર્યાય લક્ષણ

व्यतिरेकिणः क्रमभुवः वा पर्याया इति पर्यायलक्षणम् ।
અર્થ: દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ
અંશની કલ્પના કરવી તે 'પર્યાય' કહેવાય છે.

## પુદ્ગલનું લક્ષણ

पुढवी जलं च छाया चउरिंदियविसयकम्मपरमाणू ।
छव्विह भेयं भणियं पोग्गलदव्वं जिणवरेहिं ॥१॥
અર્થ: પૃથ્વી, જળ, છાયા, ૪ ઇંદ્રિયોના વિષયો (સ્પર્શ,
રસ, ગંધ, શબ્દ), કાર્મણવર્ગણા અને પુદ્ગલ પરમાણુ-
આ છ પ્રકારે જિનેશ્વર ભગવંતે પુદ્ગલ દ્રવ્ય કહેલા છે.

## ઉપયોગો લક્ષણમ્

ઉપયોગનો અર્થ છે : જ્ઞાનશક્તિનો વપરાશ.
લક્ષણ એટલે નિશાની,
જે વડે જાણવો ચૈતન્યવંતા પ્રાણીને ઓળખી શકે.
આત્મા સંયોગી પદાર્થ નહિ પણ સ્વતંત્ર પદાર્થ છે.

## જ્ઞાનીની ભક્તિ

જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં તેમને જ્ઞાન સ્વરૂપ સમજી તેમની ભક્તિ ઇચ્છવી એ જ પરમ ફળ છે. પરમ પ્રેમ રૂપ ભક્તિ વિના જ્ઞાન શૂન્ય સમાન જ છે.

## ઇંદ્રિય

ઇંદ્રિયના વિષયરૂપી ક્ષેત્રની જમીન જીતવાને આત્મા અસમર્થપણું બતાવે છે અને આખી પૃથ્વી જીતવામાં સમર્થપણું ધારે છે, એ કેવું આશ્ચર્યરૂપ છે, નહિ?

## ધ્યાન

ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે. તે સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્તે છે તે 'ધ્યાન' કહેવાય છે અને એ આત્મધ્યાનની પ્રાપ્તિ આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નહિ. વળી આત્મજ્ઞાન તે યથાર્થ બોધની પ્રાપ્તિ સિવાય ઉત્પન્ન થતું નહિ. યથાર્થ બોધની પ્રાપ્તિનો

મુખ્ય માર્ગ તે બોધ સ્વરૂપ એવા જ્ઞાની પુરુષનો આશ્રય, સંગ અને તેને વિષે બહુમાન - પ્રેમ છે. જ્ઞાની પુરુષનો જેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણા વખત થઈ ગયો છે તથાપિ 'આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્તવ્ય છે' એમ જીવને સમજમાં આવ્યું નહિ અને તે અણસમજ જ જીવને પરિભ્રમણનું મુખ્ય કારણ થયું છે એમ ખાત્રી થાય છે.

## દેહ - આત્માનો ભેદ

ઘડાને જોનાર જેમ ઘડાથી ભિન્ન છે,
તેમ દેહને જોનાર - જાણનાર એવો આત્મા
તે દેહથી ભિન્ન છે અને દેહ સ્વરૂપ નથી.

તો પછી એ ભિન્ન દેહનાં સ્વાભાવિક ક્ષય - વૃદ્ધિરૂપાદિ પરિણામ જોઈ હર્ષ - શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી. સંસાર વિષે ઉદાસીન રહ્યા સિવાય બીજો ઉપાય નથી.

## નિશ્ચય - વ્યવહાર ચર્ચા

(૧) વ્યવહારનયાશ્રિત જે અસદ્ અભિનિવેશ
કે એકાંત આગ્રહવૃત્તિ તદાશ્રિત
જે મિથ્યાત્વ તેને શોધક ભેદાદિ નિશ્ચય પણ શુદ્ધ જ છે. સ્વ સ્વભાવસ્વરૂપમાં ઉભય શુદ્ધ છે, માટે પક્ષપાતયુક્ત નથી.

(૨) નિશ્ચય ત્રિવિધ છે : હેતુ, સ્વરૂપ, અનુબંધ.

હેતુ: વિશુદ્ધ શાસ્ત્રાનુસારિણી ક્રિયા છે.
એ ક્રિયા એટલે સદ્વ્યવહાર વિષયભૂત સત્ક્રિયા.
તેનો પ્રતિક્ષેપ કરનાર જે ભાવ, તે ભાવમલક
જે સ્વભાવસ્વરૂપ દોષ, તેની નિવૃત્તિ કરે છે અને
સાથે જ અનેક અશુભ આલંબનોનું નિવર્તન કરે છે.

સ્વરૂપ એટલે અકૃત્રિમ આલંબન.
તે નિશ્ચયનું સ્વરૂપ છે, કારણકે ભાવ એ અનુભૂતિરૂપ
ભાવ માત્ર વિષયક છે અને
ધ્યાનાદિ યોગ રૂપ પ્રવૃત્તિ તે આત્મા માત્ર વિષયક છે.

અનુબંધ: ઉત્તરોત્તર શુભ સન્તતિ અવિચ્છેદરૂપ અનુબંધ,
તે સર્વહિતાવહ સમાપત્તિરૂપ છે. ચંદન - ગંધ સ્થાનીય
ચંદન - ગંધ અતિરિક્ત નથી અર્થાત્ ભિન્ન ભિન્ન દર્શનનો
આગ્રહ હોય નહિ, પણ સહજ માધ્યસ્થ પરિણતિ હોય.

ગૂઢતત્ત્વ વિનિશ્ચય

વ્યવહાર વિના નિશ્ચય સિદ્ધિ જ નથી.
'નિશ્ચય' શબ્દ માત્ર અર્થશૂન્ય શબ્દરૂપ જ છે.
જે સમ્યગ્દૃષ્ટિ નય હોય છે, તે તો પ્રધાન-ગૌણભાવે
અન્યોન્ય વિષય સંવલિત જ હોય.

નિશ્ચયની જ ગ્રાહકરૂપે પ્રતિજ્ઞા કરવા છતાં વાસ્તવિક નિશ્ચયને નહિ સમજનાર, શ્રોતાનાં ચરણ-કરણનો નાશ કરાવે છે. જેમકે બાહ્યક્રિયા કરણમાં આળસુ છે, જેને નિશ્ચયદૃઢ નિશ્ચયજ્ઞાન હોય તેઓ તો વ્યવહારબોધિત જ હોય. સદ્વ્યવહાર અવિરોધી હોય, તો જ નિશ્ચયનું હેત્વાદિ રૂપે શુદ્ધત્વ થાય. શુદ્ધ અને શાસ્ત્રાનુસારિણી ક્રિયારૂપ વ્યવહાર, નિશ્ચયના બહુમાન તથા સ્વવિષય શક્તિના અગોપનરૂપે દૃઢ પક્ષપાતરૂપ બહુમાન દ્વારા નિશ્ચય કાર્યકારી છે, કિન્તુ શક્તિગોપન અને દૃઢ પક્ષપાતાભાવ દ્વારા નિશ્ચયવત્ ભાસમાન પણ વ્યવહાર વિરાધક નિશ્ચયયુક્ત છે જ નહિ. વ્યવહાર ક્રિયા સાધનામાં જે આળસુ હોય, તે નિશ્ચય તત્ત્વનું સ્થાન બને જ નહિ.

આ રીતે નિશ્ચયની નિશ્ચયતઃ પર્યાલોચનામાં વ્યવહારનો ય અવશ્ય સદ્ભાવ થઈ જાય છે.

નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ અન્યોન્ય સંવલિત જ છે. કારણ - શુદ્ધ ક્રિયારૂપ વ્યવહારમાં સ્થાન-અર્થાદિ આલંબન વિષયક જે ઉત્તમોત્તમભાવ, તદ્રૂપ નિશ્ચય સંબંધ છે અને શુદ્ધાત્મતત્ત્વ વિવેક - પુદ્ગલ કર્મ અને તેની વિકૃતિરહિત રૂપ નિશ્ચયમાં શુભયોગ પ્રવૃત્તિરૂપ દ્રવ્ય ક્રિયા વ્યવહાર સંબંધ નિયત જ છે.

સાથ અન્યોન્ય પરિણત હોઈ, એકના અભાવે અન્યનો પણ અભાવ થઈ જાય, તેમ વ્યવહારના અભાવના કારણે નિશ્ચયનો પણ અભાવ જ થઈ જશે. જે રીતે અન્યોન્ય પરિણત ક્ષીર-નીરમાં એકના અભાવે અન્યનો અભાવ નિયત જ થાય, તેમ નિશ્ચય અને વ્યવહાર પણ મિથઃ સંવલિત હોઈ એકાભાવે અપરનો અભાવ જ થઈ જાય.

મિશ્રિત અભાવ તે ઉભયાભાવ નિયત જ હોય. યદ્યપિ વ્યવહારદશામાં ભાવના અનુપ્રેક્ષારૂપ ભાવ છતાં ધ્યાનરૂપ નિશ્ચયનો અસદ્ભાવ છે, એ જ રીતે આત્મ-તત્ત્વ વિવેકરૂપ ધ્યાન વખતે નિશ્ચયદશામાં વ્યુત્થાન-મોહનીયોદય પ્રેરિત ચલનરૂપ વ્યવહાર અસંભવિત છે, તથાપિ નિજ નિજોચિત કાર્ય નિષ્પત્તિ વિષે તો કોઈનો પણ પ્રતિબંધ થતો નથી. એમ નિશ્ચય તેમ વ્યવહાર દ્વારા પણ સ્વોચિત નિર્જરાજનન છે જ. સ્વસ્વાભિમત તત્ત્વાનુસારિ નિશ્ચય અને વ્યવહારનું શુદ્ધત્વ પણ અપ્રતિક્ષેપ્ય જ છે, કારણ ઉભયે સ્વસ્થાનમાં બલિષ્ઠ છે, તેથી એકબીજાનો પ્રતિક્ષેપ કરી શકે જ નહિ.

નયમાત્ર સ્વસ્થાન શુદ્ધ જ છે, અશુદ્ધ છે જ નહિ. વ્યવહાર નિશ્ચયાપેક્ષયા અશુદ્ધ છતાં સ્વવિષયાપેક્ષાએ

શુદ્ધ જ છે. નિશ્ચય પણ વ્યવહારાપેક્ષાએ અશુદ્ધ છતાં સ્વવિષયાપેક્ષાએ શુદ્ધ જ છે. નૈગમાદિ સર્વનયો સ્વવિષય પ્રતિપાદનમાં અર્થ પ્રતિપાદક હોઈ સત્ય જ છે. પરનય વિચારણામાં અથવા પરનયની પર્યાલોચનાથી સ્વનું અપ્રામાણ્ય થતું હોઈ સ્વવિષયનો ય અસદ્ભાવ સિદ્ધ થતો હોઈ અસત્ય છે, કારણ અન્યાર્થના તે કદાપિ પ્રતિપાદક નથી અથવા અન્ય નયની પર્યાલોચનાથી તેના પ્રામાણ્યનો પ્રતિબંધ થઈ જાય છે, તેથી જ સ્વવિષયના પ્રતિપાદક રહી શકતા નથી. આથી જ સિદ્ધાન્તના પરમાર્થને જાણ્યા વિના એકાંત એવો નિર્ણય ન કરી નાંખવો કે

તે એકાંત સત્ય યા અસત્ય જ છે,

પણ સમતા-મધ્યસ્થ ભાવ જ સેવવો.

તે મિથ્યાત્વ વિશોધક હોઈ વ્યવહારનય શુદ્ધ મનાય, કારણ તે નિયમા મિથ્યાત્વ શોધક છે, જ્યારે નિશ્ચય

મિથ્યાત્વ શોધક નથી, તેથી તે શુદ્ધ ન મનાય.

તે મિથ્યાત્વ વિશોધક હોઈને વ્યવહાર શુદ્ધ છે.

આર્યરક્ષિતસૂરિજીએ અપરિણત-અતિપરિણતાદિ સર્વ શિષ્યોના હિતાર્થે તેથી જ કાલિક તથા ઉત્કાલિક શ્રુતમાં

વ્યવહારનયનો જ અધિકાર સ્થિર કર્યો છે.

જેમણે જિનવચનનું રહસ્ય પરિજાણ્યું ન હોય, તે મંદમતિક, અગીતાર્થ, અપરિજ્ઞાયકા, માત્ર અપવાદ દૃષ્ટિમય, અતિપરિજ્ઞાયકા અને જેમણે જિન વચન તાત્પર્ય સમ્યગ્ પરિજ્ઞાન થયું હોય, તે 'પરિજ્ઞાન' કહેવાય છે.

અપરિજ્ઞાન એટલે, નયોના જ્ઞાન વા ક્રિયારૂપ નિજ નિજ વિષયને સદ્દહે નહિ. અતિપરિજ્ઞાતોમાં જે નય ક્રિયાદિક એક વસ્તુ પ્રરૂપે, બસ તેમાં જ પર્યાપ્તિ માની લ્યે, તેને જ પ્રમાણરૂપ માની લ્યે અને અનેકાંત વસ્તુ પ્રતિપાદક હોઈ નયોનો માત્ર મિથ્યા વિરોધ જ માને, તેથી તેઓ મિથ્યાત્વ જ પામે.

પરિજ્ઞાન એટલે સમ્યગ્ રૂચિવંત હોઈ મિથ્યાત્વ તો ન પામે, પણ વિસ્તૃત નય દ્વારા વ્યાખ્યા ન કરવામાં આવે તો સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ ભેદગ્રહણમાં અશક્ત હોઈ, તેમને માટે પણ મૂળથી જ નય વિભાગ કર્યો નહિ. માત્ર આદિ નયત્રય દ્વારા જેની બુદ્ધિ સંસ્કારિત બની હોય, તે જ 'દૃષ્ટિવાદ' પઠન યોગ્ય બને છે.

આત્માનું જ્ઞાન જ્યારે ભિન્નતામાં હોય છે, ત્યારે નવા પરમાણુ ગ્રહણ થઈ શકતા નથી અને જે હોય છે, તેનું જવું થાય છે, તેથી શરીરનું વજન ઘટી જાય છે.

## મૈત્રીભાવના અને આત્મતત્ત્વનું દર્શન

'સિદ્ધાંતની ખાતર માથું આપો' તેનો અર્થ
'મૈત્રી ભાવનાં રક્ષણની ખાતર માથું આપો' એવો છે.
શ્રી જૈન શાસનનો એક જ સિદ્ધાંત છે મૈત્રીભાવ.
વેર-વિરોધના અભાવના આધાર ઉપર ઊભો સિદ્ધાંત
આત્મજ્ઞાનનો છે. તેનો અધિકારી મૈત્રીભાવવાળો જ છે.
મૈત્રી ભાવનાં પાયા ઉપર પરમાત્મરૂપ
આત્મતત્ત્વનું દર્શન આત્મજ્ઞાનનું કારણ થાય છે.
આત્મજ્ઞાનના સિદ્ધાંતથી નિષ્ઠા તથા વિશ્વાસ કેળવાય છે.
મૈત્રી ભાવનાં સિદ્ધાંતથી ભાવુકતા વધે છે.
તેનાથી પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ્ય કેળવાય છે.
માધ્યસ્થ્યનો બીજો અર્થ ઔદાર્ય-ધૈર્ય-ક્ષમા છે.
ખમવું અને ખમાવવું એ
જૈન સિદ્ધાંતના બે પાયા છે.
ખમવાથી ક્ષમા અને ખમાવવાથી ધૈર્ય-ઔદાર્ય કેળવાય છે.
ક્ષમા આપો અને ક્ષમા માંગો.
આપવાથી ઉદારતા અને માંગવાથી ધીરતામાં વૃદ્ધિ થાય.
એ ભાવુકતાના લક્ષણો છે.
એ માટેનું બળ આત્મતત્ત્વની અવિચળ નિષ્ઠામાંથી મળે છે.

## મૌન અને મૈત્રીની સાધના

## મારામાં મૈત્રીનું અવતરણ થાય તે હેતુ સાથે

## મારી નિત્ય મૌન પ્રાર્થના:

હું મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્ય, પ્રમોદહીન છું.
હું ઈર્ષ્યાદિ-અસૂયાદિ-ક્રોધાદિ-દ્રોહાદિ ભરેલો છું.
અરિહંતોમાં ઈર્ષ્યા-અસૂયા-ક્રોધ-દ્રોહ નથી.
અરિહંતો મૈત્રીદિ-પ્રમોદાદિ-કરુણાદિ-માધ્યસ્થ્યાદિ ભરપુર છે.
તેના પ્રભાવે મારામાં મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય આવો.
તેના પ્રભાવે મારામાંથી ઈર્ષ્યા-અસૂયા-ક્રોધ-દ્રોહ જાઓ.
સર્વે સુખી થાઓ, સર્વે નિરોગી થાઓ,
તનથી નિરોગી, મનથી પ્રસન્ન, ચિત્તથી પ્રશાન્ત બનો.
'અરિહંતોની આગળ હું કાંઈ નથી'.
એ 'નમો' પદનો અર્થ છે.
'અરિહંતોની આગળ બીજા કાંઈ નથી'.
એ 'અરિહંત' પદનો અર્થ છે.
નમો - હું કાંઈ નથી.
અરિહંતાણં - અરિહંતો સર્વસ્વ છે.
સ્તુતિ - અરિહંતોનું માનવાથી અહંત્વ જાય છે.
લોકસ્તુતિ - અરિહંતોનું માનવાથી મમત્વ જાય છે.

'सल्लंकामा विसंकामा कामा आसीविसोवमा।
कामे पत्थेमाणा अकामाजंति दुग्गइं ॥'

કામભોગની ઇચ્છા, ધ્યાન અને ચિન્તન કરવા માત્રથી
જીવ દુર્ગતિમાં જાય છે, તેથી કામભોગો એ
શલ્ય, વિષ અને આશીવિષની ઉપમાવાળા છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતો કલ્પવૃક્ષ, ચિન્તામણિ, કામઘટ,
કામધેનુથી અધિક છે. તેઓ ચિંતન - સ્મરણ - આલંબન
લેવામાત્રથી સર્વ વાંછિત પૂરે સર્વ અનિષ્ટ હરે છે.

'નમો' એ નમન માટે વપરાતા
મન-વચન-કાયામાં અભેદ અધ્યાસ છે.

'અરિહંતાણં' એ અરિહંતાદિ પદોમાં અપ્રશસ્ત મમત્વ
અધ્યાસ છે, એ અહંત્વ - મમત્વને છેદનારા છે.

आत्म-प्रवृत्तावतिजागरूकः, पर-प्रवृत्तौ बधिरांधमूकः ।
सदा चिदानंदपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥
(પરિશિષ્ટ-૬)

સમાન પ્રત્યેની મૈત્રી તે હિતચિન્તા છે.
અધિક પ્રત્યેની મૈત્રી તે ગુણપક્ષપાત છે.
દીન પ્રત્યેની મૈત્રી તે કરુણાભાવ છે.
પાપી પ્રત્યેની મૈત્રી તે ક્ષમાભાવ છે.

આ ભાવૌષધિ મિથ્યાત્વ મલ જાય છે.

'મિથ્યાત્વ' એટલે ધર્મ અને ધર્મી પરત્વે ઉપેક્ષા, અધર્મ અને અધર્મીને ઉત્તેજન, કર્મ અને તેના ફળ પ્રત્યે અવિશ્વાસ, જીવ-જડ વચ્ચે અભેદ અધ્યાસ છે.

મૌન = કોઈની પાસે કાંઈ માંગવું નહિ.

મૈત્ર = સર્વને પોતાની પાસે છે તે આપવું.

દુઃખીને કરુણાનું દાન, ગુણીને સન્માનનું દાન, પાપીને ક્ષમાનું દાન, સુખીને હિતશિક્ષાનું દાન કરવું.

લેવું કાંઈ નહિ, આપવું સર્વ કાંઈ.

'સવ્વ પાવપ્પણાસણો'

અનંતાનંત ભવ પ્રતિ કરેલા પાપોનો પ્રકાશ થાઓ.

(૧) ષટ્કાય વિરાધ્યા (૨) દાન ન દીધા
(૩) ૭ વ્યસન સેવ્યાં (૪) શીલવ્રત ભાંગ્યા
(૫) ૧૫ કર્માદાન પોષ્યાં (૬) દીનોદ્ધાર ન કર્યો
(૭) મિથ્યાત્વ પ્રવર્તાવ્યા (૮) જિર્ણોદ્ધાર ન કર્યો
(૯) જિનધર્મની હીલના કરી (૧૦) ભાવના ન ભાવી.

આ ઈત્યાદિ હજારો, લાખો, ક્રોડો ભવે ૮ પ્રકારે, ૧૫૮ ભેદવાળા સ્પૃષ્ટ-બદ્ધ-નિધત્ત-નિકાચિત તથા ઉદય-ઉદીરણા-સત્તાએ જે ભેદે અનંતા કર્મ બાંધ્યા.

પ્રકૃતિ, સ્થિતિ, રસ તથા પ્રદેશબંધ સબળપણે કર્મ બાંધ્યા, તે સઘળા પાપનો ફેડણહાર, ચૂરણહાર, સ્તંભનહાર અને ઉચ્ચારનાર પંચપરમેષ્ઠિને નમનરૂપ નમસ્કારના જાપ છે.

અનંતાભવોમાં બાંધેલ તે બધા પાપકર્મોના વિસર્જન-અનુબંધ-વિચ્છેદ કરવા માટે પાંચ નમસ્કાર છે.

| નમો | અરિહંતાણં - નિમિત્ત |
|---|---|
| ઉપાદાન કરનારને ફૂલ | નમસ્કાર્યને દાન |
| ઉપાદાન કરનારનો ગુણ | નમસ્કાર્યનો ધર્મ |
| ઉપાદાન કરનારને સ્વાધીન | નમસ્કાર્યનું લાભ |
| ઉપાદાન કરનારમાં ક્ષયોપશમ | નમસ્કાર્યને સમર્પણ |
| ઉપાદાન કરનારનો અધ્યવસાય | નમસ્કાર્યનું અભિધાન |

## અરિહંતો કોની પેરે?

તેઓ આકાશની પેરે નિરાલંબ,
પૃથ્વીની પેરે સર્વસહ,
મેરૂની પેરે નિષ્પ્રકંપ, સમુદ્રની પેરે ગંભીર,
ચંદ્રની પેરે સૌમ્ય, સૂર્યની પેરે તેજસ્વી,
સિંહની પેરે અક્ષોભ્ય, બાવના ચંદનની પેરે શીતલ,
વાયુની પેરે અપ્રતિબદ્ધ, ભારંડ પક્ષીની પેરે અપ્રમત્ત,
જગત્રય વંદનીય તથા મહામુનીશ્વરને ધ્યાવવા યોગ્ય છે.

## સિદ્ધ રક્ત કાંતિ ધરતાં બિરસ્યું

ઉગતા સૂર્ય, હિંગુલ વર્ણ, દાડિમ - જાસુદના ફુલ,
ચણોઠીના રંગ, નિષધ પર્વત, રક્તોત્પલ કમલ,
મરક્ત રત્ન - પદ્મરાગમણિ, ચોળના રંગ - સંધ્યાના રંગ,
કંકુનો રોળ - ઘોળ, પરવાળા અને
ચુના સહિત તંબોળ જેવા સિદ્ધોની લાલ કાંતિ છે.

## સિદ્ધ ભગવંતો

તેઓ સંસ્થાનરહિત, સંઘયણરહિત,
વર્ણ-ગંધ-રસ-સ્પર્શરહિત,
શરીરરહિત, તેજ: પુંજાકાર, ત્રૈલોક્યનો સાર છે.

## શ્રી સૂરિવર તેઓનો વર્ણ બિરસ્યો

તપ્ત સુવર્ણ, હરિદ્રાના રંગ, આકડાના ફુલ,
હડતાલના વર્ણ, સટકારના ફુલ, શિખરી પર્વત,
ગોમેદ રત્ન, દીપક જ્યોત અને ચંપાના પુષ્પો સમાન છે.

## આચાર્ય ભગવંતો

તેઓ જ્ઞાન - ક્રિયા - સંયમ આધાર, સકલ વિદ્યા નિધાન,
યુગપ્રધાન, ગુણગણરત્નાકર, મહિમામહોદધિ,
અતિશય સમુદ્ર, મહાગીતાર્થ, જ્ઞાન પરમાર્થ, સૂરિમંત્ર
સમરણ ધ્યાન તત્પર, દંભરહિત, ૩૬ ગુણસહિત હોય છે.

## શ્રી ઉપાધ્યાય તેઓનો વર્ણ

તેઓનો વર્ણ પાંચી રત્ન (પાનું, નીલમ), નીલ પર્વત, વસંત વનખંડ, અશોક વૃક્ષ, નીલોત્પલ કમલ, નવાંકુર, પોપટની પાંખ, કપોતના કંઠ, મયૂરના પીંછ અને કંઠ, ચાષના પીંછ સમ.

## શ્રી ઉપાધ્યાય ભગવંતો

તેઓ સમીપે શિષ્યો અધ્યયન કરે. તેઓ આચાર્યપદ યોગ્ય, નિર્વિકાર, વિદ્યાના સૂત્રકાર અને સૂત્રને ભણે - ભણાવે.

## શ્રી સાધુ ભગવંત કૃષ્ણ કાંતિ ધરતા

રિષ્ટ રત્ન, શ્યામ વર્ણ ગજેન્દ્ર, કાજલ પાન, સજલ મેઘ, કૃષ્ણરાજ વિમાન, ભ્રમર, કોકીલ, કીકી, કસ્તુરી, કસોટી.

## શ્રી સાધુ ભગવંતો

૧૭ ભેદે સંયમપાલક, ૨૭ ગુણયુક્ત, શાંત - દાંત - કાંત, વૈરાગ્ય સાગર, સજ્જન, સદા પ્રસન્ન, જીવલોક બંધુ, મહંત, ઉત્તમ, સર્વ સંગ પરિત્યાગી, ૫ સમિતિ - ૩ ગુપ્તિ - ૫ મહાવ્રત - ૫ જ્ઞાન આરાધે, પંચ પરમેષ્ઠિને ધ્યાવે, સ્વાધ્યાયી, પંચમ ગતિ ઉત્કંઠિત, ક્ષમાના ભંડાર, સર્વસહ, ધર્મના ઢગ, પવિત્ર ગાત્રવાન, શુભ ધ્યાની, સમશત્રુ - મિત્ર, સમ તૃણ મણિ, સમ લોષ્ઠ કાંચન, વાસી ચંદન કલ્પ સમાન, પરબ્રહ્મ સ્વરૂપ ભાવમાં લીન એવા સાધુઓ હોય છે.

## જિનાગમની શૈલી

જ્ઞાની પુરુષોના વિશિષ્ટ શિક્ષાબોધ વૈરાગ્ય અને ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે. 'સિદ્ધાંતબોધ' એટલે જીવાજીવ પદાર્થનું વિશિષ્ટપણે કથન. તે આગમમાં જેટલું કર્યું છે, તે કરતાં વિશિષ્ટ-વિશિષ્ટપણે વૈરાગ્ય અને ઉપશમ કથન કર્યા છે, કેમકે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે. જો જીવને આરંભ-પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ અને પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે તથા વૈરાગ્ય અને ઉપશમ માટે કાળ છે.

શ્રી ઠાણાંગસૂત્રમાં આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવૃત્ત થવું યોગ્ય છે, એવો ઉપદેશ ૧૭ વાર કર્યો છે.

પ્રશ્ન: જીવને મતિજ્ઞાનાવરણીય શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાનાવરણીય, અંતરાય ક્યાં સુધી હોય? તેમ જ જીવને ચક્ષુ દર્શનાવરણીય આદિ ક્યાં સુધી હોય?

ઉત્તર: જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી જ.
એ રીતે તે આરંભ અને પરિગ્રહનું બળ જણાવતા ફરી
અધિપતિરૂપે પાછું તેનું ત્યાં જ કથન કર્યું છે.

પ્રશ્ન: જીવને મતિજ્ઞાન ક્યારે ઉપજે?
જીવને શ્રુતજ્ઞાન ક્યારે ઉપજે? ઈત્યાદિ.

ઉત્તર: જીવ આરંભ-પરિગ્રહથી નિવર્ત્યે જ્ઞાન ઉપજે.
આરંભ અને પરિગ્રહથી નિવૃત્તિનું ફળ કેવળજ્ઞાન અને
પ્રવૃત્તિનું ફળ કેવળજ્ઞાનાવરણાદિ કહી
તેથી નિવૃત્તિ થવાનો જ ભગવાન ઉપદેશ આપ્યો છે.

## સાધન વિચાર

સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા
વૈરાગ્ય - ઉપશમનું બળ વિશેષપણે વધે તે કર્તવ્ય છે.
જો એમ નહિ કરવામાં આવતું, તો જીવ
જ્ઞાન પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય - ઉપશમહીન થાય છે.
એક બ્રહ્મસ્વરૂપ કે અનેક આત્મા
તેનો વિચાર કરી શકાય,
પણ પોતાનું સ્વરૂપ જાણવું એ મુખ્ય કર્તવ્ય છે.
સ્વસ્વરૂપ જાણવાનાં સાધનો
શમ - સંતોષ - વિચાર - સત્સંગ છે.

તે સાધન સિદ્ધ થયે,
વૈરાગ્ય - ઉપશમ વર્ધમાન પરિણામ થયે,
'એક આત્મા છે કે અનેક આત્મા છે' એ
પ્રકારનો વિચાર સ્થિર પરિણામને ભજનારો થાય છે.

મૌનપણું

સ્વભાવ શીતળ છતાં કોઈ વાસણમાં પાણી નાંખી નીચે
અગ્નિ સળગતો રાખ્યો હોય, તો તેના નિરાશ્રય હોય
છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે,
તેવી રીતે આ વ્યવસાય પ્રવૃત્તિ પણ સમાધિએ શીતળ એવા
પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે.

વર્ધમાન સ્વામીએ
ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય
અસાર, અકર્તવ્યરૂપ જાણ્યા હતાં,
તોપણ તેમણે ગૃહવાસ ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી.
તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં
'તે બળ કરતાં પણ અત્યંત વધતાં બળની જરૂર છે'
એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું
સાડા બાર વર્ષ લગાલગ ભજ્યું છે,
કે જેથી વ્યવસાયરૂપી અગ્નિ તો પ્રાયે થઈ શકે નહિ.

## કલ્યાણક ભાવના

જે વર્ધમાન સ્વામી ગૃહવાસમાં છતાં અભોગી, નિઃસ્પૃહ અવ્યવસાયી જેવા-સહજ સ્વભાવે મુનિ જેવા હતા અને આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાન સ્વામી સર્વ વ્યવસાયમાં અસારપણું જાણી દૂર પ્રવર્ત્યા. બીજા જીવો 'તે વ્યવસાય કરી' કયા પ્રકારે સમાધિ રાખવા તે વિચારવા યોગ્ય છે. જો એ વિચારવામાં ન આવે તો એમ લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી કે આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે પણ કલ્યાણ કરવાની તેને કોઈ જિજ્ઞાસા ઘટતી નથી.

જો જીવનાં સરળ પરિણામે એક બંધાય એવી ભાવને અબંધતા થાય એમ ત્રિકાળે બને નહિ.

## વિભાવ સ્વભાવ

(૧) ઉપાધિ સંબંધ યોગ્યતા તે જ વિભાવ સ્વભાવ.

(૨) સ્વવૃત્તિ અનંત કાર્યજનનશક્તિ તે ભવ્ય સ્વભાવ.

(૩) સહકારી કારણો સમાધાને પામે તે ભવ્યત્વ સ્વભાવ.

(૪) ઉપાધિભાવ રહિતાત્મભાવ તે પરિણત શુદ્ધ સ્વભાવ.

(૫) ઉપાધિજનિત બહિર્ભાવ પરિણમન યોગ્યતા તે છે અશુદ્ધ સ્વભાવ.

## અમૂર્ત સ્વભાવ

જીવને કર્મજનિત ઉપચારે મૂર્ત અચેતન સ્વભાવ
હોય પણ પુદ્ગલને ઉપચારે અમૂર્ત ચેતન સ્વભાવ
ન હોય. સર્વ ધર્મનો ઉપચાર ન હોય પણ સંબંધદોષે
જે સ્વભાવ વ્યવહરીએ, તે જ સ્વભાવ ઉપચરિએ.

'आरोपे सति निमित्तमनुसरणात्
न तु निमित्तानुसरीकृत्यारोपः |'

અર્થાત્: નિમિત્તમાત્રને આરોપ ન થાય,
પણ જ્યાં આરોપ થતા હોય ત્યાં નિમિત્ત અનુસરાય.

## સ્વભાવ

નાના ધર્મ આધાર એક સ્વભાવ.
નાના ક્ષણાનુગત નિત્ય સ્વભાવ.
કાલાન્વયે સત્તાગ્રાહક નય પ્રવર્તે.
દેશાન્વયે અન્વયગ્રાહક નય પ્રવર્તે.
દેશભેદે એકાકાર પ્રતીતિ તિર્યક્ સામાન્ય.
કાલભેદે અનુગતાકાર પ્રતીતિ ઉર્ધ્વતા સામાન્ય.
'મૂર્તતા' પુદ્ગલ દ્રવ્ય વિભાજક અંત્ય વિશેષ.
'અમૂર્તતા' અપુદ્ગલ દ્રવ્ય વિભાજક અંત્ય વિશેષ.
અન્યોન્યાનુગત અર્થ યાવત્ અંત્ય વિશેષ પૃથક્ કરાય નહિ.

જેમ જળ-પય તેમ જીવ-પુદ્ગલ. જળને પય દૂધ અને પયને જળ યાવત્ અંત્ય વિશેષ લગી કહેવાય. શુદ્ધ જળ અને શુદ્ધ પયને ભિન્ન કહેવાય, તેમ શુદ્ધ પુદ્ગલ અને શુદ્ધ જીવને ભિન્ન કહેવાય. જીવને મૂર્ત યાવત્ અંત્યવિશેષ લગી કહીએ. અન્ય નયાનુગામે પણ પુદ્ગલને અમૂર્ત ન કહેવાય,

કારણકે મૂર્તતા અનભિભૂત છે,

જીવની અમૂર્તતા કર્મદોષે અભિભૂત છે.

## વૃત્તિઓ

નિસ્તરંગ મહોદધિવત્ આત્માને

અન્ય સંયોગ નિમિત્તથી વૃત્તિઓ ઉત્પન્ન થાય છે.

તે બે પ્રકારે: વિકલ્પરૂપ અને પરિસ્પન્દરૂપ.

મનોદ્રવ્ય સંયોગથી પહેલી અને બાહ્ય શરીર સંયોગથી.

બાહ્ય રીતે બે પ્રકારની વૃત્તિઓ છે: સ્થૂળ અને સૂક્ષ્મ.

સ્થૂળ = ગમનાદિરૂપ, સૂક્ષ્મ = ઉચ્છ્વાસ-નિઃશ્વાસાદિરૂપ.

તે જીવ પ્રદેશ પરિસ્પન્દરૂપ છે,

તે પણ જીવની સાથે થયેલા કર્મના સંયોગથી છે.

## વૃત્તિ સંક્ષય

આત્માની કર્મ સાથે સંયોગ થવાની યોગ્યતાનો નાશ તે 'વૃત્તિ સંક્ષય' છે. તે યોગ્યતાનો હેતુ પણ કર્મ સંયોગજનિત

જીવ પ્રદેશ, પરિસ્પંદ લક્ષણ આત્માની વૃત્તિઓ છે.

તે અપેક્ષાએ 'ભવમાતા' કહી છે.

તેના ક્રમશઃ જ વૃત્તિનો સંકોચ થાય છે.

તે અપેક્ષાનો કંઈ નહિ, ભવ્યત્વના પરિપાકથી થાય છે નહિ ભવ્યત્વનો પરિપાક યોગરૂપી ઉપાયથી થાય છે.

યોગનો ઉપાય ઉત્સાહાદિ, આગમાદિ છે.

## નય - ઉપનય વિચાર

ઉપનય વ્યવહાર નૈગમાદિથી અલગ નથી, તો ઉપપ્રમાણ કેમ નહિ? વ્યવહારે ઉપચાર છે. નિશ્ચયમાં શાથી નહિ? જ્યાં એક નયની મુખ્યવૃત્તિ, ત્યાં અન્ય નયની ઉપચાર વૃત્તિ આવે જ. જેમ અસ્તિત્વગ્રાહક નિશ્ચયનય અસ્તિત્વ ધર્મ મુખ્ય વૃત્તિએ, તો કાલાદિ આઠ અભેદ વૃત્ત્યુપચારે અસ્તિત્વ સંબંધે સકલ ધર્મ લેતાં જ સકલાદેશરૂપ નય વાક્ય થાય છે. સ્વસ્વ અર્થે સત્‌રૂપપણાનો, અભિમાન તો સર્વનયને માંહોમાંહે છે. ફલથી સત્‌રૂપપણું તો સમ્યગ્દર્શન યોગે જ છે. તે માટે નિશ્ચય-વ્યવહારનું લક્ષણ.

તત્ત્વાર્થગ્રાહી નયો નિશ્ચયઃ

લોકાભિમતાર્થગ્રાહી વ્યવહારઃ ।

તત્ત્વાર્થ = સૂક્ષ્મ સિદ્ધાર્થ, લોકાભિમત = વ્યવહાર પ્રસિદ્ધાર્થ.

૦ લોકોની દૃષ્ટિને જ્યાં સુધી જડ વસ્તુ નહિ નડે તથા તમોથી અંતર્વૃત્તિ છુટી ન જાય, ત્યાં સુધી સાધકોની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લોકોગત ન થઈ ન શકે.

## સંકલ્પ શક્તિ

આકાશના પક્ષીઓ, ધરતીના પશુઓ, પૃથ્વીના વિકલેન્દ્રિયો કોઈ અદૃશ્ય આંતરપ્રેરણાથી નિયમબદ્ધ, વ્યવસ્થિત અને ચોક્કસ જીવન ગાળતા નજરે પડે છે. તેમનામાં તર્ક, બુદ્ધિ, વિચાર, સમજશક્તિ કે ભાષા સાધન નથી, છતાં એમનું જીવન સુસંબદ્ધ એકધારું પ્રવાહિત રહે છે,

એનું કારણ તેની આંતરપ્રેરણા છે.

મનુષ્યમાં આ પ્રેરણા ઉપરાંત વિચારશક્તિ છે કે જેના વડે એ પ્રેરણાને સંયમમાં રાખી શકે છે કે બાજુ બાજુ વાળી શકે છે. વિચારશક્તિથી જ તે જુદો તરી આવે છે.

વિવેક, બુદ્ધિ, તર્ક, સમજણ

એ બધા શક્તિનાં જ પરિણામો છે.

સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, મેઘ આદિ સૃષ્ટિ ચમત્કારોથી આ શું હશે? એવો જે પ્રથમ ભાવ ઉઠ્યો તે વિચારશક્તિનું ફૂટેલું પ્રથમ કિરણ કહી શકાય. એને કેળવતાં એની પછી આવેલ તર્ક, બુદ્ધિ, સમજણ આદિનો ઉપયોગ કરતાં 'કંઈક કરવું જોઈએ'

એવા ભાવના ઉદય એ ઇચ્છાશક્તિ અને પછી વિવેક, શ્રદ્ધા અને પોતાની શક્તિનું ભાન વધતાં એ ઇચ્છામાંથી 'મરી મીટું પણ કરી છૂટું' એવા બળવત્તર ભાવનાનું નામ 'સંકલ્પશક્તિ'. કેવળ વિચારતરંગો એ શક્તિની હવાઈ કલ્પના છે, પણ જ્યારે એની સાથે ઇચ્છાશક્તિ અને સંકલ્પબળ ભળે ત્યારે અદ્ભુત ક્રાંતિ અને સિદ્ધિ થઈ શકે.

આંતર પ્રેરણા જ્ઞાત પ્રવાહ સાથે દોડે છે.
સંકલ્પ શક્તિ એના ઉપર કાબૂ ધરાવે છે
અને બાજુ બાજુ વાળી શકે છે.

વિશ્વ ઈશ્વરીય નિયમ મુજબ ચાલે છે. એ 'જ્ઞાત સ્વભાવ' પણ કહેવાય છે. એ નિયમને કોઈ ફેરવી શકતું નથી. અગ્નિ, જળ, વાયુ કે વિજળી ઉપર માનવે કાબૂ જમાવ્યો છે પણ એ કાબૂ 'તત્ત્વ' ઉપર છે, 'તત્ત્વ સ્વભાવ' ઉપર નહિ. સ્વભાવ સ્વતંત્ર છે. એનું જ નામ 'ઈશ્વરી નિયમ' છે. માનવીનો સંકલ્પ ગમે તેટલો જોરદાર હોય તો પણ 'સ્વભાવ' ઉપર તેનો કાબૂ નથી. એની મર્યાદા તત્ત્વ ઉપર કાબૂ મેળવવા પુરતી છે, તત્ત્વના સ્વભાવ ઉપર નહિ.

## રાજમાર્ગ

આ માર્ગ દુરારાધ્ય છે. તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે.

સંદેહ, વિભ્રમ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણથી વારંવાર જીવને તે માર્ગે પડવાના કારણો થાય છે અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી. ક્રિયા માર્ગે અસદ્ અભિમાન, વ્યવહાર આગ્રહ, સિદ્ધિમોહ, પૂજા-સત્કારાદિ યોગ અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠા દોષોનો સંભવ રહ્યો છે. એ કારણે ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો આશ્રય કર્યો છે, આજ્ઞાશ્રિતપણું અને સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય કર્યું છે. તત્ત્વજ્ઞાનમાં 'વિચાર' એ મુખ્ય સાધન છે અને તે વિચારને વૈરાગ્ય અને ઉપશમ એ બે મુખ્ય આધાર છે. 'વૈરાગ્ય' એટલે ઈંદ્રિયભોગો પ્રત્યે અનાસક્તિ તથા 'ઉપશમ' એટલે કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ.

એકબીજા કારણોને અન્યોન્યાશ્રય જેવું છે.
ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું મુખ્યપણું છે.

લોક સમુદાય કોઈ દિવસ ભલો થવાનો નથી.

લોકને સારું મનાવવા જે કાંઈ કરવું,
તે રસ્તામાં ધૂળ નાંખવા બરાબર છે.

જે લોકથી પરાઙ્મુખ છે, તેના પ્રત્યે જ લોકનું આકર્ષણ છે. લોકને ખેંચવા પ્રયત્ન કરનાર પ્રત્યે લોક કદી ખેંચાતું નથી.

લોક અજ્ઞ, અજાણ, સ્વાર્થપરાયણ છે. તેને પોતા સિવાય બીજા કોઈની પડી નથી. લોકો તરફ ખેંચાવા કરતાં કોઈ એક સત્પુરુષ તરફનું ખેંચાણ અનંત કલ્યાણને કરનારું છે.

## લોક

લોક કોઈનું બન્યું નથી, બનતું નથી અને બનવાનું નથી. લોકને ધર્મપ્રાપ્તિના હેતુએ પણ લોકરંજન કરતાં બહુ જોખમ રહેલું છે. કોઈ તેવા સિદ્ધ - જ્ઞાનીપુરુષને જ માત્ર તેની છૂટ રહેલ જોઈએ. બાકીઓએ તો શાસ્ત્ર રંજન, સત્પુરુષ રંજન, આત્મરંજનને જ મુખ્ય માનવું જોઈએ.

## સ્વરૂપ ચિંતવન

ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થ દૃષ્ટિવાન પુરુષોની ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે. જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે, તેવું સર્વજીવોનું આત્મસ્વરૂપ છે. તે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે જ રુચિ કરવી. માત્ર એકનું અધ્યાત્મસ્વરૂપ ચિન્તવન ભ્રમને વ્યામોહ ઉપજાવે છે. ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે અથવા ઉન્મત્ત પ્રલાપ દશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાન અવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થઈ અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે.

જેથી શુષ્કતા, સ્વેચ્છાચારીપણું, ઉન્મત્ત પ્રલાપતા થતાં નથી. આત્મદશાભણી વધવાથી સ્વાભાવિક આત્મપ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચગુણોને ભજે છે એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતાં નથી અને ભક્તિમાર્ગ પ્રત્યે જુગુપ્સિત પણ થતાં નથી. સ્વાભાવિક સત્-ચિત્ત અને આનંદરૂપી આ આત્માની સ્વરૂપલક્ષણતા પમાતી જવાય છે. વીતરાગ જિન ધ્યાનનું કાર્ય અને સ્વરૂપનું કારણ છે.

## શુષ્ક જ્ઞાની

અપાત્ર શ્રોતાને દ્રવ્યાનુયોગાદિ ભાવ ઉપદેશવાથી
નાસ્તિકતાદિ ભાવો ઉત્પન્ન થવાનો
અથવા શુષ્ક જ્ઞાની થવાનો વખત આવે છે.

ધર્મમાં લૌકિક માન-મહત્વ-મોટાઈની ઇચ્છા એ ધર્મના દ્રોહરૂપ છે. જે લોકમાં લાજ કે કીર્તિ વધારવાની ઇચ્છાને મુખની લાળ કે નાકના મેલ જેવી માની છે તથા પુદ્ગલના ઉદયને વિષ્ટા સમાન માની છે, તે જ ખરો જ્ઞાની છે.

## જ્ઞાનનું ફળ

સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગ દશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. 'આત્મા શુદ્ધ ચૈતન્યમય, જરા-મરણરહિત, અસંગ સ્વરૂપ છે';

અને જાણવામાં સર્વ જ્ઞાન અને તેની પ્રતીતિમાં સમ્યગ્ દર્શન સમાય છે. આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવ દશા રહે તે સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ ને વીતરાગ દશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ નિઃસંદેહ રીતે સર્વ દુઃખક્ષય છે.

## શુભેચ્છા

શુભેચ્છા - કલ્યાણ કરવાની ઇચ્છાથી માંડીને શૈલેશીકરણ પર્યંતની સર્વ ક્રિયા, જે સાધકને સમ્મત છે, તે કોઈ જ્ઞાનીનાં વચન-ત્યાગ-વૈરાગ્યનો નિષેધ કરવામાં પ્રવર્તે નહિ. ત્યાગ-વૈરાગ્યના સાધનરૂપે પ્રથમ ત્યાગ અને પછી વૈરાગ્ય આવે છે, તેનો પણ જ્ઞાની નિષેધ કરે નહિ. 'આર્ય આચાર' એટલે મુખ્ય કરીને દયા, સત્ય, ક્ષમાદિ ગુણોનું આચરવું તે. 'આર્ય વિચાર' એટલે મુખ્ય કરીને આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, સ્વરૂપનું અજ્ઞાન તેનાં કારણો, તે કારણોની નિવૃત્તિ, નિજપદમાં સ્થિતિ ઇત્યાદિ.

## ત્રિવિધ દર્શન

વીતરાગ દર્શન ત્રિવિધ જેવું છે. રોગીનો રોગ ટાળે છે, નિરોગીને રોગ થવા દેતું નથી અને આરોગ્યની પુષ્ટિ કરે છે. અહિં સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વ રોગ ટળે છે, સમ્યગ્જ્ઞાન વડે રોગનો ભોગ થતાં બચાવે છે,

સમ્યક્ ચારિત્ર વડે સંપૂર્ણ શુદ્ધ
પરિણામરૂપ આરોગ્યની પુષ્ટિ થાય છે.
ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ કરવો યોગ્ય નથી.
દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષ-વિષાદ કરતા નથી,
તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે.
એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.

વ્યાખ્યાન

સમકીતીને આઠ મદમાંનો એકકે મદ ન હોય.
શ્રી ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે:
અવિનય, અહંકાર, અર્ધદગ્ધપણું અને રસલુબ્ધપણું,
એમાંથી એક પણ દોષ હોય તો જીવને સમકીત ન થાય.
અર્ધદગ્ધપણું = જ્ઞાન નહીં છતાં પોતાને જ્ઞાની માનવું તે.
મુનિને વ્યાખ્યાન કરવું પડતું હોય તો
'પોતે સ્વાધ્યાય કરે છે' એવા ભાવે વ્યાખ્યાન કરવું.
મુનિને સવારે જે સજ્ઝાયની આજ્ઞા છે,
તે મનમાં કરવામાં આવે છે,
તેના બદલે વ્યાખ્યાનરૂપ સજ્ઝાય ઉંચા સ્વરે અને
માન, પૂજા, સત્કાર આહારાદિની અપેક્ષા વિના
કેવળ નિષ્કામ બુદ્ધિથી આત્માર્થે કરવી.

## ભાવવતી - ક્રિયાવતી શક્તિ

ભાવવતી શક્તિ છ એ દ્રવ્યોમાં રહેલ છે. ક્રિયાવતી શક્તિ માત્ર જીવ પુદ્‌ગલમાં રહેલ છે. પ્રદેશોના હલન-ચલન રૂપ ચલનાત્મક પરિસ્પંદનને 'ક્રિયા' કહે છે અથવા પ્રદેશોનું એક દેશથી અન્ય દેશે ક્ષેત્રાંતર થવું તે ક્રિયા છે. એ શક્તિથી જીવ અને પુદ્‌ગલ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે.

મોક્ષ અવસ્થામાં જીવમાં તે ક્રિયા રહેતી નથી.

ભાવવતી શક્તિનું પરિણમન તો ઉત્પાદ-વ્યય રૂપ દરેક દ્રવ્યોમાં રહેલ છે. દ્રવ્યપણું કાયમ રહીને ઉત્પાદ-વ્યય રૂપે પરિણમન થવું તે જ ભાવવતી શક્તિનું કાર્ય છે.

## દ્રવ્ય વ્યતિરેક

'अंशकल्पनं पर्यायः ।' એ અંશ કલ્પના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી કરવામાં આવે છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એ ચારેના સમુદાયનું નામ 'દ્રવ્ય' છે. દ્રવ્યની અપેક્ષાએ જે વ્યતિરેક થાય છે, તે એક દ્રવ્યથી બીજા દ્રવ્યની સાથે થાય છે. જેમ કે જીવ દ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્ય રૂપે થઈ શકતું નથી અને પુદ્‌ગલ દ્રવ્ય જીવ દ્રવ્ય રૂપે થઈ શકતું નથી. એ રીતે એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે જે અત્યંતાભાવ, તે 'દ્રવ્ય વ્યતિરેક' કહેવાય છે.

એ રીતે ક્રિયા વ્યતિરેક, કાળ વ્યતિરેક અને ભાવ વ્યતિરેક પણ હોય છે. એ વ્યતિરેકોને ન માનવાથી સર્વ દ્રવ્યો એક દ્રવ્યરૂપ, એક પ્રદેશરૂપ, એક સમયરૂપ કે એક અંશરૂપ સિદ્ધ થશે, જે બાધિત છે. અંશરૂપ સિદ્ધ થવાથી કાર્યત્વ અને મહત્વ - અમહત્વ સિદ્ધ થશે નહિ.

## બોધનું પરિણમન

'બોધ ક્યારે પરિણમી શકે છે' એ ભાવ આત્માર્થીઓએ સ્થિર ચિત્તે વિચારવા યોગ્ય છે, જે મૂળભૂત છે. અમુક અસદ્‌વૃત્તિઓનો પ્રથમ અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે. જે નિરોધના ક્રમને દૃઢતાથી અનુસરવું જ જોઈએ, તેમાં પ્રમાદ યોગ્ય નથી. વિશેષ થઈ શકે તો બહુ સારું. જ્ઞાનીઓને સદાચરણ પ્રિય છે. વિશેષ શારીરિક ઉપદ્રવ વિના નિત્ય જે સંકલ્પના આચરણનો નિયમ હંમેશા નિર્વહવો જોઈએ. 'નાકે રૂપ નિહાળતા' એ ચરણનો અર્થ વીતરાગ મુદ્રા સૂચક છે. રૂપાવલોકન દૃષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકન દૃષ્ટિમાં ય સુગમતા પ્રાપ્ત થાય.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકન દૃષ્ટિ પરિણમે છે. મહત્પુરુષોનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગ શ્રુત ચિંતવન અને ગુણ જિજ્ઞાસા

દર્શનમોહનો અનુભાગ ઘટવાનો મુખ્ય હેતુ છે, તેમ સ્વરૂપ દૃષ્ટિ સહજમાં પરિણમે છે. 'હું જ્ઞાન છું' 'હું બ્રહ્મ છું' એમ માન્યે, પોકાર્યે તે થવાતું નથી. સત્શાસ્ત્રાદિ સેવ્યે તે રૂપ થવાય. આસન-જપાદિ ઉત્થાનવૃત્તિ ઉપશમે, નિદ્રા ઓછી થઈ શકે, ઉપયોગ અચપળ થઈ શકે છે. 'તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય' એમ શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

## મુખ્ય ભક્તિ

પરમપુરુષની મુખ્ય ભક્તિ ગુણની ઉત્તરોત્તર
વૃદ્ધિ થાય એવાં સદ્વર્તનથી પ્રાપ્ત થાય છે.
અચળ પ્રતિપત્તિ રૂપ સદ્વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે.
એ આજ્ઞા પરમપુરુષની મુખ્ય ભક્તિ છે.
'અચળ પ્રતિપત્તિ' એટલે શુદ્ધ આચરણની ઉપાસના.
ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ
જો જ્ઞાની પુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે,
તો ઘણાં શાસ્ત્રનું ફળ સહજમાં પ્રાપ્ત થાય.
ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવામાં
ગૃહવાસીજનોએ સદ્ધર્મ રૂપ
આજીવિકા વ્યવહાર સહિત પ્રવર્તન કરવું યોગ્ય છે.

## મિથ્યાભિનિવેષ

કોઈ મિથ્યાભિનિવેશથી જ્ઞાનનો ડોળ કરી જગતનો ભાર શિરે વહેતો હોય તો તે દયાપાત્ર છે. પ્રારબ્ધને સમપરિણામે વેદવું, ભોગવી લેવું, એ મોટો પુરુષાર્થ છે. સામાન્ય જીવ સમપરિણામે - નિઃસ્પૃહભાવથી પ્રારબ્ધ વેદી ન શકે. વિષય પરિણામ થાય જ માટે તે ન થવા દેવા, ઓછા કરવા માટે ઉદ્યમ સેવવો. સમપણું અને નિઃસ્પૃહભાવપણું સત્સંગ માત્રથી આવે અને વધે.

## વિદ્વત્તા અને જ્ઞાન

આ બંનેને એક સમજવાનાં નથી, કેમકે તે એક નથી. વિદ્વત્તા હોય છતાં જ્ઞાન ન હોય એવું બની શકે છે. સાચી વિદ્વત્તાથી આત્માર્થ સરે, આત્મતત્ત્વ સમજાય, પમાય. આત્માર્થ હોય ત્યાં જ્ઞાન હોય, વિદ્વત્તામાં ન પણ હોય. સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે. એકાંતક્રિયા જડત્વમાં કે એકાંત શુષ્કજ્ઞાનથી જીવનું કલ્યાણ ન થાય.

નિશ્ચય નયાત્મક બોલો શાસ્ત્ર લઈને
સદ્વ્યવહાર લોપવામાં જે પ્રવર્તે અથવા
કલ્પિત વ્યવહારના દુરાગ્રહમાં રોકાઈ રહીને પ્રવર્તે,
તેથી આત્માનું કલ્યાણ થવું સંભવતું નથી.

## શાતા - અશાતા

માનસિક અશાતાનું મુખ્યપણે સૂક્ષ્મ સમ્યગ્ દૃષ્ટિવાનને બહુધા છે. શારીરિક અશાતાનું મુખ્યપણે સ્થૂળ દૃષ્ટિવાનને પણ બહુધા છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય થતાં ઇંદ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય વેદવો જ જોઇએ. અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તો પણ તે વેદના કાંઇ ઘટતી નથી કે જતી રહેતી નથી. સત્દૃષ્ટિવાન જીવો શાંતભાવે વેદે તો તે વેદના ભલે જતી નથી પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એજ કર્તવ્ય છે.

## વૈરાગ્યના બે દોહા

(૧) આવે જ્યમ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ.

(૨) ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.

o Love of God means love of all beings, because God is in all and all is in God & also exceeds all.

## ૧૭ પ્રશ્નોત્તર

(૧) સદા જુવાન કોણ? તૃષ્ણા.

(૨) સદા જાગૃત કોણ? વિવેકી.

(૩) નરક જેવું દુઃખ શું? પરતંત્રતા.

(૪) અંધ કોણ? કામી, ક્રોધી, રાગી.

(૫) આદરવા યોગ્ય શું? ગુરુ વચન.

(૬) સદા ત્યાગવા યોગ્ય શું? અકાર્ય કામ.

(૭) શીઘ્ર કરવા યોગ્ય શું? કર્મનો નિગ્રહ.

(૮) મોક્ષતરુનું બીજ શું? ક્રિયાયુક્ત સમ્યગ્જ્ઞાન.

(૯) શૂરવીર કોણ? જે સ્ત્રીના કટાક્ષથી વીંધાય નહિ તે.

(૧૦) મહત્તાનું મૂળ શું? કોઈની પાસે યાચના ન કરવી તે.

(૧૧) સદા પવિત્ર કોણ? જેનું અંતઃકરણ પાપથી રહિત તે.

(૧૨) ચોર ચોરી ન શકે તેવો ખજાનો શું? સત્ય, શીલ, વિદ્યા.

(૧૩) જીવનું સદા અનર્થ કરનાર કોણ? આર્ત-રૌદ્ર ધ્યાન.

(૧૪) શલ્યની પેઠે સદા દુઃખ દેનાર શું? છાનું કરેલું કર્મ.

(૧૫) બહેરો કોણ? જે હિતકારી વચનને સાંભળે નહિ તે.

(૧૬) મૂંગો કોણ? જે અવસર આવ્યે પ્રિય વચન ન બોલે તે.

(૧૭) સદા ધ્યાનમાં રાખવા યોગ્ય શું? સંસારની અસારતા.

ૐ

# સ્યાદ્વાદ

સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું સર્વજ્ઞનું નિર્બાધ શાસન છે, જે કહે છે : 'બધું અનેકાન્તાત્મક છે, કારણકે સમસ્ત વસ્તુ અનેકાન્ત સ્વભાવવાળી જ છે.' એ સ્યાદ્વાદની શુદ્ધતા, સત્યતા, નિર્દોષતા, અદ્વિતીયતા, નિર્મળતા, પ્રામાણિકતા સિદ્ધ કરવા અહીં વિચાર કર્યો છે.

અનેકાન્તનું સ્વરૂપ એવું છે કે

જે વસ્તુ તત્ તે જ અતત્ છે. જે એક છે, તે જ અનેક છે.
જે સત્ - તે જ અસત્ છે. જે નિત્ય - તે જ અનિત્ય છે.

એક વસ્તુમાં વસ્તુપણું નીપજાવનારી પરસ્પર વિરુદ્ધ
બે શક્તિઓનું પ્રકાશવું તે 'અનેકાન્ત' છે.

આત્મવસ્તુને પણ જ્ઞાનમાત્રપણું હોવા છતાં તત્-અતત્પણું, એક - અનેકપણું, સત્ - અસત્પણું અને નિત્ય - અનિત્યપણું પ્રકાશે જ છે.

અંતરંગ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે.
બહાર પ્રગટ થતાં જ્ઞેયપણાને પામેલા
સ્વરૂપથી ભિન્ન એવા પરરૂપ વડે અતત્પણું છે.

સહવર્તિ - ક્રમવર્તિ અનંત ચૈતન્ય અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે અને અવિભાગ એક

દ્રવ્યમાં વ્યાપેલા સહક્રમ વર્તન ચૈતન્ય અંશોરૂપ પર્યાયો વડે અનેકપણું છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તદ્વાનપણા વડે સત્પણું છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તદ્વાનપણા વડે અસત્પણું છે. અનાદિનિધન અવિભાગ એક વૃત્તિ રૂપે પરિણતપણા,

જ્ઞાન સામાન્ય, ઊર્ધ્વતા પ્રચય વડે નિત્યપણું છે.

અનુક્રમે પ્રવર્તતા જ્ઞાનવિશેષ, એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્યંશોરૂપે પરિણતપણા વડે અનિત્યપણું છે.

જ્ઞાન સ્વરૂપ વડે તત્, જ્ઞેય સ્વરૂપ વડે અતત્.

આમ જ્ઞાનમાત્ર આત્મવસ્તુને તત્-અતત્પણું વગેરે બબે

વિરુદ્ધ શક્તિઓ સ્વયમેવ પ્રકાશતી હોવાથી

અનેકાન્ત સ્વયમેવ પ્રકાશે જ છે.

તિર્યક્ પ્રચય વડે દ્રવ્યથી એક, ગુણો વડે પર્યાયોથી અનેક.

સ્વદ્રવ્યાદિથી સત્, પરદ્રવ્યાદિથી અસત્.

એ રીતે અનેકાન્તથી આત્મા વાસ્તવિક જે સ્વરૂપે છે, તે સ્વરૂપે સમજાય છે અથવા સ્વરૂપમાં પરિણમે છે. એકાંતથી આત્મા જે સ્વરૂપે છે, તે સ્વરૂપે સમજાતો નથી

અથવા સ્વરૂપમાં પરિણમતો નથી.

## તત્ સ્વરૂપ

કોઈ એકાંત સર્વથા એમ માને કે: 'ઘટનું જ્ઞાન ઘટના આધારે જ થાય, માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે.' આવું માનનારના મતે જ્ઞાન રહ્યું જ નહિ, માત્ર જ્ઞેય જ રહ્યાં તે જૂઠું. જ્ઞાન સ્વસ્વરૂપે જ્ઞાનસ્વરૂપ જ છે. તે જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાનપણાને છોડતું નથી.

## અતત્

કોઈ અબુધ માને છે કે 'વિશ્વ જ્ઞાનરૂપ છે, સમસ્ત વસ્તુઓ પોતારૂપ છે'. આ રીતે પોતાને અને વિશ્વને અભિન્ન માનીને સર્વત્ર તે ભટકે છે. સ્યાદ્વાદી એમ માને છે કે 'જ્ઞાન સ્વથી તત્ છે, પરજ્ઞેયથી અતત્ છે.' દરેક વસ્તુ પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, પરના વસ્તુ સ્વરૂપથી અતત્ સ્વરૂપ છે, એટલે કે જ્ઞાન પરજ્ઞેયોના આકારે થવા છતાં તેનાથી ભિન્ન છે.

## એક

જ્ઞેયાકારે પરિણમવાથી જ્ઞાન અનેક દેખાય છે, તેથી એકાંતી જ્ઞાનને સર્વથા અનેકરૂપ દેખે-માને છે. તેથી જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે. સ્યાદ્વાદી જ્ઞાનને જ્ઞેયાકાર થવા છતાં સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે.

## अनेक

એકાંતી અનેક જ્ઞેયાકારરૂપ જ્ઞાનને મલિન જાણી જ્ઞેયાકારો-રહિત એક આકારરૂપ કરવા ઇચ્છી જ્ઞાનનો જ નાશ કરે છે. અનેકાંતી જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે, કારણકે સત્યાર્થ વસ્તુ સ્વભાવને જાણે છે.

## स्वद्रव्य

એકાંતી બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી તેનું અસ્તિત્વ માને. આત્મદ્રવ્ય અતીંદ્રિય હોવાથી તેને દેખતો નથી, તેથી શૂન્ય માની નાશ કરે છે. સ્યાદ્વાદી જ્ઞાનતેજ વડે સ્વદ્રવ્યથી અસ્તિત્વ અવલોકે છે, તેથી પોતાનો નાશ કરતો નથી.

## परद्रव्य

એકાંતી આત્માને સર્વ દ્રવ્યમય માનીને પરદ્રવ્ય અપેક્ષાએ નાસ્તિત્વ છે, તેનો લોપ કરે છે. સ્યાદ્વાદી સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય અપેક્ષાએ નાસ્તિત્વ માનીને નિજદ્રવ્યમાં રમે છે.

## स्वक्षेत्र

એકાંતી ભિન્નક્ષેત્રના જ્ઞેયોને જાણતા પોતાનું સ્વક્ષેત્રથી અસ્તિત્વ ન માનતો પોતાને નષ્ટ કરે. સ્યાદ્વાદી પરક્ષેત્રોમાં રહેલા જ્ઞેયોને જાણતાં છતાં સ્વક્ષેત્રમાં રહેલું પોતાનું સ્વક્ષેત્રથી અસ્તિત્વ સ્વીકારે છે, તેથી નાશ પામતો નથી.

<u>પરક્ષેત્ર</u>

એકાંતી 'પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયોના આકારે ચૈતન્યના આકારો થાય છે તેમને જો હું પોતાના કરીશ તો પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ' એમ માની ચૈતન્યના આકારોને છોડી દે છે. આકારોરહિત પોતાને તુચ્છ માની નાશ પામે છે. સ્યાદ્‌વાદી જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં પણ ચૈતન્યના આકારોને છોડતો નથી માટે તુચ્છ થતો કે નાશ પામતો નથી.

<u>સ્વકાળ</u>

પહેલાં જે જ્ઞેયો જાણ્યા તે ઉત્તરકાળમાં નાશ પામ્યા. એકાંતી તે દેખી પોતાના જ્ઞાનનો ય નાશ માની અજ્ઞાની થઈ આત્માનો નાશ કરે છે. સ્યાદ્‌વાદી તો જ્ઞેય નષ્ટ થતાં પણ પોતાનું અસ્તિત્વ પોતાના કાળથી જ માનતો થકો નષ્ટ થતો નથી.

<u>પરકાળ</u>

અજ્ઞાની જ્ઞેયોના આલંબનકાળે જ
જ્ઞાનનું સત્પણું જાણે છે.
સ્યાદ્‌વાદી તો પરજ્ઞેયોના કાળથી પોતાનું નાસ્તિત્વ જાણે છે.
પોતાના જ કાળથી પોતાનું અસ્તિત્વ જાણે છે,
તેથી જ્ઞેયોથી જુદા એવા જ્ઞાનના
પુંજરૂપ વર્તતો થકો નષ્ટ થતો નથી.

## સ્વભાવ

અજ્ઞાની પરભાવોને જ પોતાનું સ્વરૂપ માને છે,
તેથી બાહ્ય વસ્તુઓમાં વિશ્રાંત થતો પોતાનો નાશ કરે છે.
સ્યાદ્વાદી જ્ઞાનભાવ સર્વાકાર થવા છતાં
જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણે છે,
તેથી નષ્ટ થતો નથી.

## પરભાવ

એકાંતી સર્વ પરભાવોને પોતારૂપ જાણે છે,
તેથી પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાય છે અને
સર્વ પરભાવોમાં સ્વેચ્છાચારીપણે નિઃશંક વર્તે છે.
સ્યાદ્વાદી પરભાવોને જાણતાં છતાં
પોતાના શુદ્ધજ્ઞાન સ્વભાવને
સર્વ પરભાવોથી ભિન્ન અનુભવે છે અને શોભે છે.

## નિત્ય

અજ્ઞાની જ્ઞેયોના આકાર અનુસાર જ્ઞાનને ઉપજતું-વિણસતું દેખીને અનિત્ય પર્યાયો દ્વારા આત્માને અનિત્ય સર્વથા માનતો પોતાને નષ્ટ કરે છે. સ્યાદ્વાદી જો કે જ્ઞાન-જ્ઞેયો અનુસાર ઉપજે-વિણસે છે તો પણ ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો જીવે છે, નાશ પામતો નથી.

<u>અનિત્ય</u>

એકાંતવાદી જ્ઞાનને સર્વથા નિત્ય ચીતરી ચૈતન્યની
પરિણતિ જે ઉપજે - વિણસે છે, તેનાથી કાંઈક જુદું ઈચ્છે છે.
સ્યાદ્વાદી એમ માનતો નથી કે:
'પરિણામ વિશ્વમાં જુદો કોઈ પરિણામી છે'
તેથી
'દ્રવ્યે જ્ઞાન નિત્ય છે, તો પણ ઉપજતી - વિણસતી
પરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે,
એવો જ વસ્તુ સ્વભાવ છે'
એમ માનીને નાશ પામતો નથી.
આ રીતે અનેકાન્ત 'જ્ઞાન માત્ર આત્મતત્ત્વ'
અમૃત પ્રસિદ્ધ કરતો સ્વયંભવ અનુભવ છે.
વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ વડે
અનેકાંત પોતે પોતાને સ્થાપિત કરે છે.
તે અનેકાંત જ નિર્બાધ જિનમત છે.
'હું જગતના તમામ દુષ્કૃત્યોના માટે જવાબદાર છું કેમકે
અનંતકાળ પર્યંત મેં પાપનો આદર્શ આપ્યો છે અને
અનિત્ય વસ્તુઓની માંગણી કરતો થકી નિત્ય એવા
આત્માને વિસરી રહ્યો છું. જન્મોજન્મ. હવે બસ!'

नाहंकारात् परो रिपुः।
અર્થાત્: અહંકારથી શ્રેષ્ઠ કોઈ શત્રુ નથી.
0 વિષયોના દોષોનાથી ચંચળ થયેલા મનને સ્થિર કરવા
'તૈલધારવત્' અવિચ્છિન્ન રૂપથી નામકીર્તન કરવું.
0 અહંકાર દોષથી મલિન મનને નિર્મળ કરવા માટે
'નમઃ નમઃ' પદનો ઉચ્ચાર કરવો.
0 સંપ્રદાન એટલે સમ્યક્‌રૂપથી ઉત્તમ રીતે,
પ્રકૃષ્ટ રૂપથી સંપૂર્ણપણે દાન ક્રિયા કરવી.
0 ભક્તિમાર્ગ વિહંગમ માર્ગ છે, જેમાં
'હું અને મારું તમારું જ છે' એવી સમર્પણ ભાવ છે.
योऽहं ममास्ति यत् किंचिदिह लोके परं च ।
तत् सर्वं भवतोरद्य चरणेषु मयार्पितम् ॥२॥
અર્થાત્ આ લોકમાં જે હું અને જે કાંઈપણ મારું શ્રેષ્ઠ છે,
તે સર્વ મારા વડે આજે આપના ચરણમાં અર્પણ કરાય છે.
મમકારથી મલિન મનને નિર્મળ કરવા ચતુર્થી વિભક્તિ છે.
0 સમાધિ સિદ્ધિરીશ્વર પ્રણિધાનાત્।
અર્થાત્
ઈશ્વરનું પ્રણિધાન કરવાથી સમાધિ
અને પ્રાંતે સિદ્ધિ અવશ્ય મળે છે.

<u>બે પ્રકારે જ્ઞાન</u>: વિષય જ્ઞાન અને અવિષય જ્ઞાન.

જ્ઞાનમાર્ગનું મોટું વિઘ્ન વિભૂતિ છે.

યમ-નિયમના અભ્યાસથી

સાધકને અનેક પ્રકારની વિભૂતિઓ અવશ્ય મળે છે, પણ તેમાં અભિમાન જ ટકી શકે. જેનાથી સમાધિને પામી શકતા નહિ અથવા પ્રાપ્ત સમાધિ ભ્રષ્ટ થાય છે.

<u>કર્મયોગ</u>

કર્મયોગનું વિઘ્ન કામના છે. સકામ કર્મબંધનું કારણ છે. કર્મ કઈ રીતે નિષ્કામ હોય? કામના વિના કર્મ ન જ હોય. 'નિર્ગતા વિષય કામના યસ્માત્' અર્થાત્ કૈવલ્ય મોક્ષ યા ઈશ્વર પ્રાપ્તિની કામનાથી થતાં કર્મ જ નિષ્કામ કર્મ છે. શાસ્ત્રવિહિત કર્મ કરવા દ્વારા અનેક જન્મો બાદ ભગવત્ પ્રેમ ઉત્પન્ન થઈ, ભગવાનને જાણવાની ઇચ્છા થાય છે.

જ્ઞાન-ભક્તિને ઉત્પન્ન કરનાર કર્મ છે.

<u>પાંચ પ્રકારે કર્મયોગ</u>

પાંચ પ્રકારે કર્મયોગમાં પ્રભુ માટે જીવવું, પ્રભુનાં જ કામ કરવા, પ્રભુ સિવાય જગતમાં કાંઈ જોવું નહિ, પ્રભુની અવ્યભિચારિણી ભક્તિ કરવી અને પ્રભુને યોગનિષ્ઠ સ્નેહ કરવો. દિવ્યપ્રેમ જ દરેક સમસ્યાઓનો ઉકેલ છે.

૦ વિચારથી negative તત્ત્વો Positive કરી શકાય છે અને Positive તત્ત્વો negative કરી શકાય છે.

Positive = સબળ, negative = નિર્બળ.

वदन्ति मर्त्याः प्रायेण, विषयान्पदमापदाम् ।
तथापि भुञ्जते कृष्ण, तत्कथं श्वखराजवत् ॥

(પરિશિષ્ટ-૭)

'त्वमेव माता च पिता त्वमेव...' શ્લોક પ્રભુની સ્તુતિ સમજી રોજ બોલવાથી અને તેનો અર્થ સમજવાથી જીવન ઘણું સબળ બને છે અને તેને મા-બાપની, મિત્રોની કે ધનની ખોટ લાગતી નથી.

૦ आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥

(પરિશિષ્ટ-૮)

૦ રોવાનું છોડવું હોય તો ખોટું લખવાનું પહેલું છોડવું જોઈએ.

૦ अहमित्यन्यथाबुद्धिः प्रमत्तस्य यथा हृदि ।
उत्सर्पति रजो घोरं ततो वैकारिकं मनः ॥

(પરિશિષ્ટ-૯)

૦ 'अमृतं तु विद्या ।' અર્થાત્ વિદ્યા એ અમૃત છે.

o સાલોક્ય - દાસત્વ, સારૂપ્ય - સમનિયમે
સામીપ્ય - નિષ્કામત્વ, સાયુજ્ય - શરણેન

o જીવ - બ્રહ્મૈકત્વ - જ્ઞાનાત્ |

મુક્તિ: એકત્વના જ્ઞાનથી જીવ એ બ્રહ્મ છે.

o 'ૐ હ્રીં નમઃ |'

આ મંત્રમાં હ્રીં એ માયાબીજ છે.
તાંત્રિકો અને શાક્તોનો પ્રભાવ મંત્ર છે.
વેદાન્તીઓ માટે જેમ ૐ છે,
તેમ તાંત્રિકો માટે હ્રીં નો જપ શ્રેષ્ઠ છે.
જૈનો માટે નવકાર, અર્હં પણ સર્વશ્રેષ્ઠ મંત્ર છે.

o ૐ ઐં સરસ્વત્યૈ નમઃ |

જે કોઈ શુદ્ધ હૃદયથી આ મંત્રના ૯ લાખ જપ કરશે,
તેને સરસ્વતી દેવીનાં પ્રત્યક્ષ દર્શન થશે.
સરસ્વતી માતાની કૃપાથી તે પ્રગાઢ વિદ્વાન થશે.
સરસ્વતી માતા સાધકની જિહ્વા ઉપર નિવાસ કરશે.

o આ મંત્રો પવિત્ર થઈને, ચિત્તની એકાગ્રતાપૂર્વક મંત્રદેવતાનું મૂલાધારાદિ ચક્રમાં ધ્યાન - ધારણાદિ કરવાથી સિદ્ધ થાય છે. પવિત્ર એકાંત સ્થાનમાં જપ કરવાથી અવશ્ય સિદ્ધિ મળે છે. મંત્ર એ કોઈ સાધારણ શબ્દ

માત્ર નહિ. એની શક્તિ દિવ્ય છે. તે ઇષ્ટ દેવતાદિ
અભિન્ન છે, તેથી દેવતાનાં સ્વરૂપનું ભાન કરાવે છે.

ઇષ્ટદેવની કૃપાયાચના માટે જ મંત્ર છે.
મંત્ર જે વસ્તુનો સંકેત કરે છે,
તેને જો સાધક જાણતો હોય,
તો સાધનામાં વિશેષ સરળતા થાય છે.

એ માટે મંત્રજપની સાથે એના અર્થભાવની આવશ્યકતા છે.
યોગદર્શનમાં મંત્રાર્થ ભાવનાને 'જપ' કહ્યો છે.
'મંત્ર' શબ્દનો ધાતુગત અર્થ 'ગુપ્ત પરિભાષણ' થાય છે.
એવો એક પણ અક્ષર નથી, જે મંત્ર ન હોય. માત્ર
તેનો ઉપયોગ કરવાની વિધિ બરાબર જાણવી જોઇએ.

| | |
|---|---|
| હં = આકાશબીજ | યં = વાયુબીજ |
| રં = અગ્નિબીજ | વં = જલ-અમૃતબીજ |
| લં = પૃથ્વીબીજ | ઐં = સરસ્વતીબીજ |
| હ્રીં = માયાબીજ | શ્રીં = લક્ષ્મીબીજ |

મંત્રનો વાસ્તવિક અર્થ તો મંત્ર પ્રતિપાદિત
દેવતાનો સાક્ષાત્કાર થવાથી જ જાણવામાં આવે છે.

મનોવિજ્ઞાનનો અચૂક સિદ્ધાંત

જેનું સતત ચિંતન થાય, તેની શરીરમાં વૃદ્ધિ થાય છે.

દુઃખ-ભયનું ચિંતન કરવાથી દુઃખ અને ભયની વૃદ્ધિ થાય,
તે મુજબ શક્તિને સતત ચિંતવાથી શક્તિ વૃદ્ધિ થાય છે.

સર્વત્ર શક્તિનું ભાન-ધ્યાન રાખવું એ જ શક્તિની સાચી ઉપાસના છે. શક્તિ ઉપાસનાથી વાક્શક્તિ, વિચારશક્તિ અને જીવનશક્તિની વૃદ્ધિ થાય છે. સાધકનું જીવન મેગ્નેટીક, પ્રભાવશાળી, આકર્ષક થાય છે. તેની સર્વ કામનાઓ અવશ્ય પૂર્ણ થાય છે.

સર્વ શક્તિઓનું મૂળ મંગળમય છે.

સર્વવ્યાપક, સર્વશક્તિમાન પરબ્રહ્મની માતૃભાવથી ઉપાસના કરવી એને 'શક્તિ ઉપાસના' કહે છે. પિતા કરતાં માતાના સ્નેહ, દયા અને વાત્સલ્ય અધિક રહેલ છે. જે પુણ્યવાન સ્ત્રી કે પુરુષ તે આનંદમયી, અમૃતમયી, સ્નેહમયી, દયામયી માતાના ખોળામાં પોતાનું મસ્તક મૂકવાનું ભાન કરે, તેનું જીવન સર્વત્ર, સર્વથા, સર્વદા પરમ નિર્ભય, પરમ પ્રસન્ન, પરમાનંદમય વ્યતીત થાય છે. કહ્યું છે કે: 'હે માતર! જે મનુષ્ય તમારું સ્મરણ કરે છે, તેના સમસ્ત ભયને તમે જ દૂર કરો છો. જે મનુષ્ય શાન્તિથી ચિત્ત સ્વસ્થ કરીને તમારું સ્મરણ કરે છે, તેને અત્યંત શુદ્ધ બુદ્ધિ આપો છો. દરિદ્રતા-દુઃખ-ભયને તમારા સિવાય

પીડા દૂર કરી શકે છે? સર્વ મનુષ્ય ઉપર ઉપકાર કરવા માટે તમારું ચિત્ત સદૈવ દયાર્દ્ર અત્યંત કોમળ થઈ રહે છે?

जो जाके सरणे बसे ताकी ताकी लाज ।
जल मछरी संग चढे वहे जात गजराज ॥

o ઉહ = સામાન્ય જ્ઞાન, અપોહ = વિશેષ જ્ઞાન.

ઉહાપોહ કરતાં મળે, સંદેહ અને વિપર્યાસરહિત
જે જ્ઞાન થાય તેને '<u>અર્થવિજ્ઞાન</u>' કહે છે.
આ પછી 'આ વસ્તુ આમ જ છે;'
એવું જે નિશ્ચિતજ્ઞાન થાય તેને '<u>તત્ત્વજ્ઞાન</u>' કહેવાય છે.
તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે ઉહાપોહ અને
અર્થવિજ્ઞાનની સાથે શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ
અને ધારણારૂપ બુદ્ધિના ગુણો અવશ્યપણે જોઈએ જ.

<u>શુશ્રૂષા</u> = સાંભળવાની ઇચ્છા, <u>શ્રવણ</u> = સાંભળવું,
<u>ગ્રહણ</u> = શ્રવણ કર્યા બાદ ગ્રહણ કરવું,
<u>ધારણા</u> = ગ્રહણ કરેલું ભૂલી ન જવું.

ધ્યાનવિધિમાં સ્થિરતા આવે એ તરફ વિશેષ લક્ષ્ય જરૂરી છે. એ સ્થિરતા માટે વાતાવરણ નિર્ભીક ન હોય અને તેની તરફનું ઇષ્ટ સાધનતાજ્ઞાન ધ્યાતાના હૃદયમાં રમતું હોય તો સ્થિરતા સહજ બની શકે એમ છે.

o जाग्रत् - स्थूल शरीर
स्वप्न - सूक्ष्म शरीर
निद्रा - कारण शरीर

o તાંત્રિક કથનાનુસાર ઉર્ધ્વામ્નાયની સર્વ વિદ્યાઓ 'શ્રી વિદ્યા' છે અને એ જ લલિતા, રાજરાજેશ્વરી, પંચદશી, ષોડશી, મહાત્રિપુરસુન્દરી, બાલા વગેરે નામે પ્રસિદ્ધ છે.

મૂલતત્ત્વમાં એ બધાની એકતા હોવા છતાં અવસ્થાભેદના કારણે એ નામોમાં વિભિન્નતા રહેલી છે.

પ્રસિદ્ધ ૧૦ મહાવિદ્યાઓમાં ષોડશી વિદ્યા એ શ્રીવિદ્યાનું પરિણત સ્વરૂપ મનાય છે.

તેને 'બ્રહ્મવિદ્યા' તથા 'બ્રહ્મમયી' પણ કહે છે.

ઉપરાન્તના ભેદથી શ્રી મહાત્રિપુરસુન્દરીની ત્રિકૂટાત્મિકા પંચદશી વિદ્યા ઘણા પ્રકારની છે. તેમાં કામોપાસિતા પંચદશી, લોપામુદ્રોપાસિતા પંચદશી અને નંદીપાસિતા પંચદશી મુખ્ય છે, જેને અનુક્રમે કાદિ, હાદિ અને સાદિ વિદ્યા કહે છે.

કાદિના ઉપરાન્ત અધિક છે.

હાદિના તેના અપેક્ષાએ થોડા છે

અને સાદિ વિદ્યાના એનાથી પણ થોડા છે.

શ્રીયંત્ર એ મહાત્રિપુરાસુન્દરીનું નિવાસસ્થાન છે.

આ સુપ્રસિદ્ધ મંત્ર માનવશરીર અને સમષ્ટિ તથા વ્યષ્ટિનું દ્યોતક છે. તદુપરાંત શિવશક્તિ સ્વરૂપ ત્રિપાદ આત્માનો પ્રકાશ પણ તેમાં રહ્યો છે. ઉપનિષદો પ્રમાણે ઉપાસકોને એની પૂજાથી ભોગ ને મોક્ષ પ્રાપ્ત થાય છે. પૂજાનો વિશિષ્ટાર્થ વાસ્તવમાં જીવ બ્રહ્મૈક્યાનુસન્ધાન છે.

ભાવનોપનિષદમાં કહ્યું છે કે:

'सान्द्रसानं सोधानान अभेदभावनं श्री चक्रपूजनम् ।'

(પરિશિષ્ટ-૧૦)

ઉપનિષદોના 'તત્ત્વમસિ' એ મહાવાક્યના ત્રણ ભાગ છે, તેમ જ પંચદશી મંત્રના પણ ત્રણ કૂટ (ભાગ) છે. પહેલાં ભાગનો અર્થ 'તત્', બીજાનો 'ત્વં' અને ત્રીજાનો 'અસિ' છે. અર્થાત્ પંચદશીનો આધ્યાત્મિક અર્થ 'તત્ત્વમસિ' છે અને એ જ એનો ગૂઢાર્થ છે. એ રીતે પંચદશી મંત્ર મહાવાક્યનું શ્રવણ-મનનનું, આ ચક્રમંત્ર અંતર્મુખ વૃત્તિવાળા મનનું અને આવરણ દેવતા મનની આધ્યાત્મિક વૃત્તિઓનું નિરૂપણ કરે છે. 'પૂજા' શબ્દ નિદિધ્યાસન (અનવરત ધ્યાન) અને સવિકલ્પ સમાધિ માટે પ્રયોજવામાં આવે છે.

૦ જેમ બજારમાંથી જે વસ્તુ જોઈએ તે માટે જે ભાવ હોય, તે આપવો જોઈએ. વ્યાવહારિક બુદ્ધિના માણસને ભાવનાની વસ્તુ સમજાતી નથી, તેથી સાચો ભાવ પ્રાપ્ત થતો નથી.

તેવી ભાવ આપવા માટે શરણાગતિ જોઈએ.

સ્વભાવથી સાહજિકતા થવી જોઈએ.

જેમ શરીરને તાજું રાખવાને માટે નિદ્રાની જરૂર છે, તેમ આત્માને તાજો રાખવા નિવૃત્તિ - નિર્વિકલ્પતાની જરૂર છે.

નિર્વિકલ્પ ભાવ દીનતાથી સહજ મળે છે.

કયા જ સાધનથી દીનતા-નિર્વિકલ્પતા સધાય છે?

પ્રાર્થના, શરણાભાવ, તિતિક્ષા (વિરહદુઃખ)

અને પ્રભુ સાથે વારંવાર મિલન.

વિરહ એ સુખરૂપ દુઃખ છે.

તેના પરિણામે નિત્ય સુખ મળે છે.

શાંત રહીને જો કે 'હું પરબ્રહ્મ' છું.

ચિત્તવૃત્તિ નિરોધ એ યોગ છે. દૃષ્ટા સ્વરૂપમાં સ્થિતિ કરે છે. નિરોધ સિદ્ધ ન થાય ત્યારે દૃષ્ટા વૃત્તિસારૂપ્ય એટલે વૃત્તિ જેવો થઈ જાય છે. સ્વભાવથી પડીને વિભાવ દશામાં આવે છે, તેથી પાછું સ્વરૂપમાં આવવા માટે વૃત્તિ-નિરોધની જરૂર પડે છે. દૃષ્ટાંત મુજબ વૃત્તિરૂપે નહિ પણ વૃત્તિ જેવો થઈ ગયો હોય તેમ દેખાય છે (સ્વપ્નની જેમ).

સ્વપ્નમાં જો આત્મા ખરેખર વૃત્તિ જેવો થઈ ગયો હોય, તો સ્વપ્નના દુઃખમાંથી છુટવા માટે વૃત્તિનિરોધ

કરવો જોઈએ પણ કરવો પડતો નથી. તે મુજબ જાગ્રતમાં પણ વૃત્તિરૂપે દેખાતા આત્માને સ્વરૂપસ્થાનથી જ વૃત્તિ-નિરોધરૂપ ફળ મળે છે. એ ઉપનિષદો કે વેદાન્તનો માર્ગ છે.

ઉપરના બંને મત શાંકર માન્ય છે.

વૈરાગી માટે 'હું કોણ?' એ સમજવા જ્ઞાનમાર્ગ છે. જગમાં આસક્તને મુક્તિ માટે ભક્તિમાર્ગ કે યોગમાર્ગ છે.

બંને માર્ગે જીવ-બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે.

ભક્તિમાર્ગમાં પહેલાં પૂર્વરાગ, પછી મિલન, પછી વિરહ, પછી કાયમનું પુનર્મિલન એમ ઉત્તરોત્તર અવસ્થા છે.

જ્ઞાનમાર્ગમાં વૈરાગ્યની જરૂર પડે છે.

આત્મા અસંગ હોવાથી અને તે માન્યતામાં તેની દૃઢતા થવાથી જે વ્યવહારમાં અસંગ રહી શકે છે, જેનો વ્યવહાર અત્યલ્પ હોય, તેમને માટે વેદાન્તનો જ્ઞાનમાર્ગ ઉપયોગી છે. યુરોપ, અમેરિકા વગેરે પશ્ચિમના દેશોના જીવનમાં અને તેના અસરથી અહીં પણ કેટલેક ઠેકાણે વૈરાગ્યની ભાવના ઓછી હોવાથી જેમાં વૃત્તિનિરોધ થઈ શકે એવો ભક્તિમાર્ગનો ક્રમ વધારે ઉપયોગી થાય છે.

ભક્તિમાર્ગમાં વિરહભાવના ખાસ ઉપયોગી છે. સંસારનું સુખ છોડવું હોય અને આત્માનું સુખ મળવું ન હોય

ત્યારે પહેલા દશામાં ફરતાફરતા નિરાશાજનક, સૂકી અને નીરસ દશા ઉત્પન્ન થાય છે અને સાધક શૂન્ય જેવો થઈ જાય છે. તે દશા સાધકને ગમતી નથી અને ઘણા સાધક તે દશા સહન કરી શકતા નથી, તેથી પડી જાય છે. ખરી રીતે જોતાં તે દશામાં અંતઃકરણની શુદ્ધિ ઘણી થાય છે.

તેથી ભક્તિમાર્ગમાં જે અગવડો આવે છે, તે ખાસ સમજ લેવાથી પતનનો પ્રસંગ આવતો નથી. બહારના કુરુવંશ દેખા જણાય છે. અંદર કામ-ક્રોધ આદિ કુરુ સ્વરૂપે દેખા અને કામ પણ જીતી શકાય છે.

વેદાન્તમાં એમ માનેલું છે કે સામાન્ય ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી નથી પણ વિશિષ્ટ ચૈતન્ય (વૃત્તિમાં આરૂઢ થયેલું ચૈતન્ય) બ્રહ્માકાર વૃત્તિયુક્ત ચૈતન્ય અજ્ઞાનનું વિરોધી છે. સામાન્ય વૃત્તિ કે જે અધિષ્ઠાનના ભાન વગર વિષયોમાં રખડે છે, તે વિષયાકાર થવાથી જડ જેવી થતાં આવરણ ઉત્પન્ન કરે છે પણ જે વૃત્તિ અધિષ્ઠાનના ભાનસહિત શ્રવણાદિકના સાધનથી બ્રહ્માકાર થાય છે, એટલે જેવી વસ્તુ છે તેવા આકારે થાય છે, તે આવરણ ભંગ કરે છે.

સામાન્ય મનુષ્યનું સામાન્ય ભાન એ અજ્ઞાન છે.

તેનાથી ભૂલમાં ઘણા સત્તા દેખાય છે.

સાધન દશામાં તે ભાન અને તે સત્તાનો નિષેધ બધા
શાસ્ત્રોમાં સ્વીકારેલો છે. સામાન્ય ભાન Negative
રૂપમાં છે, પ્રતિરૂપ છે, સ્વયં પ્રકાશ નહિ. Positive
ભાવના મળે ત્યાં સુધી જીવ અનેક જન્મોમાં રખડે છે.

સામાન્ય બુદ્ધિ સત્ય આપતી નહિ.

તે બહુ જોરવાળી હોય તો 'અસત્ય શું છે' તે જાણી
શકે છે. તેટલું કામ થાય તો ય રસ્તો ખુલ્લો થાય છે.
બાહ્ય વસ્તુનો નિષેધ કરવાથી શૂન્ય બધું થતું નહિ.

કોઈ વસ્તુથી ભરેલી જગ્યા કરતાં
ખાલી જગ્યાનો વધારે ઉપયોગ છે,
તેમાં વધારે શક્તિ છે.

દીવાની આસપાસ રહેલી ખાલી જગ્યામાં રહેલ ઓક્સિજન
દેખાતો નહિ, છતાં તેની મદદથી દીવો બળે છે.

આકાશની ખાલી જગ્યા રેડિયોના મોજાનું વહન કરે છે,
તેથી એમાં કાંઈ દેખાતુ નહિ, પણ તેમાં ઘણી શક્તિ છે.

'નિર્ગુણ ખાલીશૂન્ય છે' એમ માને તે મૂર્ખ છે.

રાજાઓ રાજ્યનું સુખ મૂકીને પણ રાત્રે નિદ્રા લે છે.
નિદ્રામાં બહારનું કાંઈ સુખ નહિ,
છતાં નિદ્રા ઘણું સુખ અને ઘણો આરામ આપે છે.

કલ્પિત વિરુદ્ધ ધર્મ સાથે રહી શકે છે.
અજવાળું હોવા છતાં ઘુવડ અંધારું જોઈને દુઃખી થાય છે,
તેમ દ્વૈત અને દ્વંદ્વ ન હોવા છતાં
મનુષ્ય તે જોઈને દુઃખી થાય છે.

વિજળીની શક્તિ ઘણા જગ્યાએ રહેલી છે, પણ તેનો Positive ભાવ પ્રગટ કરવા માટે કોઈક Negative તત્વ, મૃદુભાવ, નિષેધભાવ લેવો પડે છે. જ્યાં વિજળીનો Positive છેડો હોય ત્યાં કોઈ Negative તત્વ જોડવું જોઈએ અને Negative હોય ત્યાં Positive તત્વ જોડવું જોઈએ. એ સિદ્ધાંતના આધારે ગ્રામોફોન અને રેડીઓ અવાજ કરે, બલ્બ તેજ આપે છે. તેવા રીતે જો સાધકવૃત્તિએ 'હું બ્રહ્મ છું' એવો અનુભવ લેવો હોય તો પ્રથમ જગતભાવનો, ઈદંતાનો અત્યંતાભાવ કરવો જોઈએ અર્થાત્ જગતભાવનું વાસ્તવ સ્વરૂપ બ્રહ્મ હોવાથી તેનું કલ્પિત સ્વરૂપ નિષેધ કરવું જોઈએ. તેમ કરવાથી જીવ વ્યાપક થવાથી બ્રહ્મનો આનંદ વિજળીની જેમ પ્રગટશે અને તેનો અનુભવ નિર્વિઘ્ને મળ્યા કરશે.

જેને જીવ અને જગત સાચાં લાગે છે, તેમને માટે નામરૂપ અને તેના અધિષ્ઠાન સહિત બ્રહ્મ નજર આગળ છે.

તેથી તે Positive જેવું થઈ જાય છે, બીજી રીતે પોતાના અવલંબનની સત્તાનો નિષેધ કરી શરણાગત થાય ત્યાં Negative દશા ઉત્પન્ન કરવી જોઈએ. એ રીતે પ્રભુ ભગવાનના પ્રેમનો લાભ મળે છે. ભક્તાનો પ્રેમ અનુભવ કરવા માટે ભોક્તા જોઈએ, પછી ભક્તા-ભોક્તા એક થઈ જાય છે. ભક્તાને અને ભોક્તાને રાખવા છતાં જુદાં ન રાખવાં એ ભક્તા અને ભોક્તાને સાચી દશામાં મૂકવા બરાબર છે. એને ભક્તિમાર્ગમાં 'સ્વગત' અભેદ કહે છે. ઉપરના બન્ને પ્રકારમાં માત્ર એક સત્તા રહે અને બીજી સત્તાનો અભાવ થઈ જાય છે.

જ્યાં શુદ્ધ બીજી કોઈ સત્તા કલ્પનામાં રહેશે, ત્યાં શુદ્ધ જો Positive ભાવથી થોડું દ્વંદ્વ ઉત્પન્ન થશે, તેથી સ્વપ્નાની માફક જો ભગવાન જેવું જાગ્રતમાં થઈ જશે અને તેથી સાચા ભગવાનનો સાચો આનંદ સર્વત્ર પ્રાપ્ત હોવા છતાં તે પ્રગટ રીતે અનુભવમાં આવશે નહિ.

હિંદુ ધર્મમાં સ્ત્રીએ પતિને પરમેશ્વર માની
તેની દાસી થઈ રહેવાનું કહેલ છે.
તેમ કરવાથી બંનેનો પ્રેમ વધે છે.
યુરોપમાં ઈશ્વર તેથી ઊલટો ભાવ જણાય છે.

જ્યારે બંને પોતાના હક તરફ નજર રાખે
અને જવાબદારી સમજે નહિ,
ત્યારે જે ભગવાન જેવું થાય છે
અને છુટાછેડા કરવાનો વખત આવે છે,
તેથી જ ધર્મમાં 'નબળાએ મોટાની સેવા કરવી
અને તેની સત્તા માન્ય રાખવી' એમ કહેલ છે.
નબળામાં ભગવાન દેખાય તો
પોતાની સત્તા દબાવી લેવી જોઈએ,
તેથી જ પ્રકૃતિમૂળવાળા
પ્રકૃતિની સત્તા પાસે પોતાની સત્તા દબાવી લે છે.
વાસ્તવિક રીતે એક સત્તા સર્વત્ર રાખવી જોઈએ અને
તે માટે બાહ્ય સત્તાનો નિષેધ કરવો જોઈએ.
જેમ સ્વપ્નમાં ઘણા વસ્તુ અને ઘણા સત્તા દેખાય છે,
છતાં જાગતાં એક વસ્તુ અને એક સત્તા દેખાય છે,
તેમ સાધનામાર્ગમાં જાગ્રત દશામાં પણ
આત્મજ્ઞાની પુરુષો એક સત્તા અને એક વસ્તુ માને છે.
બાહ્ય સત્તાનો અને બાહ્ય વસ્તુનો
નિષેધ કરતાં સાચી Positive આત્મભાનનો,
શુદ્ધ ચૈતન્યનો આનંદ લે છે.

ભક્તિમાર્ગમાં સત્તા એક માનેલી છે પણ
વસ્તુ અનેક (સત્તા વગરની) માનેલી છે.
જ્યાં વસ્તુ અનેક હોય,
ત્યાં એક સત્તા માનવી મુશ્કેલ કામ છે.
જો વસ્તુમાં એક સત્તાનો અનુભવ લેવા માટે
વિચાર કરીને પ્રયોગ કરવો પડે છે.
સ્ત્રી-પુરૂષના જો શરીરમાં એક આત્મા હોય તેવો અનુભવ
સંસારીને મળે છે છતાં 'બાળ બધા શરીરમાં પણ પોતાનો
આત્મા છે; એવો અનુભવ સંસારમાં થતો નથી, તેથી
બાળ વિરોધમાં રહી જાય છે અને ખરું સુખ મળતું નથી,
તેથી ભક્તિમાર્ગ જરૂરી છે.
'મૈં સેવક સચરાચર સ્વામી.
બાળ જગજ્જાત મારા સ્વામી છે
અને હું તેનો દાસ (સત્તા વગરનો)
તેની સેવા માટે જગતમાં આવેલ છું.'

<u>બે રસ્તા</u>

મોક્ષ માટે બે રસ્તા છે: એક પુરૂષ પ્રયત્ન અને બાળની
ભગવદનુગ્રહ. પહેલામાં વિચારની જરૂર છે, બાળમાં
શ્રદ્ધાની જરૂર છે. પહેલો માર્ગ શરૂઆતવાળા માટે છે,
બાળનો અભ્યાસ વધેલા કુશળ પુરૂષ માટે છે.

પહેલાં માગની સાધના મન-ઇંદ્રિયોની મદદથી થાય છે,
જ્ઞાનની સાધના શ્રદ્ધાથી મળતા પ્રભુના અનુગ્રહથી થાય.

જીવના પોતાના પ્રયત્નથી જે પ્રેમ થાય,
તે ઘણી હલકી, વાસનાત્મક અને સમુદ્રમાં બિંદુ જેવી છે.
જીવ જેમ જેમ દૃશ્યવસ્તુઓ ઉપર ઓછો ઓછો આધાર રાખી
પ્રભુ ઉપરની શ્રદ્ધાથી તેનું કરેલું સમજે છે, તેમ તેમ
તેનો પ્રેમ વધારે દૃઢ અને મજબૂત બનતો જાય છે.

## પ્રાર્થનાનું મહત્ત્વ

પ્રાર્થના આપણને સૌને
નમ્ર, સુખમય, પ્રેમમય અને ભગવાનવાળા
બનાવી સદ્ભાવ વધારવા માટે છે.
પ્રભુ એના બદલામાં
જીવને જીવત્વ આપી જીવની શુદ્ધિ કરે છે.

## સહજ ભક્તિ

સહજ ભક્તિ કરવી તે ખરો પુરુષાર્થ છે.
જુદી જુદી જાતના સાધુઓ જુદી જુદી દશામાં રહે છે, તેનું
કારણ તેમને જુદી જુદી રીતે જીવભાવ મારવો પડે છે.
જે જીવ હંમેશા મરે છે, તેમાં ભગવાન પોતાનું સ્વર્ગ,
પોતાનું માન, પોતાનું સુખ અને પોતાનો આનંદ રાખે છે.

સામાન્ય મહારાજની વૃત્તિ વ્યવહારમાં ગુંચવાયેલી રહે છે. તેને દેહ - જાતિ - કુળ - કુટુંબ - દેશ વગેરે અનેક જાતનું અભિમાન હોવાથી પહેલાં ધર્મીનો અધ્યાસ થાય છે એટલે પોતાને અમુક જાતનો, અમુક કુળનો મહારાજ માનવા લાગે છે અને જેવી માન્યતા તેવા ધર્મ ઉત્પન્ન થવા લાગે છે, તેથી ધર્મીના અધ્યાસ પછી ધર્મનો અધ્યાસ ઉત્પન્ન થાય છે. અંધારામાં દોરડીમાં ભ્રાન્તિથી સર્પ જોયો એટલે પછી તે સર્પની બીક પણ શરૂ થાય છે અને વગર કરડ્યે અથવા કલ્પિત કરડ્યે આખું શરીર જાણે ધ્રુજે છે. અજાણ્યા મહારાજ એકબીજાને મળતાં શરૂઆતમાં જ પૂછે છે કે 'તમારે ક્યાં રહેવું? તમારું નામ શું?' વગેરે પ્રશ્ન કરી ધર્મીનો અધ્યાસ કરાવે છે, પછી ધર્મનો અધ્યાસ તરત થઈ જાય છે અને જીવનું મૂળ સ્વરૂપ લક્ષમાં રહેતું નથી.

ધર્મનો અધ્યાસ છોડવો હોય તો
ધર્મીનો અધ્યાસ છોડવો જોઈએ.

ચિત્તમાં અભિમાનરૂપી જે કઠણ ભાગ છે તે વિષયો તરફ વાળવો. વિષયો પોતાને દબાવે નહિ તે માટે શુરવીરતાની જરૂર છે. તેને અંગ્રેજીમાં *Positive* ભાવ કહે છે. 'ચિત્તનો જે ભાગ દ્રવીભૂત થાય તેવો છે તે ભગવાન તરફ વાળવો

સરળ ભગવાન તરફ દીનતા રાખવી. ભગવાનને કહેવું કે 'મારામાં કાંઈ નહિ.' એ Negative ભાવ છે. શરણાગતિ એને જ કહે છે. ભગવાન Positive છે, તેથી તેના પ્રત્યે Negative થવું જોઈએ અને વિષયો Negative છે, કનિષ્ઠ છે, તેથી તેના પ્રત્યે Positive ભાવ રાખવો જોઈએ. તેમ કરવાથી અંદર અને બહાર પ્રકાશનો અનુભવ થશે.

વ્યવહારિક મનુષ્યો વિષયો તરફ દીન રહે અને ભગવાન તરફ શુરવીર રહે છે, તેથી તેમને સત્ય મળતું નથી. ભક્ત શરણાગત હોય, પણ માન કે મોટપ મૂકે નહિ, તો ભગવાન તેનો સ્વીકાર કરતાં નથી, તેથી ભક્તિમાર્ગમાં ઘણી દીનતાની જરૂર રહે છે. હજારોમાં કોઈક જ આ માર્ગે પડે છે અને તેમાંથી કોઈક જ ભક્તિનું ફળ, આત્માનો આનંદ મેળવી શકે છે. જે જીવ જગતમાં ભગવાનનું અનુસંધાન કરી શકે, તેનો ગુણમય સૂક્ષ્મદેહ કોમળ થઈ જાય છે અને દ્રવીભૂત થયેલ ચિત્ત ભગવદ્ આકારે હોય છે, ત્યારે નવા સંસ્કાર હૃદયમાં પડે છે અને તે સંસ્કાર સ્વરૂપપ્રાપ્તિનું સાધન બને છે. જીવ કાયાને કાયાના સંગથી માયાવાળો સૂક્ષ્મદેહ બંધાય છે અને પછી તેના પરમાણુની સત્તાથી છૂટવું અઘરું લાગે છે, તેમ નિષ્કામી આત્માના સંગથી

ચિન્મય સ્વરૂપ અનુભવમાં આવે છે અને તેના જે
સંસ્કાર પડે છે, તે માયાના સંસ્કારને નાશ કરી શકે છે.

તેથી સંગ કરવામાં બહુ ધ્યાન રાખવું જોઈએ.
સંગદોષથી ઉત્પન્ન થયેલ થોડી વાસના પણ
જીવને પોતાનું સ્વરૂપ ભૂલાવી દે છે.
એટલા માટે યોગી પુરુષો એકલા વિચરે છે અને
તેના પ્રભાવે સ્વરૂપમાં સ્થિતિ રાખી શકે છે.
ભગવાનના અનુગ્રહનું તેજ જે જીવને મળે છે,
તેનાં બે પરિણામ આવે છે:
એક તેમાં ભગવાનની મોટાઈ જણાય છે,
બીજું તેમાં જીવની હલકાઈ જણાય છે.

o સાપેક્ષવાદની શોધથી એમ સિદ્ધ થયું છે કે જગતમાં આનંદ, દુઃખ વગેરે જે અનુભવમાં આવે છે, તેનું કારણ જગતનો સ્વભાવ નહિ પણ જોનારની અપૂર્ણ સ્થિતિ એટલે જોનારના અહંકારથી ઉત્પન્ન થતી ખોટી દૃષ્ટિ છે.

o જ્યાં મોટા મકાન હોય પણ એક પ્રભુ ભાવી પુરુષ ન હોય, તે મોટું શહેર કહી શકાય નહિ. જ્યાં એક પ્રભુ ભાવી કે નિઃસ્વાર્થ પુરુષ ઝૂંપડામાં પણ રહેતા હોય તો તે મોટું શહેર છે, કારણકે ત્યાં વિશ્વ મળી શકે છે.

# ભક્તિનું સ્વરૂપ અને સાધન

જેમનું હૃદય ભગવાનનું નામ સાંભળતાં, તેના ગુણ ગાતાં દ્રવીભૂત થઈ જાય છે, જેમનામાં ભગવદ્ આકારે જે અવિચ્છિન્ન વૃત્તિ ઉત્પન્ન થાય છે તેને 'ભક્તિ' કહે છે. ભગવાનના ગુણનું વર્ણન જે ગ્રંથમાં હોય તેનું શ્રવણ કરવું એ ભક્તિનું સાધન છે. ભગવાનને માટે પ્રેમ વધારવો અને તેનો સાચો પ્રેમ મેળવવો એ પણ ભક્તિનું સાધન છે. ભક્તિમાં પ્રાણીમાત્રનો અધિકાર છે.

દાન, તપ, સુકૃત વગેરે
ભક્તિનાં અને જ્ઞાનનાં બંનેના સાધન છે.
ભક્તિમાં પૂર્ણ સ્થિતિને 'સ્થાયીભાવ' કહે છે.
જ્ઞાનમાં પૂર્ણ સ્થિતિને 'નિષ્ઠા' કહે છે. બંનેનો અર્થ એક છે.
એ દશામાં રસની નિષ્પત્તિ છે. ભગવાન રસરૂપ છે.
તેના સ્વરૂપમાં મનની અવિચ્છિન્ન ગતિ
બની રહે ત્યારે પરમાનંદ મળે છે.

જેમનામાં બુદ્ધિ વિશેષ હોય છે, જેઓ તત્ત્વનો ઉહાપોહ સારી રીતે કરી શકે છે અને જે અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર કરી નિશ્ચિંત થઈ જાય છે, તેમનું સાધન બ્રહ્મવિદ્યા છે. બ્રહ્મવિદ્યાના ૮ સાધન છે: વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ,

મુમુક્ષુતા, શ્રવણ, મનન, નિદિધ્યાસના અને પદાર્થ શોધન. સર્વ અનર્થનું મૂળ અજ્ઞાન અને તેથી તેની નિવૃત્તિ કરવા એ બ્રહ્મવિદ્યાનું સાધન છે. બ્રહ્મવિદ્યામાં ઉપર કહેલા ચાર સાધનવાળાનો અધિકાર છે. જીવજગત-ભગવાન ભિન્ન નથી છતાં તેમને ભિન્ન જોવા એ ચિત્તવૃત્તિનું મુખ્ય કારણ છે. તેમને અખંડ આનંદ આકારે ન જાણવા એ આવરણ છે. સ્ત્રી-પુત્ર વગેરેમાં જે સુખ મળે છે, તે અવચ્છિન્ન ચૈતન્યનું સુખ હોવાથી તેમાંથી આવરણ અને વિક્ષેપ ઉત્પન્ન થાય છે અને દેહાભિમાન વધે છે.

ભગવાનનું ચૈતન્ય અવચ્છિન્ન નથી,
તેથી જો વૃત્તિ ભગવદ્ આકારે થાય તો
આવરણ ભંગ થતાં
પૂર્ણ ચૈતન્યનો આનંદ મળે છે.
જે જડ પ્રકૃતિમાં રહી
પ્રકૃતિના ધર્મો પોતાના માની રહેલ છે,
તે બધા જડ પ્રકૃતિરૂપ, સ્ત્રીરૂપ, ગોપીરૂપ છે.
જે મનુષ્ય પરતંત્ર છે તે સ્ત્રી છે, તે અબળા છે.
હિંદી અને અંગ્રેજી ભાષામાં
આત્માને નારી જાતિમાં સંબોધે છે.

મુસલમાની ધર્મમાં ભગવાનને સ્ત્રરૂપે માની ભક્તિ કરવાનું કહેલ છે. ત્યાં દિવ્યપ્રેમને શરાબના નશાનું રૂપ આપેલ છે. એ રીતે ભક્તિમાર્ગનો સમન્વય થઈ શકે છે.
મૂર્તિપૂજામાં જેની મૂર્તિ હોય તેની પૂજા થાય છે.
આકાશનો ગુણ શબ્દ હોવાથી
આકાશ માટે શંખ, વાયુ માટે ચામર,
તેજ માટે દીપક, જલ માટે સ્નાન અને
પૃથ્વીની જગ્યાએ પુષ્પાદિ ચઢાવવામાં આવે છે.
એ રીતે પંચમહાભૂત
સગુણની પૂજાના ઉપયોગમાં લેવાય છે.
પછી પ્રાણપ્રતિષ્ઠા કરેલ મૂર્તિનું તેજ
આરતીના તેજની અંદર આવે છે અને
આરતીનું તેજ આપણી તરફ લઈએ,
ત્યારે ભગવાનનું તેજ આપણને મળે છે.
o પરબુદ્ધિ છોડવા માટે જે સેવા થાય તે ખરી સેવા છે.
શુદ્ધ પ્રેમનું પર્યવસાન અદ્વૈતમાં જ થાય છે.
પ્રેમ પીનારા પ્રભુ અને તેના જ્ઞાનથી
દ્વૈતભાવ કદાપિ સહન કરી શકતા નથી.
o સમાજસેવા એ ખરી રીતે પરોપકાર નથી.

કોઈ ગરીબ મહારાજની કન્યાને કોઈ અન્ન-વસ્ત્ર આપે તો વ્યવહાર દૃષ્ટિએ તે પરોપકાર મનાય છે, પણ જો તે કન્યા સાથે પ્રારબ્ધ યોગે વિવાહ થાય તો તે પછી તેને માટે જે ખર્ચ કરવામાં આવે, તે પરોપકાર મનાતો નથી કારણકે તે વખતે પરબુદ્ધિ હોતી નથી. તેવી જ રીતે આત્મભાવે જોતાં આખું જગત આપણું કુટુંબ જ છે. ખરા સુધારકો આત્માના સુધારક હોય છે, માયાના નહિ.

દેહાભિમાન એક બંધન છે,

તેમ સામાજિક અભિમાન પણ બંધન છે.

o Birth and death do not occur in company.

o ૧૦ ફકીર એક ધાબળા નીચે સૂઈ શકશે પણ જો રાજાને એક જ વખતે આખી પૃથ્વી પૂરી થતી નથી. દીનતા ટાળવાનો ઉપાય એક જ છે અને તે એ કે 'પોતાની લાયકાતના પ્રમાણમાં પોતાને વધારે લાભ મળે છે' એમ સમજવું. જે પોતાની નાલાયકતા સમજે છે, તે કદાપિ હૃદયની શાંતિ ગુમાવતો નથી. જે પોતાને અપૂર્ણ સમજતો હોય છે, તે દુઃખ સહન કરવામાં કંટાળતો નથી અને તે જ તેનું મોટું તપ છે. જે હંમેશા પોતાની ગુરુતામાં ઉભરાઈ રહે છે,

તેને ભગવાન પોતાના સ્વભાવથી ભરી-ભરી દે છે.
શાંતિ, આરામ અને પ્રેમ આપી તેનો ઉદ્ધાર કરે છે.

## એકાંત

અંદરની શાંતિ માટે બહારના એકાન્તની જરૂર છે. બહારના એકાન્તથી અંદરનું એકાંત મળે છે. અંદરનું એકાન્ત બધા જીવને ભૂલવામાં, બધાં કર્મ, ઇચ્છા, વિચાર, વાસનાને છોડવામાં રહેલું છે. આ જ ખરું એકાંત છે જેમાં જીવ અંદરના સમભાવથી, મધુરતાથી, પરમ કલ્યાણને રસ્તે ચડે છે.

આવા ભગવદીય એકાંત જેનામાં આવ્યા હોય,
તે જીવને રહેવા માટે અનંત જગ્યા મળે છે.
જે ખરો એકાંતવાસી હોય છે,
તે શુભ જીવને
અંદરની કેટલી બધી ગુપ્ત અને વિશાળ જગ્યા મળે છે!
ત્યાં ભગવાન વાતચીત કરે છે,
જીવ સાથે સંગ કરે છે,
પોતે તેને પોતાથી ભરે છે, કારણકે જીવ ખાલી છે.
અને તેજથી-પ્રેમથી તેને ઢાંકે છે, કારણકે જીવ નાગો છે.
તેનો ફેરફાર કરી તેને પોતાની સાથે એક કરે છે,
કારણકે તે એકલો છે.

માત્ર દૃશ્ય પદાર્થ ઉપર ઈચ્છા - વાસના રાખવાથી
આવો મહાન લાભ જીવને મળતો નથી.

'તારા કર્તાને તારામાંનું સોંપ'.

જેમ જેમ જીવભાવ છૂટતો જાય છે, તેમ તેમ અંદરના એકાંતનો રસ્તો ખુલે છે અને તે ભગવાનથી ભરાય છે. જેમ જેમ તે એકાંતવાસી બની ખાલી થાય, તેમ તેમ ભગવાનનો આત્મા તે જગ્યાની અંદર ભરાય છે. એકાંત વગરનું જીવન સુખી જીવન નથી. આ સુખી જીવનમાં ભગવાન ભક્તને વશ થાય છે. બંને વચ્ચે પ્રેમ જાગે છે. આવું સત્ય, આંતરિક સુખ ભોગવી શકે એવા સાધક કેટલા થોડા છે! ઘણા માણસ ઘણી વસ્તુઓ છોડી શકે છે,
પણ પોતાની ઇચ્છા, પોતાને છોડતા નથી.

ખરા એકાંતી જીવ બહુ થોડા છે.
જેઓ પોતાની સાથે યુદ્ધ કરી શકે છે,
તેઓ જ સ્વર્ગનું રાજ્ય જીતી શકે છે.
જેઓ ભગવાનનો શબ્દ આધ્યાત્મિક રીતે વાપરે છે,
તે સાંભળનારના હૃદયને અસર કરે છે,
પણ જેઓ ભાવ વગર ઉપદેશ આપે છે,
તેનો શબ્દ માત્ર સાંભળનારના કાન સુધી જ પહોંચે છે.
ગુરુતા ઉપદેશમાં નથી, ક્રિયામાં છે.

જે મનુષ્ય ઝાઝું સત્ય જાણે છે તે નહિ, પણ જે ઝાઝું ક્રિયામાં લાવે છે તે ડાહ્યો છે. પવિત્રતા ભગવાનના ગુણ વિષે મોટી મોટી દલીલો કરવામાં નહિ પણ ભગવાન ઉપર પ્રેમ રાખવામાં અને પોતાને ભૂલવામાં રહેલી છે.

વિદ્વાનોએ પોતાના જ્ઞાનની બહુ કીંમત આંકવી ન જોઈએ. જાણે કે પોતે ભણ્યા જ ન હોય તેમ ભણેલું ભૂલી જવું જોઈએ. કોઈ વખતે માત્ર વ્યાખ્યાન માટે અને જરૂર પડતી ચર્ચા વખતે તેનો ઉપયોગ કરવો જોઈએ, ત્યાર પછી નામ અને રૂપ વગરના ભગવાન તરફ સરળ અને શુદ્ધ ધ્યાનમાં મન જોડવું જોઈએ. 'જે મનુષ્ય પોતાને ખોવાનું શીખતો નથી, તે પૂરેપૂરો ફરી જન્મતો નથી. તેને સત્ય અને આત્માનું તેજ કદી મળી શકશે નહિ.' 'હલકામાં હલકું પણ પોતે જાણે છે તેના કરતા વધારે છે અને તેને પણ પોતે જાણતો નથી.'

જીવભાવનો પૂર્ણનાશ કરવો હોય તો જીવ અહંકાર, ઇચ્છા, પ્રયત્ન, બુદ્ધિ ને વિચારરહિત કરવો જોઈએ.

તેનામાં ઇચ્છા વગરની ઇચ્છા,

સમજ વગરની સમજ,

વિચાર વિનાનો વિચાર થવો જોઈએ.

કોઈ સાથમાં આસક્તિ ન જોઈએ.
માનાપમાન અને લાભાલાભ સમાન ગણવા જોઈએ.
આવો જીવ પોતામાં રહેતો નહિ પણ ભગવાનમાં રહે છે.
તે પરિવર્તન પામેલા આત્મા એટલે દેવ.
મનની ઉંચી દશાએ પહોંચવાનો અને
પૂર્ણ શાંતિ ભોગવવાનો રસ્તો શુન્યતાનો છે.
'હે જીવ! તું તને તુચ્છ માની હટાઈ મર?
આવા શુન્ય અને તુચ્છભાવથી
ભગવાન જીવની અંદર આશ્ચર્યકારક કામ કરે છે.
'તને તુચ્છભાવથી શણગાર.
આ જ તારી જરૂરત અને નિવાસ સ્થાન છે એમ સમજ.
તેમાં જોવાઈ જા.
તે દશામાં ભગવાન તારું સર્વસ્વ હશે.'
પોતાનો જીવભાવ ત્યાગ કરવામાં અને
પોતાને શુન્ય માનવામાં ભગવાન પ્રગટ થાય છે.
જેટલે વખત આપણે આપણો શુન્યભાવ ન રાખીએ,
તેટલે વખત આપણે આપણને શોધીએ છીએ.
તેથી શાંતિ અને પૂર્ણ અંતર્નાદ કદી મળતું નથી.
'તારું માન અને આબરૂ મૂકી દે અને નમ્ર થા.

તારા વર્તમાન સ્વભાવ તરફ તિરસ્કાર રાખ.
એ શૂન્યભાવમાં તને મજબૂત ટેકો મળશે.
તે કિલ્લામાં તને કોણ દુઃખ આપી શકે?'
તે ભવ્ય હંમેશા શાંત રહે છે,
જે દરેક દુઃખ શાંતિથી ભોગવે છે.
પોતે જેટલા દુઃખને લાયક હોય,
તેનાથી ઓછું દુઃખ મળે છે એટલું સમજે છે.
પોતાની આસક્તિમાંથી પોતાને છુટો કરે છે,
તેથી તે ઘણા સદ્ગુણોનો માલિક બને છે.
'એક વખત શૂન્યના પ્રદેશમાં નિવાસ કર,
તો તને કીંમતી ખજાનો હાથ લાગશે.
એક વખત શૂન્યના કેન્દ્રમાં દાખલ થા,
તો બધા ઉપાધિરહિત થઈશ અને
અંદરની ફરજ સદા કરવા તત્પર રહીશ.'
શૂન્યતામાં જ પૂર્ણ સામ્રાજ્ય રહેલું છે.
તેનાથી જ મોત જીતાય છે. અદીઠો દુશ્મન નાશ પામે છે.
શૂન્યતામાં સ્થિતિ કરવાથી
ભગવાન સિવાય તારી અંદર કોઈ દાખલ થઈ શકશે નહિ.
માભક્તી જાગે છે ત્યારે જ તેજ આવે છે.

તેવી જ રીતે પ્રેમનો અગ્નિ જીવમાત્ર જાગે છે અને
તે ભાવ જાગવાથી જ શાંતરૂપી તેજ ઉત્પન્ન થાય છે.

'કોઈ વસ્તુનો વિચાર કર નહિ,
કોઈ વસ્તુની ઈચ્છા કર નહિ,
કોઈ વસ્તુને માટે પ્રયત્ન કર નહિ,
ત્યારે જ તારો આત્મા
આરામ-શાંતિ-આનંદમાં રહી શકશે.'

ભગવાન આપણને નિરાશ કરતાં નથી.
ઊલટું આપણે બાહ્ય વાતોમાં રસ લઈને એટલે કે
બાહ્ય વાતોમાં તેનો આધાર ભૂલીને
તેને નિરાશ કરીએ છીએ.

શરૂઆતની ભક્તિમાં તો જાણે કે કૂવામાંથી પાણી કાઢવાની માફક જીવનો પુરુષાર્થ જરૂરનો છે. પછી પવનચક્કીથી પાણી કાઢવા જેવું થાય છે એટલે જીવના પુરુષાર્થની સાથે બાહ્ય મદદ મળે છે. તે પછી તળાવમાં વહેતો ઝરો હોય અને ચાલુ પાણી મળ્યા કરે તેમાં પણ જીવનો થોડો પુરુષાર્થ રહે છે. ઈશ્વરની ભક્તિમાં વાદળમાંથી જેમ વરસાદ આવે અને પાણી માટે જીવને કાંઈ કરવું પડતું નથી તેમ જીવની માંગણી વગર ભગવાનનો અનુગ્રહ મળે છે.

શરૂઆતથી જ એમ માનવું જોઈએ કે 'બધું ભગવાન
કરી આપશે' એવી ભાવનામાં પ્રગતિ વધી જાય છે. માત્ર
છેલ્લા ભક્તિકાળે ભગવાન તેનું બધું જીવન સંભાળી લે છે.

ભક્ત તુકારામ અને નામદેવને પણ
શરૂઆતમાં ઘણા શંકાઓ થઈ હતી, નબળાઈ લાગી હતી,
દુઃખ અને ચિન્તા ભોગવવા પડ્યા હતા.

ભાગવતધર્મ લૌકિક નીતિથી આગળ વધવાનો માર્ગ છે.
લૌકિક નીતિ પ્રમાણે પરસ્ત્રી માતા સમાન છે.
ભાગવત ધર્મ પ્રમાણે સ્વસ્ત્રી પણ માતાની સમાન છે.
પરબુદ્ધિ રાખી પરોપકાર થાય તેનું ફળ પુન્ય-સ્વર્ગ છે.
પરબુદ્ધિ રાખ્યા વગર જે કર્મ થાય છે, તે નિષ્કામ છે.
તેનું ફળ આત્મજ્ઞાનમાં, નિષ્ઠામાં આવે છે.

0 બુદ્ધિ જગત તરફ વળવાનું કરે છે,
અને શ્રદ્ધા ભગવાન તરફ વળવાનું કરે છે,
તેથી અંતઃકરણમાં ખરી શાંતિ ઉત્પન્ન થતી નથી.

ભગવાન કોઈ પ્રસંગે વિઘ્ન નાંખી,
કોઈવાર સાધુઓ અને પવિત્ર પુરૂષો દ્વારા ઉપદેશ આપી,
કોઈવાર પુસ્તક દ્વારા સારૂં વાક્ય નજરે પાડી
ગુપ્ત રીતે કોઈને કોઈ પ્રકારે મદદ આપ્યા જ કરે છે.

ભગવાનની જેમ ઈચ્છા હોય અને શાસ્ત્રમાં જે પ્રમાણે
આજ્ઞા કરી હોય તેમ રહેવાની ટેવ પાડવી જોઈએ. તે માટે
જેટલું યત્ન કરવું પડે તેટલું યત્ન કરવા તૈયાર રહેવું.

ભગવાન આકરાં વિઘ્ન મોકલે છે અને
પોતાની કૃપાથી તેને દૂર પણ કરી દે છે.

Spiritual marriage એટલે
કાંઈક સ્થિતિ બંધાતી હોય એવી અજાતીય ભગવાનો પ્રવાહ.

જે મનુષ્ય ભગવાન પાસે કાંઈ માગતો નથી,
તે ભગવાનને બહુ પ્રિય લાગે છે.

આપણા પુરુષાર્થથી જે ફળ મળે છે,
તે કરતાં ભગવાનના અનુગ્રહથી વધારે ફળ મળે છે.
માળા ફરતે જે જે વિચારો આવે, તે બધા ઈશ્વરે
મોકલેલા આશ્કારાઓ અથવા તો ભયબેરવો સમજવા.

ભગવાનના અનુગ્રહથી હૃદય દ્રવીભૂત થાય છે, કકળાતા
નરમ પડે છે, અંદર ઠંડક ઉપજે છે, નવા સુગંધ આવે છે,
વધારે શરણાગતિ રાખવાનું મન થાય છે. હૃદયની મૃદુભાવ
ભગવાન તરફ અને કરૂણા ભાગ વિષયો તરફ રાખવી.

ખરા ભક્તો પ્રભુ પાસે એવું માંગે કે 'કાં તો જગત ભૂલવાની
શક્તિ આ જગત તમારૂં સ્વરૂપ લાગે એવા દૃષ્ટિ આપો.'

वपनं धर्मबीजस्य सत्प्रशंसादि तद्गतम् ।
तच्चिन्ताद्यंकुरादि स्यात् फलसिद्धिस्तु निर्वृत्तिः ॥१॥
(परिशिष्ट-११)

चिन्तासच्छ्रुत्यनुष्ठानादेव मानुषे संपदः ।
क्रमेणांकुरसत्कांडनालपुष्पसमाः स्मृताः ॥२॥
(परिशिष्ट-१२)

मग्गो अविप्पणासो आयारो विणयया सहायत्तं ।
पंचविह नमोक्कारं करेमि एएहिं हेऊहिं ॥३॥
(परिशिष्ट-१३)

जे वांचनथी चित्तना संकल्पो ओछा थाय,
ते वांचन हितकारक छे.

o खरा प्रेमनी शोध ए खरी रीते आत्मानी शोध छे, परमात्मानी शोध छे. वैराग्यवाळाने संसार खारो लागतो नथी पण परमात्मा सुंदर अने सुखरूप लागे छे.

o दुर्गुणी तरफ तिरस्कार उत्पन्न थवो जोईए,
दुर्गुण तरफ नहि.

o आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः । ऋग्वेद

Let all noble thoughts Come to us from every direction. - Rigveda 1/89.i

# આત્માની ૪૭ શક્તિઓનાં નામ

આત્માના એક જ્ઞાન માત્ર ભાવમાં અનંત શક્તિઓ રહેલી છે, માટે જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં રહેલી તે શક્તિઓમાંથી કેટલીક શક્તિઓનાં નામ અહીં ગણાવવામાં આવે છે:

(૧) પ્રભુત્વ શક્તિ: સ્વતંત્ર - સ્વાધીન શક્તિ.
(૨) જ્ઞાન શક્તિ: જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.
(૩) વિરુદ્ધ ધર્મત્વ શક્તિ: તત્- અતત્મયપણું.
(૪) કર્તૃ શક્તિ: થવાના સાધક તમપણામયી શક્તિ.
(૫) સુખ શક્તિ: અનાકુળતા લક્ષણ સ્વરૂપ શક્તિ.
(૬) અતત્ત્વ શક્તિ: જીવ ચેતન જડરૂપ થતો નથી.
(૭) ભાવત્વ શક્તિ: ભાવઅવસ્થા ધારણ કરવાની શક્તિ.
(૮) સર્વદર્શિત્વ શક્તિ: સામાન્ય ધર્મોને જોવાની શક્તિ.
(૯) સર્વજ્ઞત્વ શક્તિ: વિશેષ ધર્મોને જાણવાની શક્તિ.
(૧૦) ભાવાભાવ શક્તિ: વર્તતા પરિણામના વ્યયરૂપ શક્તિ.
(૧૧) ભાવાભાવ શક્તિ: વર્તતા પર્યાયના ભવનરૂપ શક્તિ.
(૧૨) પ્રકાશ શક્તિ: સ્વસંવેદનમયી - સ્વાનુભવમયી શક્તિ.
(૧૩) અજડત્વ સ્વરૂપ શક્તિ: અજડત્વ-ચેતનત્વ-ચિતિશક્તિ.
(૧૪) દૃશિ શક્તિ: સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી શક્તિ.

(૧૫) વીર્ય શક્તિ: આત્મસ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ.
(૧૬) સ્વચ્છત્વ શક્તિ: જેનાથી લોકાલોક પ્રતિબિંબિત થાય.
(૧૭) અસંકુચિત વિકસત્વ શક્તિ: ક્ષેત્ર-કાળથી અમર્યાદિત.
(૧૮) ત્યાગોપાદાન શૂન્યત્વ શક્તિ: વધ-ઘટ નહિ થવારૂપ.
(૧૯) અકર્તૃત્વ શક્તિ: જ્ઞાતૃત્વ માત્ર પરિણમન સ્વરૂપ.
(૨૦) અભોક્તૃત્વ શક્તિ: જ્ઞાતૃત્વમાત્ર અનુભવન સ્વરૂપ.
(૨૧) નિષ્ક્રિયત્વ શક્તિ: આત્મપ્રદેશોની નિષ્પંદતા-અકંપતા.
(૨૨) અભાવ ભાવ શક્તિ: નહિ વર્તતા પર્યાયના ઉદયરૂપ.
(૨૩) કર્મ શક્તિ: પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ.
(૨૪) કર્તૃત્વ શક્તિ: થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ.
(૨૫) અસ્તિત્વ શક્તિ: સદૃશવિસદૃશ સ્વરૂપ પરિણમન.
(૨૬) અમૂર્તત્વ શક્તિ: વર્ણાદિશૂન્ય સહજ આત્મપ્રદેશ સ્વરૂપ.
(૨૭) નિયત પ્રદેશત્વ શક્તિ: લોકપરિમાણ અસંખ્ય પ્રદેશાત્મક.
(૨૮) વિભુત્વ શક્તિ: સર્વભાવોમાં વ્યાપક
એવા એક જ્ઞાન ભાવરૂપ શક્તિ.
(૨૯) અકાર્ય-કારણત્વ શક્તિ: અન્યનું કારણ
અથવા અન્યનું કાર્ય ન હોવું તે.
(૩૦) પરિણામ્ય-પરિણામકત્વ શક્તિ: સ્વપરના જ્ઞાતા
અને સ્વપરનું જ્ઞેય થવાનો આત્માનો સ્વભાવ.

(૩૧) અગુરુલઘુત્વ શક્તિ : ષટ્‌સ્થાન પતિત વસ્તુ સ્વભાવની વૃદ્ધિ-હાનિ થવારૂપ અને સ્વરૂપમાં ટકવારૂપ.

(૩૨) ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ :
ક્રમ વૃત્તિ - અક્રમ વૃત્તિરૂપ વર્તના.

(૩૩) અનંત ધર્મત્વ શક્તિ : પરસ્પર ભિન્ન લક્ષણોવાળા
અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ.

(૩૪) તત્ત્વ શક્તિ : તદ્‌રૂપ ભવનરૂપ પરિણમનરૂપ,
જેથી ચેતન ચેતનપણે રહે - પરિણમે તે.

(૩૫) એકત્વ શક્તિ : અનેક પર્યાયોમાં
વ્યાપક એવા એક દ્રવ્યમયપણારૂપ.

(૩૬) અનેકત્વ શક્તિ : એક દ્રવ્યથી
વ્યાપ્ય અનેક પર્યાયો તે મયરૂપ.

(૩૭) ભાવ શક્તિ : વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ આ
અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવા પણારૂપ.

(૩૮) અભાવ શક્તિ : અમુક અવસ્થા જેમાં
અવિદ્યમાન હોય એવા પણારૂપ અભાવ શક્તિ.

(૩૯) અભાવાભાવ શક્તિ : નહિ વર્તતા પર્યાયરૂપે
નહિ વર્તવારૂપ શક્તિ.

(૪૦) ભવન માત્રમયી ભાવ શક્તિ : કારકાદિરહિત હોવા-
થવા માત્રમયી.

(૪૧) ક્રિયા શક્તિ : કારકાનુસાર
થવાપણારૂપ - પરિણમવાપણારૂપ.

(૪૨) અપાદાન શક્તિ : ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવનો
અપાય થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી.

(૪૩) અધિકરણ શક્તિ : ભાવવામાં
આવતા ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.

(૪૪) સર્વધર્મ વ્યાપકત્વ શક્તિ : સર્વ શરીરોમાં
એક સ્વરૂપાત્મક શરીરના ધર્મરૂપ ન થતાં
પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ.

(૪૫) સાધારણ-અસાધારણ અથવા ઉભય ધર્મત્વ શક્તિ :
સ્વ-પરના સમાન - અસમાન - સમાનાસમાન
ભાવોના ધારણ સ્વરૂપ શક્તિ.

(૪૬) સંપ્રદાન શક્તિ : પોતાથી દેવામાં આવતો જે ભાવ
તેના ઉપેયપણામય,
મેળવવાના યોગ્યપણામય, લેવાના પાત્રપણામય શક્તિ.

(૪૭) સંબંધશક્તિ કે સ્વભાવ માત્ર સ્વસ્વામિત્વમયી
સંબંધશક્તિ : પોતાના ભાવનો સ્વામી એવા સંબંધમયી
સંબંધશક્તિ - ઇત્યાદિક અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે,
તો પણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી.

o પહેલાંના વખતમાં ધર્મ કરતા હતાં વધારે
અને કહેતા હતાં ઓછી.
આજના વખતમાં ધર્મ કહેવાય છે વધારે
અને કરાય છે ઓછો.
સાચો ધર્મ પામેલાં ધર્મ કહે છે ક્વચિત્, કરે છે નિત્ય.
ધર્મની કીંમત ધન જેટલી - ધનથી અધિક,
પ્રભુ જેટલી - પ્રભુથી અધિક,
પરલોક જેટલી - પરલોકથી અધિક
કે પછી મોક્ષ જેટલી - મોક્ષથી અધિક છે?
ગૌતમ = 'નમો'! તેઓ નમ્રતા - વિનયનું સ્વરૂપ છે.
મહાવીર = 'અરિહંતાણં.' પરોપકાર - વિવેકનું સ્વરૂપ છે.
ધર્મ એટલે જગજીવો પ્રત્યે સદ્ભાવ ભર્યો વ્યવહાર.
ગુણી પ્રત્યે પ્રમોદ, દુ:ખી પ્રત્યે કરુણા,
પાપી પ્રત્યે મધ્યસ્થ, સુખી પ્રત્યે મૈત્રીભાવ
તથા સર્વ પ્રાણી પ્રત્યે મન-વચન-કર્મથી
આત્મતુલ્ય વ્યવહાર જે કરવા કહે તેનું નામ 'ધર્મ' છે.
એ ધર્મની આડે આવનાર અસંયમ, વિષય, કષાય, અશ્રદ્ધા
અને મિથ્યાત્વ ત્યાજ્ય છે. સમ્યક્ત્વ, શ્રદ્ધા, અકષાય,
અવિષય અને વૈરાગ્ય આદિ ઉપાદેય છે.

નમસ્કાર મહામંત્ર પદ ૐ ૨૦૧૨, આસો સુદ-૧૫

ગણજો મંત્ર ભલો નવકાર, એહની સિદ્ધિનો નહિ પાર
એના સમરણથી સુખ થાય, એના ગણવાથી દુઃખ જાય-૧
સુખમાં ગણજો દુઃખમાં ગણજો, મરતાં પ્રેમથી સુણજો...
ત્રિકરણ યોગે સદા એ ગણજો, અવિચળ સુખડા વરજો-૨
દેવો ગણતા, દાનવ ગણતા, ગણતા રંક ને રાય...
જોગી-ભોગી ધ્યાને સમરી, મુક્તિપુરીમાં જાય -૩
મહિમાવંતો જગ જયવંતો, મંગળનો કરનાર...
શાશ્વતવંતો ધર્મ ધુરંતો, દેવ ગતિ દાતાર -૪
મંત્ર શિરોમણિ ભવથી ગણતા, કેઈ તર્યા નરનાર...
મરણાંતે તિર્યંચો સુણતા, વર્યા દેવ અવતાર -૫
અડસઠ અક્ષર ધ્યાને સમરી, સંપદ આઠ વિચાર...
નવપદ એના હૃદયે ધારી, શિવસુખનો આધાર -૬
સર્વ અક્ષર દીઠ મહિમાવંતા, સંકટ સહુ હરનાર...
પંચ પરમેષ્ઠિ ભાવે નમતા, ઉતારે ભવપાર -૭
નવકાર કેરો અર્થ અનંતો, શ્રી અરિહાએ ભાખ્યો...
ચૌદપૂર્વના સારસ્વરૂપે, સૂત્ર શિરોમણિ દાખ્યો-૮
ભણતા ગણતા નિર્જરા થાવે, પાપપડલ દૂર જાવે...
આત્મા અરિહા સમીપે આવે, અક્ષયપદને પાવે -૯

## શ્રી અનંત જિન સ્તવન

જ્ઞાન અનંતુ તાહરે રે, દરિશન તાહરે અનંત,
સુખ અનંતાનંદ આતિમા રે, વીર્ય પણ ઉલસ્યું અનંત,
અનંત જિન આપજો રે, મુજ શક્તિ અનંતા ચાર,
મુજને નહીં અવર શું પ્યાર, તુજને આપતા શી વાર?
ખોટ છે તુજ ઘરનો ભાર,
અનંત જિન આપજો રે... ...(૧)
આપ ખજાનો ન ખોલવો રે, નહીં મેળવવાની ચિન્તા,
મારે પોતે છે સર્વેરે, પણ વચ્ચે આવરણની ભીંત ...(૨)
તપ જપ કીરિયા મોઘરે રે, ભાંજ પણ ભાગી ન જાય,
એક તુજ આણા ભટે થકે રે, ટેભામાં પરઠી થાય ...(૩)
માત લહ્યા મરૂદેવાને રે, જિન ઋષભને રૂલામાં દીધ,
આપ પીરાઈં વિચારતાં રે, ઈમ કીમ વીતરાગતા સિદ્ધ?...(૪)
પરાયું
તે માટે તેરા આશીયા રે, તુજ પ્રાર્થના જે કોઈ ભવેકુ,
તેહને આપો આજ્ઞા રે, તિહાં ન ઘટે કરાવવા ટેક ...(૫)
તેહને તેહનું આપવું રે, તિહાં શ્યો ઉપજે છે ખેદ?
પ્રાર્થના કરતાં તાહરે રે, પ્રભુતાઈનો પણ નહિ છેદ ...(૬)
પામ્યા-પામે-પામશે રે, જ્ઞાનાદિ જેહ અનંત,
તે તુજ આજ્ઞાથી સર્વેરે, કહે માનવિજય ઉલસંત ...(૭)

## આનંદઘનજીનું પદ

નિશાની કહાં બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ.
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસે ન સિદ્ધ અનુપ ...(૧)

સિદ્ધ સનાતન જો કહું રે,
બંધ ન મોક્ષ વિચાર,
ન ઘટે સંસારી દશા પ્યારે,
પુન્ય-પાપ અવતાર. ...નિશાની(૨)

શુદ્ધ સનાતન જો કહું તો,
ઉપજે વણસે કૌણ,
ઉપજે વણસે જો કહું પ્યારે,
નિત્ય અબાધિત ગૌણ. ...નિશાની(૩)

સર્વાંગી સબ નય ધણી,
માને સબ પરમાણ,
નયવાદિ પલ્લવો ગ્રહી પ્યારે,
કરે લડાઈ ઠાણ. ...નિશાની(૪)

અગમ અગોચર વસ્તુ ટેરે,
જાણવું યે હિ ઈલાજ,
કહન સુનન કોં કછુ નહિ પ્યારે,
આનંદઘન મહારાજ. ...નિશાની(૫)

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

શ્રી પારસજિન પ્રગટ પ્રભાવા,
તુજ મૂરતી મુજ મન ભાવા.
મનમોહના જિનરાયા,
સુર નર કિન્નર ગુણ ગાયા રે.
જે દિનથી મૂરતી દીઠી, તે દિનથી આપદ નીઠી રે...(૧)
મટકાળું મુખ સુપ્રસન્ન,
દેખત રીઝે ભવિ મન્ન,
સમતા રસ કેરાં કચોળાં, નયણાં દીઠે રંગરોળા ...(૨)
હાથે ન ધરે હથિયાર,
નહિં જપમાળાનો પ્રચાર,
ઉત્સંગે ન ધરે વામા, તેહથી ઉપજે સવિ કામા...(૩)
ન કરે ગીત નૃત્યના ચાળા,
એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા,
ન બજાવે આપે વાજા, ન ધરે વસ્ત્ર જરણ સાજા ...(૪)
ઇમ મૂરતિ તુજ નિરૂપાધિ,
વીતરાગપણે કરી સાધી,
કહે માનવિજય ઉવજ્ઝાયા,
મેં અવલંબ્યા તુજ પાયા રે. ...(૫)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૬૨)**
કાનના પડદાને સ્પર્શ થાય તો **શબ્દ** સંભળાય છે અને **રૂપ** સ્પર્શ્યા વિના પણ જોવાય છે. **ગંધ, રસ** અને **સ્પર્શ** જોડાય અને સ્પર્શાય તો જ જણાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૬૪)**
જે મહાત્મા તપ-સંયમમાં ઉદ્યમિત છે તે મહાત્મા ચૈત્ય-કુલ-ગણ-સંઘ-આચાર્ય-પ્રવચન-શ્રુત, આ સર્વ સંબંધિત (વૈયાવચ્ચાદિ) કાર્યોમાં ઉદ્યમિત છે. ચંદ્ર વગેરે ગ્રહોની પ્રભા (પ્રકાશ) મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે, જ્યારે કેવલજ્ઞાનની પ્રભા લોકાલોકને પ્રકાશિત કરે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૦૪)**
અર્થ = શબ્દ અને શબ્દથી વાચ્ય એવા અભિધેયનો વ્યવસાય.
આલંબન = બાહ્ય જિનપ્રતિમાદિ સંબંધિ ધ્યાન.
નિરાલંબન = રૂપિદ્રવ્યના આલંબન વિના નિર્વિકલ્પજ્ઞાનધારા સ્વરૂપ સમાધિ યોગ.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૧૧)**
હે ધનંજય અર્જુન! સંગને છોડીને સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન થઈને યોગસ્થ થયેલ તું કર્મો કર, કારણકે સમત્વને જ યોગ કહેવાય છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૩૦)**
એક જ સમયે વિવિધ વસ્તુ કે વ્યક્તિમાં રહેલો અન્વયને(આ ઘટ છે, આ ઘટ છે...) તિર્યક્ સામાન્ય અને અલગ-અલગ કાળે એક જ વસ્તુ કે વ્યક્તિમાં રહેલો અન્વય તે ઉર્દ્વતા સામાન્ય કહેવાય છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૪૦)**
પોતાની પ્રવૃત્તિમાં અત્યંત જાગૃત કે સાવધાન રહેવું. બીજાની પ્રવૃત્તિમાં આંધળા, બહેરા અને મૂંગા રહેવું. હંમેશા આત્માનંદમાં મસ્ત રહેનાર યોગી લોકોત્તર સમતાને પ્રાપ્ત કરે છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૭૪)**
મનુષ્યો પ્રાયઃ કરીને વિષયોને આપત્તિનું સ્થાન કહે છે, તો પણ હે કૃષ્ણ! શ્વાન, ગર્દભ અને બકરાની જેમ વિષયોને કેમ ભોગવે છે?

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૭૪)**
આત્મામાં રમણ કરનારા નિર્ગ્રન્થ મુનિઓ આયુના અંત સુખી નિષ્કામ ભક્તિ કરે છે. આવા પ્રકારના ગુણવાળો હરિ છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૭૪)**
પ્રમાદિના હૃદયમાં જેવી 'હું' એવા પ્રકારની ઉલ્ટી બુદ્ધિ હોય છે, તેવી ચિકણી કર્મ રજ ચોંટે છે, તેથી મન વિપરીત બુદ્ધિવાળું બને છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૮૦)**
જ્ઞાનીનું જ્ઞાન અને જ્ઞેય આ બંનેની અભેદ ભાવના એ જ શ્રીચક્ર પૂજન છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૨૦૫)**
તેમાં રહેલા ગુણની સત્ પ્રશંસાદિ તે ધર્મબીજનું વપન છે, ધર્મની વિચારણ કરવી તે અંકુરા સમાન છે અને ફલની સિદ્ધિ તે મોક્ષ છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૨૦૫)**
ચિંતા, સત્ શ્રવણ અને અનુષ્ઠાનથી જ મનુષ્યપણામાં સંપત્તિ પ્રાપ્ત થાય છે અને તે અનુક્રમે અંકુર, નાળ અને પુષ્પ સમાન કહેલ છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૨૦૫)**
માર્ગ, અવિપ્રણાસ, આચાર, વિનય, સહાયપણાંના પાંચ કારણો વડે હું પાંચ પ્રકારનો નમસ્કાર કરૂં છું.




ઉપર દર્શાવેલ ૧૧ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૪૮ - ૧૯૫૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## અરિહંતોનો ઉપકાર: માર્ગદર્શકપણું




અરિહંતો કેવળજ્ઞાન પામી મોક્ષમાર્ગને દેખાડે છે.
સર્વદિશામાં તેઓ કોઈ એક નિક્ષેપે તો હાજર છે જ.
માટે નમો અરિહંતાણં પદનાં જાપ કરવા.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in